દુનિયાભરમાં જેના પુસ્તકોની ૧૦૦ મિલિયન નકલો વેચાઇ છે

રયુહો ઓકાવા

Ryuho Okawa



આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક ગુરૂ

સફળ જીવનના રહસ્યો

The Laws of Success

NOW IN GUJARATI



JAICO

VISIT…

LANZAROTE Caliente.com

દુનિયાભરમાં જેના પુસ્તકોની ૧૦૦ મિલિયન નકલો વેચાઇ છે

રયુહો ઓકાવા

Ryuho Okawa



આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક ગુરૂ

સફળ જીવનના રહસ્યો

The Laws of Success

NOW IN **GUJARATI**



JAICO

સફળ જીવનના રહસ્યો

The Laws of Success



રયુહો ઓકાવા



જયકો પબ્લિશિંગ હાઉસ

અમદાવાદ બેંગલોર ભોપાલ ભુબનેસ્વર ચેન્નાઇ
દિલ્હી હૈદરાબાદ કલકત્તા લખનૌ મુંબઇ

પ્રકાશક
જયકો પબ્લિશિંગ હાઉસ
એ-2, જશ ચેંબર્સ, 7-એ સર ફિરોઝશાહ મહેતા રોડ
ફૉર્ટ, મુંબઇ - 400 001
jaicopub@jaicobooks.com
www.jaicobooks.com

આઈઆરએચ પ્રેસ કું. લિમિટેડ
2-10-14, અકાસાકા, મિનાટૉ-કુ,
ટૉક્યૉ, 107-0052, જાપાન
સાથેના સહયોગમાં પ્રકાશિત

THE LAWS OF SUCCESS
સફળ જીવનના રહસ્યો
ISBN 978-81-8495-451-7

અનુવાદઃ સ્વાતિ વસાવડા

પ્રથમ જયકૉ સંસ્કરણઃ 2013

અનુક્રમ

૨૦૦૪ની પ્રસ્તાવનામાંથી

ધ લૉઝ ઑફ સક્સેસ એ મારા વતન જાપાનમાં પ્રકાશિત થયેલી 'ધ લૉઝ' શ્રેણીનું નવમું પુસ્તક હતું. આઠમા પુસ્તક ધ લૉઝ ઑફ હેપીનેસનું જ્યાં સમાપન થયું હતું ત્યાંથી આ પુસ્તક શરૂ થાય છે. આ શ્રેણીમાં મેં આ પુસ્તકનો સમાવેશ એટલા માટે કર્યો છે કે તેમાં સફળતા અંગેના મારા સર્વગ્રાહી સિદ્ધાંતોનો સમાવેશ થઈ જાય છે, અને એમ કહેવામાં ખોટું પણ નથી કે સફળતાના વિષય પર અત્યાર સુધી મેં પ્રકાશિત કરેલાં પુસ્તકો પૈકી આ પુસ્તક અત્યંત સુસંગત છે.

આ પુસ્તકનો આધાર મારા અગાઉના એ મોડર્ન ફિલોસોફી ઑફ સક્સેસ – ધ એલિટ બિઝનેસમેન્સ બાઈબલ છે, જે મેં ૧૯૮૮માં અર્થાત હેપી સાયન્સની સ્થાપનાના બરાબર બે વર્ષ પછી જાપાનમાં પ્રકાશિત કર્યું હતું. તે સમયે મારી ઉંમર ૩૨ વર્ષ હતી અને મારી ખ્યાતિ ફેલાઈ રહી હતી. એ પુસ્તકનાં પ્રકાશનને ઘણાં વર્ષ વીતી ગયા છે છતાં તેમાં મેં જે કંઈ કહ્યું હતું તે આજે પણ એટલું જ પ્રસ્તુત છે. આ પુસ્તકે મને સફળતા અપાવી એટલું જ નહીં પરંતુ સમય પસાર થવા સાથે આ પુસ્તકની યોગ્યતા અને વ્યવહારુ જરૂરિયાત પણ પૂરવાર થઈ છે. પરિણામે પુસ્તકમાં જે સંદેશો છે તેની વૈશ્વિક અપીલ આજે વધારે સ્પષ્ટ બની છે. આ પુસ્તકના વિચારોની જેમ અમારી સંસ્થા પણ નવી ઊંચાઈઓ સિદ્ધ કરી રહી છે અને અગ્રીમ હરોળનો એક વૈશ્વિક ધર્મ બનવાની દિશામાં આગળ વધી રહી છે.

સફળતાના નિયમો શીર્ષક સૂચવે છે એમ અહીં વ્યક્તિગત અને સંગઠન માટે સફળતાના સિદ્ધાંતો અને નિયમોને મક્કમતાપૂર્વક રજૂ કરવામાં આવ્યા છે. તમે ૨૦થી ૩૦ વર્ષની વયજૂથમાં હશો અને આ પુસ્તક કાળજીપૂર્વક વાંચીને ધ્યાનમાં લેશો તો નોંધપાત્ર સફળતા હાંસલ કરી શકશો. તમારી ઉંમર ૪૦ વર્ષ કરતાં વધુ થઈ ગઈ હશે તો તમને કદાચ તક ગુમાવ્યાનો અફસોસ થશે, શક્ય છે થોડો ખેદ પણ થાય. છતાં આ પુસ્તકની મદદથી આગળ વધવાની તમારી પાસે હજુ તક છે. તમે કોઈ મેનેજમેન્ટ પોઝિશન પર, બિઝનેસના માલિક, પરિવારના આધાર સમાન કે પછી નાના બાળકને ઉછેરી રહેલી માતા હોવ તો આ બાબતો વધારે પ્રસ્તુત છે. સફળતા મેળવવા માટે હજુ પણ સમય છે.

મને એ વાતનું ગૌરવ છે કે ૩૨ વર્ષની ઉંમરે મેં આ શ્રેષ્ઠ પુસ્તક લખ્યું હતું અને તેની સાક્ષીએ મારો વિકાસ થયો છે. આ કામગીરી એક પ્રતિભાશાળી યુવાનના આત્મવિશ્વાસનું પ્રતિબિંબ છે. એ સમયે હું જે કંઈ હતો તેને કદાચ જો ફરી મળવાની તક મળે તો સંભવ

છે કે તેનાથી સ્હેજ ગભરાઈ જઉં, પરંતુ એ પણ એટલું જ સાચું છે કે એ યુવાનથી ઘણો પ્રભાવિત પણ થઈ જઉં.

હું આશા રાખું છું કે તમારા પ્રિય પુસ્તકોમાં આ પુસ્તક પણ સમાવેશ પામશે અને તમને વારંવાર વાંચવાનું મન થશે.

રયુહો ઓકાવા

સ્થાપક અને સીઈઓ

હેપ્પી સાયન્સ જૂથ

પ્રકરણ-૧

સફળતા મેળવવા માટે આપણી મથામણ

૧ સફળતાના નિયમો

આકર્ષક જીવન

આ પુસ્તક વાંચવામાં જેમને રસ પડ્યો છે એ દરેકે કોઈક તબક્કે તો પોતાની જાતને સવાલ કર્યો જ હશે કે, આ જીવનનો મતલબ શું છે. આ વિશે આપણે ગમે તેટલા ઊંડા વિચારો કર્યા હશે પરંતુ ક્યારેય જવાબ મળતો નથી, અને છતાં તેના વિશે જેટલો વધારે વિચાર કરીએ તેટલું વધારે જીવન અર્થપૂર્ણ બનતું હોય છે. ગહન ચિંતનને આધારે મેં પોતે એવું શોધી કાઢ્યું છે કે 'જીવન' શબ્દની આગળ આપણે કયું વિશેષણ મૂકીએ છીએ એ સૌથી અગત્યનું છે. તમારે જો તમારા પોતાના જીવનનું વર્ણન કરવાનું હોય તો કયું વિશેષણ વાપરશો? જેમ કે તમે 'જીવન'ની આગળ 'દુ:ખી' શબ્દ લગાવશો તો તેનાથી ઉદાસીની છાપ ઊભી થશે. એથી વિરુદ્ધ 'સંતુષ્ટ' શબ્દનો ઉપયોગ કરશો તો તમે ફૂલગુલાબી ચિત્રો સર્જી શકો છો. પણ જે લોકો સફળતાના માર્ગ પર ચાલવા માગતા હોય તેમને હું 'આકર્ષક' શબ્દનો ઉપયોગ કરવાની ભલામણ કરું છું. તેનું કારણ એ છે કે આકર્ષક જીવનની વિચારણા છેવટે સફળતા તરફ દોરી જાય છે.

આકર્ષક જીવન એટલે કેવું જીવન? સફળતાના વિષય પર ઘણાં બધાં પુસ્તકો વાંચ્યા પછી તમને એવી ગેરસમજ થઈ શકે કે સફળતા એટલે બીજા ઈર્ષા કરે એવું જીવન. પણ હું આ વાત સ્વીકારતો નથી. ઘણા વિચાર પછી હું એવા તારણ પર આવ્યો છું કે આકર્ષક જીવનનો આધાર કૂતુહલ અથવા બીજા લોકોની ઇર્ષા પર નથી. તો સવાલ એ ઉપસ્થિત થાય કે જીવન સાચા અર્થમાં આકર્ષક કેવી રીતે હોઈ શકે?

આકર્ષક જીવન માટે ત્રણ આધાર આવશ્યક છે: પહેલો વ્યક્તિસ્વાતંત્ર્ય, આપણા પ્રત્યેકનું જીવન કંઈક વિશિષ્ટ હોવું જોઈએ. જીવનના કેટલાક દાયકા એ રીતે કામ કરવું જોઈએ જે ખાસ આપણું જ હોય અને તેમાં માત્ર આપણી જ કહી શકાય એવી મૌલિકતા (ઓરિજિનાલિટી) હોવી જોઈએ. બીજો આધાર છે ખુશી; આપણું જીવન આનંદદાયક હોવું જોઈએ. જીવન દરમિયાન આપણે સાચા અર્થમાં ખુશ હોઈએ તે અગત્યનું છે. ત્રીજો આધાર છે આપણો ફાળો; સમાજને આપણે કંઈક નવું આપવું જરૂરી છે એટલું જ નહીં પરંતુ રચનાત્મકતા દ્વારા દુનિયાને કંઈક આપવું જોઈએ.

ઘણા લોકો એમ માને છે કે આ પૃથ્વી પર આપણને માત્ર એક જ જીવન મળ્યું છે, પરંતુ આપણને શાશ્વત જીવનના આશીર્વાદ મળેલા છે. આ વાત માનવજાતના સમગ્ર ઈતિહાસ દરમિયાન અનેક ધાર્મિક વડાઓએ કહી છે. આપણે એવા શાશ્વત આધ્યાત્મિક જીવ છીએ જે વારંવાર જન્મ લઈએ છીએ અને પ્રત્યેક સમયે ટૂંકા ગાળા માટે કોઈ શરીરમાં

રહીએ છીએ. મારા વાચકો પર આ તર્ક હું લાદવા માગતો નથી, પરંતુ એટલું નિશ્ચિત છે કે આ રીતે વિચારવાથી આપણા જીવન પર તેની અસર થશે અને તે વધુ અર્થપૂર્ણ બનશે.

તમારું જીવન અમૂક દાયકા પછી કાયમી નાશ પામશે એવું તમારે શા માટે માનવું જોઈએ? કુદરતી રીતે આપણે માત્ર એક જ જીવન જીવીએ છીએ એવી લાગણી તમને શા માટે થવી જોઈએ એ મને સમજાતું જ નથી. શું એવું નથી લાગતું કે આપણે એક શાશ્વત જીવન છીએ જેને કારણે આ દુનિયામાં આપણો સમય વધારે આકર્ષક બનશે? શું એવું નથી લાગતું કે શાશ્વત જીવનની શ્રદ્ધાને કારણે આપણે આપણા જીવનના વધારે અર્થ શોધી શકીએ? શું એવું નથી લાગતું કે આ માન્યતાને કારણે આપણે બીજા લોકોને ખાતર જીવવા આતુર હોઈએ?

એક ક્ષણ માટે શાશ્વત જીવનના દૃષ્ટિકોણથી વિચારો તો તમને તરત જ પૃથ્વી પર તમારા પ્રત્યેક જન્મ સમયે કંઈક શીખવાનું, અનુભવ કરવાનું અને સર્જન કરવાનું મહત્ત્વ સમજાશે. તમે અગાઉ અગણિત જીવન જીવી ચૂક્યા હોવ ત્યારે વર્તમાન જીવનમાં તમારે કંઈક અલગ સિદ્ધિ હાંસલ કરવી જોઈએ એવું તમને નથી લાગતું? મારી પાસે પણ એવું કંઈક નવું છે જે આ જીવનમાં હાંસલ કરવા માગીશ, અને તે એ છે કે વર્તમાન સમયના લોકો તેમના જીવનનો અર્થ અને હેતુ શોધી શકે તે માટે મદદ કરવા માગું છું.

આનંદી વ્યક્તિ

આકર્ષક જીવન જીવતા હોય એવા આમ તો ઘણા લોકો હશે, પરંતુ તેમાંથી સાવ જૂજ લોકોની પ્રશંસા કરું છું. આ જૂજ લોકો એવા છે જે વિનમ્રતા અને પ્રતિબદ્ધતા દ્વારા નિઃસ્વાર્થપણે આકર્ષક જીવન જીવે છે. જે લોકો આકર્ષક જીવન જીવે છે તે પૈકી એવા લોકોની સંખ્યા વધારે નથી હોતી જેમની આસપાસ રહેવાનું આપણને ગમે. કેવા લોકોને આનંદી વ્યક્તિ ગણી શકાય? કેવી આનંદી વ્યક્તિની સાથે રહેવું જોઈએ? તમારે શા માટે આનંદી વ્યક્તિ બનવા પ્રયાસ કરવો જોઈએ?

આનંદી વ્યક્તિ બનવા માટે બે માપદંડ છે: એક, તેમનાથી તમને માનસિક શાંતિ અને સ્વસ્થતા મળશે. માનસિક અશાંતિ અને લાગણીઓનો અતિરેક હોય ત્યારે આપણે ભારે વેદના અનુભવીએ છીએ. આથી આંતરિક સ્વસ્થતા સાથેના જીવનનું એક આગવું મૂલ્ય છે. આપણે તીવ્ર લાગણીઓમાંથી બહાર આવી શકીએ તથા એક સ્થિર સરોવરની સપાટીની જેમ આપણું મન શાંત રાખી શકીએ તો સાચા આનંદની અનુભૂતિ કરી શકાય.

બીજો માપદંડ એ છે કે, આનંદી વ્યક્તિઓ બીજાને કદી નુકસાન પહોંચાડતા નથી. તેઓ નુકસાનકારક વિચારો ધરાવતા નથી, એટલું જ નહીં પરંતુ તેમની કાર્યપદ્ધતિ પણ એવી નથી હોતી જે અન્યને નુકસાન કરે. આમ તો આપણે સૌ જાણતા હોઈએ છીએ, છતાં સજાગ રહી સમાજને નુકસાન કરનાર લોકોની સરખામણીમાં સાચા અર્થમાં આનંદી લોકોનું વર્તુળ વધારવું એ જ દુનિયાની પ્રગતિની ચાવી છે.

આ લાક્ષણિકતાઓને ધ્યાનમાં રાખવાની સાથે એવો સવાલ કરવાનું પણ એટલું જ અગત્યનું છે કે આવા લોકો બીજાને નુકસાન કર્યા વિના પણ કેવી રીતે જીવન પસાર કરી શકે છે. એક કારણ એ છે કે તેઓ અંગત ગમા-અણગમાથી દૂર રહી શકે છે. બીજા શબ્દોમાં કહું તો, અન્ય લોકો સાથે વાતચીત કરતી વખતે ઘણીવાર આપણને એવું લાગતું હોય છે કે આપણા વિચારો આગળ વધારવામાં નથી આવતા અથવા તેનો સ્વીકાર નથી થતો. પરિણામે આપણે મતભેદોમાં સરી પડીએ છીએ. પરંતુ આનંદી લોકો આવી સ્થિતિને સાહજિતકાથી સંભાળી લે છે. મનદુખ થાય એવા સંજોગોમાં તેઓ સ્થિરતાપૂર્વક વર્તન કરીને નકારાત્મક લાગણીઓને હાવી થવા દેતા નથી. આમ, મને લાગે છે કે આ લોકોમાં જે હકારાત્મક અભિગમ હોય છે તે જીવનને સરળ બનાવવાના પરિબળો પૈકી એક છે.

આનંદી વ્યક્તિ બનવા માટે એક ચોક્કસ પ્રકારની માનસિકતા હોવી જરૂરી છે અને એ છે રોજેરોજ બીજા લોકો પ્રત્યે કૃતજ્ઞતા દાખવવી. જીવન આમ ભલે લાંબું લાગતું હોય,

પણ હકીકતમાં તો એ રોજિંદા જીવનનો સરવાળો જ છે. પ્રત્યેક દિવસ નિઃસ્વાર્થપણે જીવવો હોય તો દરેક દિવસ જીવનનો છેલ્લો દિવસ છે એ રીતે જીવવું જરૂરી છે, જ્યાં રોજિંદા પ્રશ્નોનો એ જ દિવસે નિકાલ કરવો અને તેનો કોઈ ભાર કે નકારાત્મક લાગણી બીજા દિવસ સુધી ન લંબાવવી. આ રીતે નિઃસ્વાર્થપણે જીવવાનું આવશ્યક છે. ઘણા દિવસો કે વર્ષો પહેલાં બનેલા કોઈ બનાવનો નકારાત્મક ભાર લઈને નિઃસ્વાર્થપણે આગળ વધવાનું તમારા માટે મુશ્કેલ બની શકે. આપણા જીવનમાં એક મુખ્ય પડકાર હોય છે, અને તે એ કે જીવન દરમિયાન આવતા અવરોધોને પાર કરવા અને એ દરેક સંજોગોમાં સ્વસ્થતા રાખવી.

૩ સફળતાના નિયમો

ગાઢ પ્રેમ

સફળતાના વિષય પર આપણે તાર્કિક ચર્ચા કરતા હોઈએ ત્યારે, મને લાગે છે કે તેમાં 'દયાભાવ પ્રેરિત પ્રેમ'ના મહત્ત્વનો સમાવેશ કરવો જ જોઈએ. સફળ થયેલા અસંખ્ય લોકો વિશે મેં વાંચ્યું છે અને સફળતા કેવી રીતે મળે તે અંગેના ઢગલાબંધ પુસ્તકો પણ વાંચ્યાં છે, પરંતુ તેમાં પ્રેમ વિશે સાવ જૂજ ઉલ્લેખ જોવા મળે છે. મને લાગે છે કે સફળતાના કોઈપણ સ્વરૂપમાં પ્રેમને ધ્યાનમાં લેવામાં ન આવે તો તેમાં છીછરાપણું રહી જાય છે અને જે લોકોની સાચી સફળતાનો આધાર તેમનામાં દયાભાવ પ્રેરિત પ્રેમભાવ છે કે નહીં તેના પર છે.

તમે ખૂબ ધન કમાયા હોવ, કે તમે બિઝનેસ વિસ્તાર્યો હોય કે પછી તમારો સામાજિક દરજ્જો વધાર્યો હોય તેને સફળતા કહેવાય તેમ હું માનતો નથી. અલબત્ત, આ સિદ્ધિઓને હું ઓછી નથી આંકતો, આ બાહ્ય પ્રગતિ જરૂરી છે,પરંતુ તે સાથે મને લાગે છે કે તમે સાચા અર્થમાં સફળ છો એવું ત્યારે જ કહી શકો જ્યારે તમારા હૃદયમાં દયાભાવ પ્રેરિત પ્રેમની જ્વાળા પ્રજ્વલિત હોય. પ્રેમ વિનાની સફળતાને સાચી સફળતા કહી જ ન શકાય.

દયાભાવપ્રેરિત પ્રેમ જેમનામાં ન હોય તેઓ બીજાઓને ખુશ રાખવાનો અર્થ સમજી શકતા નથી, એટલું જ નહીં પરંતુ એક આનંદી સમાજની રચનામાં ફાળો આપવાનો અર્થ પણ તેઓ સમજતા નથી. જેઓ બીજાને ખુશ નથી કરી શકતા તેઓ પોતે કેવી રીતે ખુશી મેળવી શકે? તેઓ કઈ સફળતા હાંસલ કરી શકે? માની લો કે તમે ધન અને સામાજિક દરજ્જાની બાબતમાં સફળતા હાંસલ કરી છે, છતાં તમારી આસપાસના લોકો દુઃખ અને પીડા અનુભવતા હોય ત્યારે આવી સફળતા હાંસલ કરવાનો શો અર્થ? હું માનું છું કે તમે જ્યારે પણ તમારી પોતાની સફળતા વિશે વિચારતા હોવ ત્યારે તમારામાં પ્રેમની આવી ભાવના હોય એ ઘણું અગત્યનું છે. શ્રેષ્ઠ બાબત તો એ છે કે તમે સફળતાના માર્ગે હોવ ત્યારે દયાભાવપ્રેરિત પ્રેમ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રેરણા આપો અને ખુશ કરી દો.

'દયાભાવ પ્રેરિત પ્રેમ' એટલે ખરેખર શું? 'દયાભાવ પ્રેરિત પ્રેમ'ની વ્યાખ્યા શું કરશો? તેનો અર્થ સમજાવવા માટે અહીં કેટલાક મુદ્દા રજૂ કરું છું:

સૌ પ્રથમ, 'દયાભાવ પ્રેરિત પ્રેમ' એટલે તમારી આસપાસના લોકોમાં ઊંડો રસ લેવો. સફળ થયેલા લોકોનું એક સર્વસામાન્ય લક્ષણ એ હોય છે કે તેઓ બીજા લોકોમાં શાશ્વત રસ લેતા હોય છે. આથી વિરુદ્ધ, જે લોકો બીજાને સમજવા જરા પણ પ્રયાસ નથી કરતા

તેમનામાં 'દયાભાવ પ્રેરિત પ્રેમ'નો સદંતર અભાવ હોય છે. માનવજાતને સાચી રીતે ચાહવા માટે વધુ ને વધુ લોકોમાં ઊંડો રસ લેવાનું જરૂરી છે.

બીજું, પોતાની જાત બાબતે ઊંડી સમજ હોય એ આવશ્યક છે. જ્યાં સુધી તમારા પોતાની અંદર નહીં જૂઓ અને તમારામાં જે કંઈ સારું છે તેને નહીં સમજો ત્યાં સુધી પ્રેમનો સાચો અર્થ સમજવાનું શક્ય નથી. તમારા હૃદયના ઊંડાણમાં રહેલા તમારા આત્મા અને પ્રેમને નહીં ઓળખો ત્યાં સુધી દયાભાવ પ્રેરિત પ્રેમનો અર્થ તમને નહીં સમજાય. તમે પોતે આ સરસ વ્યક્તિને - અર્થાત તમારી પોતાની જાતને નહીં સમજો ત્યાં સુધી પ્રેમને નહીં સમજી શકો.

બીજા શબ્દોમાં, જે લોકો પોતાની ખુબીઓ અને ખાસિયતો સમજવામાં નિષ્ફળ જાય તેઓને બીજા લોકોમાં રહેલી આવી બાબતો સમજવામાં ઘણી મુશ્કેલી પડે છે. તમારી પોતાની અંદર કંઈક શ્રેષ્ઠ છે એ તમારું હૃદય જ્યારે જોઈ શકશે ત્યારે જ તમે એવી ઉદારતાથી બીજામાં રહેલા સારા પાસાં જોઈ શકશો અને તેમના એ ગુણ માટે તેમના સાચા અર્થમાં પ્રેમ કરી શકશો.

ત્રીજું, તમારા પ્રેમની ક્ષમતા વિસ્તારવાની હંમેશા ઇચ્છા રાખવી ઘણું મહત્ત્વનું છે. હું માનું છું કે પ્રેમ જ પ્રગતિ અને સફળતા તરફ દોરી જાય છે. બીજા માટે તમે તમારા પ્રેમના સંદર્ભમાં વિચારો ત્યારે તેને કોઈ નાની સિદ્ધિઓ પૂરતો મર્યાદિત ન કરી દેશો. તમારી જાતના ઉમદા પાસાંને શોધવાનો પ્રયાસ ચાલુ રાખો અને બીજા લોકો સાથેના સંબંધમાં કોઈક નવી શ્રેષ્ઠ બાબતનું સર્જન કરવા મથામણ કરો. માનવજાત સાથે ઉમદા સંબંધ વિકસાવો, તેમાં રહેલા તમામ શ્રેષ્ઠ લોકોને શોધો, બીજા લોકો સારી રીતે વિકસી શકે તેવું કરો તથા બીજા લોકો માટે તમારો 'દયાભાવ પ્રેરિત પ્રેમ' વિસ્તારવાનું કદી બંધ ન કરશો.

૪ સફળતાના નિયમો

‘શાશ્વત’ નો અનુભવ કરવો

મેં કહ્યું એમ, જે વ્યક્તિ સમાજ પ્રત્યે અત્યંત દયાભાવપૂર્વક અને તદ્દન નિઃશ્વાર્થભાવે જીવે તેના જીવનને સફળ ગણાવી શકાય. સફળતા માટે શું આવશ્યક છે એ અંગે આ વિભાગમાં હું નવેસરથી ચર્ચા કરવા માગું છું. આ બાબતે વિચાર કરતાં મને જણાયું કે એક એવું તત્વ છે જેની ઉપેક્ષા ન થઈ શકે - આ તત્વ ’શાશ્વત‘નો અનુભવ કરવાથી આવે છે.

વ્યક્તિએ કેવા પ્રકારનું કામ પૂર્ણ કર્યું છે, અથવા તેણે કેવા પ્રકારની ક્ષમતા હાંસલ કરી છે, કે પછી કેવા પ્રકારના સંબંધો કેળવ્યા છે તેનાથી ખાસ કોઈ ફેર પડતો નથી. જીવનમાં કોઈક તબક્કે વ્યક્તિએ ’શાશ્વત‘નો અનુભવ કર્યો ન હોય તો એવી વ્યક્તિના વિચારો છીછરા રહેવાની સંભાવના છે. આથી જ, સફળતાના સાચા અર્થની આપણી ચર્ચામાં ’શાશ્વત‘ના તત્વને ધ્યાનમાં લેવાનું આવશ્યક છે.

કામગીરીની ચર્ચા કરતી વખતે પણ, તમે સફળતાનો દાવો કરવા માગતા હોવ તો તમારી એ કામગીરીમાં કોઈ ને કોઈ તબક્કે તમે ’શાશ્વત‘નો અનુભવ કર્યો હોય એ અગત્યનું છે. તમે તમારી કામગીરી બાબતે ગમે તેટલા ઉત્સાહી હોવ આમ છતાં તમને ’શાશ્વત‘નો અનુભવ થયો ન હોય તો એ ‘સફળતા’ છીછરા પ્રકારની જ રહેશે. તમે તમારી અંગત ખુશીને સફળતા સાથે જોડી શકો પરંતુ ’શાશ્વત આનંદ‘ના અનુભવ વિના સફળતા અંગેની તમારી લાગણીમાં ઊંડાણ અને ટકાઉપણું નહીં હોય.

’શાશ્વત‘નો અનુભવ કરવાનું સરળ ન પણ હોઈ શકે. ‘શાશ્વત’ તત્વનો અનુભવ કંઈ વારંવાર નથી થતો, વળી એ એવું તત્વ પણ નથી જે પ્રયાસ કરવાથી અનુભવી શકાય, પણ આ એક એવી ક્ષણિક લાગણી છે જેને તમે તમારી કામગીરીમાં પૂરી શ્રદ્ધાપૂર્વક ડૂબેલા હોવ ત્યારે અનાયાસે જ અનુભવતા હોવ છો. આ સંજોગોમાં જો કંઈ મહત્ત્વનું હોય તો તે તમારા પ્રયાસોનો હેતુ અથવા ધ્યેય છે.

’શાશ્વત‘ની હું વાત કરું છું ત્યારે ખરેખર શું કહેવા માગું છું એ તમને સમજાવું. હું જ્યારે પણ ‘શાશ્વત’ શબ્દનો ઉપયોગ કરું છું ત્યારે ‘ઈશ્વર’ શબ્દથી ઘણો નજીક છે. આપણે શાશ્વતમાંથી જન્મ્યા છીએ અને તેમાં જ પરત જઈશું. આ નશ્વર દુનિયામાં માનવનું શારીરિક અસ્તિત્વ છે અને તે પોતાના હેતુઓ પૂર્ણ કરવા મથામણ કરે છે, જ્યારે બરાબર એ જ સમયે તે અનંત વિશ્વમાં પણ આધ્યાત્મિક અસ્તિત્વ ધરાવે છે. પરિણામે જીવન દરમિયાન આપણે અમુક પ્રકારના દુઃખ અને ખાલીપણાનો અનુભવ કરીએ છીએ તે સ્વાભાવિક છે. આ નશ્વર દુનિયામાં આપણે આપણી જાતને અનંતરૂપે હયાત જોઈ શકતા

નથી કે નથી એવું કોઈ સર્જન કરી શકતા જે શાશ્વત હોય. આ સંજોગોમાં માનવે કોઈ હેતુ માટે શું કરવાની જરૂર છે?

હું મુખ્ય મુદ્દાને બાજુ પર રાખીને અન્ય એક વિષયની વિચારણા કરવા માગું છું. આ વિષય ‘શાશ્વત’ જેવો જ છે અને તે ‘અમરત્વ’ તરીકે ઓળખાય છે. આપણે ક્યારેય મરતા નથી એવી એક ધારણા છે. કાળનો પ્રારંભ થયો ત્યારથી માનવજાત ‘ચિરંજીવી’ થવા માગે છે અને તે માટે મથામણ કરે છે. માનવજાતની સૌથી મૂળભૂત ઇચ્છાઓ પૈકી આ એક છે અને એ કારણે જ તે વિશાળકાય ઈમારતો, ભવ્ય સ્મારકો ઉભા કરે છે અને શૈક્ષણિક ક્ષેત્રમાં અસાધારણ સિદ્ધિઓ મેળવે છે જે વગેરે તેના પુરાવા છે. ‘ચિરંજીવી’ થવાની આ મહેચ્છા શારીરિક જીવનની છે, તે સમય અને સ્થળમાં બંધાયેલી છે, અને આવી તિરસ્કૃત જેલમાંથી નીકળીને તે દૂરના વિશ્વમાં પહોંચી જવા માગે છે. જે લોકો ’શાશ્વત‘નું ધ્યેય રાખે છે પણ તે મેળવી શકતા નથી તેઓ તેમના તમામ પ્રયાસો છેવટે ‘અમરત્વ મેળવવા’ તરફ વાળી દે છે.

આ બાબતનું શ્રેષ્ઠ ઉદાહરણ વ્યવસાય ક્ષેત્રમાં સમૃદ્ધિનું છે. બિઝનેસ એ ચિરંજીવી થવાની માનવીય ઇચ્છાનું પ્રતિબિંબ છે એ વાત એટલા પરથી જ સ્પષ્ટ થઈ જાય છે કે અનેક લોકો આશા રાખે છે કે તેમની કંપની ક્યારેય બંધ ન થાય, તે હંમેશ માટે ચાલુ રહે. તેમને વિશ્વાસ હોય છે કે આ રીતે કંપનીનો વિકાસ થતો રહેશે. આમ માનવજાત પોતે ક્યારેય નાશ નહીં પામે એ શોધવાની મથામણમાં ઘણીવાર ’શાશ્વત‘ના સ્થાને ’ચિરંજીવીપણા‘ને ગોઠવી દેતી હોય છે.

જો કે, સફળતા માટેના આપણા પ્રયાસોમાં આપણા માટે ’શાશ્વત‘નો અનુભવ કરવાનું વધારે મહત્ત્વનું છે. અનંત એ એક એવું વિશ્વ છે જ્યાં મોટાભાગની માનવજાત માટે અશક્ય છે, બીજા શબ્દોમાં એવું કહી શકાય કે તે માનવીય સમજથી પર છે. આ જ કારણે ’શાશ્વત‘નું એક ચોક્કસ મૂલ્ય છે. તેનું સ્થાન કોઈ લઈ શકતું નથી. આથી હું માનું છું કે આપણે ’શાશ્વત‘નો અનુભવ કરીએ ત્યારે જ સફળતા મળી શકે છે.

અત્યાર સુધીમાં આપણે ‘સફળતા’ વિશે ઘણા વિષયોની ચર્ચા કરી અને તેના આધારે એવું તારણ કાઢી શકાય કે, મારા મતે સાચી સફળતા એટલે –

સફળતા એ નિરંતર સુધાર છે.

સફળતા એ નિરંતર પ્રગતિ છે.

સફળતા એ નિરંતર ઉત્સાહ છે.

સફળતા એ નિરંતર હિંમત છે.

સફળતા એ નિરંતર પ્રયાસ છે.

સફળતા એ નિરંતર મૂલ્ય છે.

‘સફળતા’ શબ્દની હું આ રીતે વ્યાખ્યા કરવાનું પસંદ કરીશ.

સફળતા શું છે?

સફળતા વિશે વિચાર કરું ત્યારે એક વાત મને હંમેશા યાદ આવે છે એ હું તમને કહેવા માગું છું:

ખૂબ દૂરના દેશમાં એક ગામ હતું. એક દિવસ એક ગરીબ પ્રવાસી ત્યાં આવી પહોંચ્યો અને પૂછપરછ કરી, "શું આ ગામમાં કોઈ સારી નોકરી છે? નોકરી એવી હોવી જોઈએ જે મને સફળતા અપાવે. એવું કશું હોય તે મહેરબાની કરીને મને જણાવો."

આ આગંતુક આખા ગામમાં ફર્યો અને જે સામે મળે તેને આ સવાલ કરે.

પરંતુ ગામવાસીઓ તેના આ સવાલથી મુંઝવણમાં મૂકાયા. તેમણે આગંતુકને પૂછ્યું, "તમે કઈ સફળતાની વાત કરો છો?" સારી નોકરી એટલે કેવી? અમને તમારી વાત સમજાતી નથી. અમે દરરોજ સવારે સૂર્યોદય સાથે જાગીને અમારા ખેતરમાં જઈએ છીએ. ત્યાં ખોદકામ કરીએ છીએ, પાણી પાઈએ છીએ, ખાતર નાખીએ છીએ અને પાક ઊગાડીએ છીએ. સૂર્યાસ્ત થતાં અમે ઘરે પરત આવીને ભોજન લઈ પરિવાર સાથે મજા કરીએ છીએ અને પછી સૂઈ જઈએ છીએ. આ અમારો રોજિંદો ક્રમ છે. અમે સફળતા વિશે વિચાર કરવા ક્યારેય રોકાયા નથી કે પછી એવું પણ વિચાર્યું નથી કે કેવા પ્રકારની નોકરી સફળતા અપાવશે. આ બધું શું છે તે અમને જણાવો."

આગંતુકે દરેકને એક સરખો જવાબ આપ્યો, "સફળતા એટલે એવી બાબત જે જોઈને અન્ય લોકો તમારી ઇર્ષ્યા કરે. એ એવી સ્થિતિ છે જેમાં તમારી આસપાસના લોકો તમને જોઈને કહે, "આ માણસે સરસ કામ કર્યું છે."

ગામવાસીઓ એકત્ર થયા અને આગંતુકે કહેલી વાત પર થોડા સમય સુધી ચર્ચા કરી. તેઓ એક તારણ પર આવ્યા અને તેને જણાવ્યું, "માફ કરજો, પરંતુ તમે જે સફળતાની વાત કરો છો તે અહીં નથી. અમે આ અંગે ચર્ચા કરી અને લાગ્યું કે તમે જે ઇચ્છો છો તે સફળનગરીમાં મળી શકે. પણ એ અહીંથી ઘણું દૂર છે. તમારે ત્યાં પહોંચવા માટે પેલા દૂર દેખાતા પર્વતોની પાછળ જવું પડશે."

ગામવાસીઓએ પ્રવાસીને આ સલાહ આપી અને એ તો પર્વતની પેલે પાર જવા ચાલી નીકળ્યો.

પ્રવાસ ખરેખર ઘણો મુશ્કેલ હતો. ક્યાંક સીધા અને ક્યાંક ખડકાળ ચઢાણો પાર કરવા પ્રવાસીને ઘણો સંઘર્ષ કરવો પડ્યો. જંગલી કૂતરા તેની સામે ભસતાં અને રાત્રે તો તેને આ બધાની બીક પણ લાગતી, દિવસે તેને ધોમધખતા તડકાનો સામનો કરવો પડ્યો. રાત્રે ઠંડી ધ્રૂજાવી દેતી અને આ બધા વચ્ચે ભૂખ્યા રહેવું પડતું હતું તે અલગ. આમ છતાં તેણે પ્રવાસ ચાલુ રાખ્યો. ગામવાસીઓએ તેને જે નગરની વાત કરી હતી ત્યાં પહોંચ્યો તે પહેલાં તેણે અનેક પર્વત અને ઝરણાં પસાર કર્યાં.

અને એ ગામ કેવું હતું –આધુનિક, સુંદર જાણે સફળતાનું ચિત્ર જ જોઈ લો. થાકીને લોથ થઈ ગયેલો આ મુસાફર તો ઉત્સાહથી ઉછળી પડ્યો. તેને ખાતરી થઈ ગઈ કે આ ગામમાં તેને સફળતા મળશે. ગામમાં પ્રવેશીને તેણે મેયરને મળવા વિશે પૂછપરછ કરી. તેને લઈ જવામાં આવ્યો. મેયર પહેલી નજરે જ અતિ સમૃદ્ધ દેખાતા હતા, તંદુરસ્ત શરીર, હળવી દાઢી અને ભપકાદાર વસ્ત્રો તથા સંપત્તિની છાપ તેમના સમગ્ર વ્યક્તિત્વમાં છલકાતી હતી. તેમણે મુસાફરને બેસવા જણાવ્યું અને થોડી ક્ષણ સુધી તેનું નિરીક્ષણ કર્યું.

પછી તેમણે કહ્યું, “આ ગામ સફળનગરી કહેવાય છે અને અહીં માત્ર એવા લોકોને પ્રવેશ મળે છે જે સફળ થયા હોય. જેમણે સફળતા ન મેળવી હોય તેમને અંદર આવવા દેવાતા નથી. તમને જોઈને હું કહી શકું કે તમારી પાસે નાણાં નથી, તમારાં કપડાં ચૂંથાયેલા અને મેલાં છે અને તમે થાકી ગયેલા લાગો છો. તમારા જેવી વ્યક્તિને આ ગામમાં પ્રવેશ નહીં આપી શકું.”

આટલું સાંભળીને ગભરાઈ ગયેલા પ્રવાસીએ કહ્યું, “મેયરસાહેબ, હું અહીં સફળ થવા માટે આવ્યો છું. મેં સફળતા મેળવી લીધી છે કે નહીં તેનો ખરેખર કોઈ અર્થ નથી. મુદ્દો એટલો જ છે કે હું અહીં સફળ થાઉં.”

મેયર તેની સામે તાકી રહ્યા, પછી બોલ્યા, “બરાબર છે, તો પછી તમે સફળતા કેવી રીતે મેળવશો એ મને જણાવો. તમારી પાસે યોગ્ય કપડાં નથી, તમે કેટલાય દિવસથી ભોજન લીધું હોય એવું લાગતું નથી અને આરામ કરવા માટે પણ તમારી પાસે કોઈ જગ્યા હોય એવું લાગતું નથી. તમારી પાસે નાણાં નથી અને કોઈ પરિચિત પણ નથી ત્યારે તમે અહીં સફળતા મેળવવાની વાત કેવી રીતે કરી શકો?”

પ્રવાસી તો ચૂપચાપ બેસી રહ્યો ત્યારે મેયર આગળ બોલ્યા, “હું જાણું છું કે સફળનગરી પહોંચવા માટે તમે પર્વતો વટાવીને આવ્યા છો, આથી અહીં પહોંચતા પહેલાં તમે અન્ય એક ગામમાંથી પસાર થયા જ હશો. ત્યાંના લોકો અત્યંત સંતુષ્ટ

જીવન જીવે છે. મારી વાત બરાબર છે ને? તમે એ લોકો પાસેથી કશું શીખ્યા નહીં? તમે એ ગામમાં પહોંચ્યા ત્યારે તમે શું વિચાર્યું હતું?"

પ્રવાસીએ જવાબ આપ્યો, "એ સાચું કે એ ગામના લોકો ખુશ જણાતા હતા, પરંતુ તેઓ સફળતા પ્રત્યે ઉત્સાહી નહોતા લાગતા. તેથી મેં ધારી લીધું કે ત્યાં સફળતા નહીં મળે અને એ કારણે હું પર્વતો પાર કરીને અહીં આવ્યો. મહેરબાની કરીને મને અહીં તક આપો."

મેયરે કહ્યું, "જૂઓ, જે પોતાની સાથે દુઃખ લઈને આવે તેમને સફળ લોકો ક્યારેય આવકારતા નથી. જેમની તેઓ પ્રશંસા કરી શકે, જેમણે પોતાની મેળે સફળતા હાંસલ કરી હોય તેવા લોકોને જ સફળ લોકો મળવા માગતા હોય છે. જેમનાથી પોતાનું જીવન ગરીબ થાય એવા લોકોને સફળ લોકો મિત્ર બનાવવા માગતા નથી. તમે ગંભીર ભૂલ કરી છે. તમે આ સમુદાયના સભ્ય બનવા માગતા હતા તો તમે જે ગામમાંથી પસાર થયા ત્યાં રહીને પહેલાં ધનિક થવું જરૂરી હતું. જો તમે પૂરતું નામ કમાયા હોત, શ્રેષ્ઠ વસ્ત્રો પહેર્યાં હોત, તંદુરસ્ત થયા હોત અને અહીં આવ્યા ત્યારે સમગ્ર વ્યક્તિત્વમાં સફળતા દેખાતી હોત તો અમારી સાથે તમને સામેલ કરવામાં અમને આનંદ આવત."

"આમ છતાં, તમે રાતોરાત સફળતા મેળવવા માગો છો. એક વ્યક્તિ તરીકે તમારી પાસે અપેક્ષિત પ્રયાસો કરવા તમે તૈયાર નહોતા. આ રીતે સફળતા મેળવવાનો વિચાર કરવાનો મતલબ એ છે કે તમે એ ઊંચો પર્વત એક જ દિવસમાં ચઢી જવા માગો છો. તમારે રોજેરોજ પ્રયાસ કરીને તમારા જીવનને સફળ બનાવવું જોઈએ, અને એ રીતે તમે ખુશી મેળવો ત્યાર પછી જ ઊંચા ઈનામની અપેક્ષા રાખી શકો. જીવનનો અર્થ આ છે અને એ તમારે સમજવો પડે. હાલના તબક્કે આ ગામમાં હું તમને સ્થાન આપી શકું એવું મને લાગતું નથી."

અને આ સાથે એ પ્રવાસીને ગામની સરહદની બહાર મૂકી આવવામાં આવ્યો.

આ વાર્તાનો જે સાર છે તેનો વારંવાર પુનરોચ્ચાર થવો જરૂરી છે; સફળ નગરીમાં રહેતા લોકો માત્ર એમને જ આવકારે છે જેઓ સફળ હોય. જે સફળ નથી તેઓ આવકાર્ય નથી. આશા છે તમે આ યાદ રાખશો. આ વાર્તાનો બોધ એ છે કે સફળતા રાતોરાત નથી મળતી. પણ વર્ષો સુધી પ્રતિબદ્ધતા સાથે મહેનત કરવી પડે છે.

પહેલાં તો સફળતા મેળવવા કરતાં વાસ્તવિક ધ્યેય નિર્ધારિત કરો, તે હાંસલ કરવા સખત મહેનત કરો અને સફળતાની નજીક પહોંચી જાવ, ત્યાર પછી જ તમે મોટાપાયે સફળતા મેળવવા સજ્જ થઈ શકશો. તમે તમારી આસપાસના વર્તુળમાં ખુશી મેળવવા સક્ષમ નહીં હોવ તો ઉપરની વાર્તામાં પ્રવાસીની જે સ્થિતિ છે તેના કરતાં અલગ સ્થિતિ

તમારી નહીં હોય. અભ્યાસ કે કામગીરી વિના આખો દિવસ બેસી ન રહો. એક દિવસ એકાએક કંપનીના પ્રમુખ બની જવાનું કે એકાએક સમૃદ્ધ બની જવાનું સ્વપ્ન ન જોશો. સફળનગરીના લોકો તમને ક્યારેય તેમની નજીક નહીં આવવા દે. આશા રાખું છું કે આ વાત તમે હંમેશા યાદ રાખશો.

પ્રકરણ-૨

સફળતાની શરતો

૧ સફળતાના નિયમો

આત્માનો આનંદ

અહીં હું તમને સફળતા માટેની કેટલીક પૂર્વશરતો જણાવવા માગું છું. આ ચર્ચા શરૂ કરતાં પહેલાં આત્માના આનંદ વિશે વાત કરવી જોઈએ. આત્માના આનંદ વિના સફળતા શક્ય નથી એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. આ આનંદ હૃદયના સૌથી ઊંડાણમાં ઊભરાતો હોય છે. તમે ઉત્સાહથી ઊછળી ન પડો ત્યાં સુધી એ તમારા આખા શરીરમાં ફેલાતો રહે છે. આ પ્રકારના આનંદને સફળતાનો આનંદ કહેવાય. એને આત્માનો આનંદ પણ કહી શકાય.

કેટલા લોકોએ તેમના જીવનમાં આવા આનંદની અનુભૂતિ કરી હશે તે મને ખ્યાલ નથી. કેટલા લોકોએ આત્માનો આનંદ અનુભવ્યો છે? મોટાભાગના લોકો એક જ પ્રકારની ઘરેડમાં જીવ્યા કરતા હોય છે, અને આ વાતની તેમને ખબર જ નથી હોતી. આનંદ-પ્રમોદ માટે તેઓ મોટેભાગે ફિલ્મ, નાટક અથવા રમત ગમત તરફ નજર દોડાવે છે. આને કારણે તેમનું જીવન કૃત્રિમ બની જાય છે જ્યાં તેઓ જીવનના સાચા અર્થ અને આનંદથી વંચિત રહે છે. આત્માને ઝંઝોળી દેનાર આનંદનો કદી અનુભવ ન કર્યો હોય તેવા લોકો માટે આવું સ્વાભાવિક છે, પરંતુ આત્માના ઊંડાણમાંથી મળતા આનંદનો અનુભવ કરી ચૂકેલા લોકો માટે બાહ્ય ભૌતિક ખુશીનું ખાસ મહત્ત્વ હોતું નથી.

વાચન દ્વારા મળતા આનંદની બાબતમાં પણ આવી જ પરિસ્થિતિ છે. મેં પુષ્કળ પુસ્તકો વાંચ્યાં છે, પરંતુ ખરેખર સારું પુસ્તક હાથમાં આવે ત્યારે તેની સામે અન્ય પુસ્તકો ઝાંખા પડી જાય છે. આવો અનુભવ મને ઘણી વખત થયો છે અને એ મારા આત્માને મોહિત કરી દે છે. આનંદની આવી અનુભૂતિ ઘણો લાંબો સમય ટકી રહેતી હોય છે. આ માટે મેં એક સૂત્ર પણ બનાવ્યું છે.એન એન્કાઉન્ટર વીથ અ બુક - પુસ્તક સાથે સંવાદ. આવા પ્રકારના સાહિત્યિક સંવાદનો અનુભવ કરવા માટે સેંકડો પુસ્તકો વાંચવા જરૂરી છે. સાચા અર્થમાં સારા પુસ્તકનો અનુભવ કરવો હોય તો તમારે સેંકડો પુસ્તકો પર કાંતો નજર નાખી જવી પડે અથવા વાંચવાં પડે. તમે પ્રયાસ ચાલુ જ રાખો તો છેવટે આવો અનુભવ થાય જ છે.

હકીકત તો એ છે કે આવા અનુભવોને કારણે જ હું પુસ્તકો લખવા પ્રેરાયો છું. લેખક બન્યો તે પહેલાં મારા પ્રિય વિષય - મન - અંગે જે કંઈ મળે તે વાંચતો અને હજુ પણ એ વિષયનાં પુસ્તકો વાંચવાનું ચાલુ જ છે. હું એક પછી એક પુસ્તક વાંચતો જતો અને મારી સમજણ વધુ ને વધુ ઊંડી કરતો જતો. જો કે, મને સંપૂર્ણ સંતોષજનક લાગ્યાં હોય, સંપૂર્ણ વિશ્વાસપાત્ર લાગ્યાં હોય એવાં તો માત્ર જૂજ પુસ્તકો જ છે.

સાચું કહું તો વિખ્યાત આંતરરાષ્ટ્રીય પુસ્તકોમાંથી પણ મને અસર કરી શક્યાં હોય એવાં પુસ્તકોની સંખ્યા સાવ જૂજ છે. મને એ વાતનો વિચાર આવતો કે શું આનું કારણ એ પુસ્તકો અન્ય ભાષામાંથી અનુવાદિત થયાં છે એ હશે કે પછી અન્ય કોઈ કારણ હશે. જો કે, મને સમજાયું કે આનું કારણ માત્ર એટલું જ છે કે લેખક જે તે વિષયને ઊંડાણથી લખવામાં નિષ્ફળ ગયા છે. પુસ્તકો ખરેખર ઉપયોગી હોય, આત્માને સાંત્વન આપે - તેનો વિકાસ કરે એવાં વધુ ને વધુ પુસ્તકો હોવાં જોઈએ એવું મને ઘણીવાર લાગ્યું છે. આમ, સારાં પુસ્તકોની શોધમાં મેં સતત વાંચવાનું ચાલુ રાખ્યું છે.

અલબત્ત, એક દિવસ મને નવો જ વિચાર આવ્યો. મેં પુસ્તકો શોધવાને બદલે જાતે જ પુસ્તક લખવાનો નિર્ણય કર્યો. હું ખરેખર જે પ્રકારનાં પુસ્તકો વાંચવા માગું છું એ પ્રકારનાં હું જ લખી શકું. હું જે કંઈ શોધી રહ્યો હોઉં તે બીજાના લખાણમાં ન મળે તો મારા પોતાના વિચારો મારે પુસ્તકમાં ઉતારવા જોઈએ. મેં વિચાર્યું કે મારે આ પ્રકારનાં પુસ્તકો લખવાના હોય અને મારા પોતાના અભ્યાસ માટે તેનો ઉપયોગ કરવાનો હોય તો એ પૂરતું હતું. જે કંઈ અભ્યાસ કર્યો હોય તેના આધારે લખવાનું સ્વાભાવિક રીતે શક્ય હતું. જેમ કે, પ્રતિવર્ષ ઢગલાબંધ નવાં પુસ્તકો પ્રકાશિત થાય છે, પરંતુ આત્માના આનંદના વિષય પર સંતોષકારક પુસ્તક મેળવવાનું અત્યંત મુશ્કેલ છે. ખરેખર તો આવું ભાગ્યે જ બને કે આવું પુસ્તક જોઈને કોઈ આનંદિત થઈ ગયું હોય. અને જો આવી સ્થિતિ હોય, તો શું મારે મારી જાત માટે તેમજ આવું પુસ્તક શોધતા અન્ય લોકો માટે લખવું ન જોઈએ?

મને આ સમજાયું ત્યારથી અત્યાર સુધીમાં મેં ઘણાં પુસ્તક લખ્યાં છે. લખવાનું શરૂ કર્યું ત્યારે જે પ્રતિબદ્ધતા હતી એ જ ટકી રહી તે કારણે તમામ પુસ્તકો પ્રકાશિત થઈ શક્યાં છે. સાચો આનંદ અને સાચી સફળતાની શોધ કરી રહેલા લોકો માટે મારે પુસ્તકો લખવાં જોઈએ એવી મારી તીવ્ર લાગણીને હું અનુસર્યો છું. અને આ પ્રક્રિયા દરમિયાન મને પોતાને આનંદ મળ્યો છે. હું કહી શકું કે આત્માના આનંદની જે વાત છે તે આ જ છે. તમારું સમગ્ર શરીર અને આત્મા આનંદ અને સમજણથી ભરાઈ જાય ત્યારે તમને સાચી ખુશીનો અનુભવ થાય છે.

આ તબક્કે એ કહેવું યોગ્ય છે કે મને મારી સાચી ખુશી આવી ક્ષણોએ મળી હતી. માત્ર વ્યવસાયિક સંતોષ માટે કામ કરવાને બદલે મોટી સંખ્યામાં લોકોને મેં આ ખુશી વહેંચી છે, અને હું સાચા અર્થમાં એક પ્રકારની ઊંચાઈ અનુભવી રહ્યો છું. અહીં એ હકીકત પર ભાર મૂકવા માગું છું કે અનેક લોકોને આધ્યાત્મિક સાંત્વના પૂરી પાડવા સાથે હું આ ભવ્યતાનો અનુભવ કરી રહ્યો છું. અનેક લોકોને આનંદ આપવાના તબક્કે પહોંચ્યા પછી જે તે વ્યક્તિ પોતે આનંદિત થાય છે એટલું જ નહીં પરંતુ આનંદની એ માત્રા બેવડી - ત્રણ ગણી કે પછી ચાર ગણી થઈ જાય છે.

૨ સફળતાના નિયમો

ગૌરવની ચિંતા

સફળતા વિશેનાં અન્ય પુસ્તકોમાં ગરિમાના મુદ્દે ભાગ્યે જ ચર્ચા કરવામાં આવે છે. ઘણા ઓછા લેખકોએ આ વિષય પર પૂરતું ધ્યાન આપ્યું છે, પરંતુ હું માનું છું કે વ્યક્તિ એક ચોક્કસ સ્તરની ગરિમા હાંસલ ન કરે ત્યાં સુધી સાચી સફળતા મળતી નથી.

કોઈ વ્યક્તિ ગમે તેટલી ધનિક હોય પરંતુ તે સાવ લઘરવઘર રહે અથવા શંકાસ્પદ વર્તણૂક કરે તો સફળ વ્યક્તિ તરીકે છાપ પાડી શકતી નથી. આ જ બાબત એવા લોકોને પણ લાગુ પડે છે જેઓ બહારથી તો સારા દેખાતા હોય પરંતુ વાણી -વ્યવહારમાં સંસ્કાર ન હોય. આવા લોકો પણ સફળતાની કોઈ છાપ ઉપસાવી શકતા નથી. જે લોકોએ સાચી સફળતા હાંસલ કરી છે તેમના સમગ્ર વ્યક્તિત્વમાંથી એક પ્રકારની આભા અને ગરિમાની છાપ ઉપસે છે.

તમે સાચા અર્થમાં સફળતાના માર્ગ પર છો કે નહીં તે જાણવા માગતા હોવ તો સમયાંતરે અરીસામાં તમારો ચહેરો જોતા રહેવું જોઈએ. માણસોનો ચહેરો દર વર્ષે બદલાતો રહે છે. આ એક તબક્કાવાર પ્રક્રિયા છે, છતાં એક પ્રકારનું નિશ્ચિત પરિવર્તન થાય જ છે. વૃક્ષના થડની આસપાસ રચાતા આવરણ પરથી જેમ જાણી શકાય કે તેનો ઉછેર સારી રીતે થયો છે કે તેને ખરાબ સમયનો સામનો કરવો પડ્યો છે, એ જ રીતે આપણા આત્માને થતા અનુભવોનું પ્રતિબિંબ ચહેરા પર ઝીલાય છે.

ગરિમા એ આ પ્રકારની લાક્ષણિકતા છે. એ કંઈ થોડા મહિનામાં કે એકાદ વર્ષમાં કેળવાતી નથી, પરંતુ બે-પાંચ કે દસ વર્ષ પસાર થયા પછી આપણા ચહેરા પર તે સ્પષ્ટ દેખાય છે જેનો આપણને તેમજ આપણી આસપાસના લોકોને ખ્યાલ આવે છે. કોઈ વ્યક્તિ સતત દસ વર્ષ સુધી સફળ હોય તેમ છતાં તેના ચહેરા પર ગરિમાનાં લક્ષણો ન દેખાય તો એટલું નિશ્ચિત માનવું કે એ વ્યક્તિની સફળતાના માર્ગમાં ક્યાંક ગરબડ રહી ગઈ છે.

સાચી સફળતા હંમેશા એક પ્રકારની ગરિમા સાથે જોડાયેલી હોય છે. ધન, હોદ્દો તથા લોકપ્રિયતા જેવાં સફળતાનાં ઘણાં સ્વરૂપ હોય છે, પણ સાચી સફળતામાં ગરિમા અનિવાર્યપણે સંકળાયેલી હોય છે. ટૂંકમાં આનો અર્થ એ કે તમે તમારું આધ્યાત્મિક સ્તર વધારો ત્યારે સાચા અર્થમાં સફળતા મેળવી શકો. તમને “આધ્યાત્મિકતાના સ્તર” વિશે ખબર ન હોય તો તેના બદલે તમે “નૈતિક ચારિત્ર્ય” શબ્દનો પ્રયોગ કરી શકો. નૈતિક

ચારિત્ર્યમાં સુધારા વિનાની સફળતા સાચી સફળતા ગણાય જ નહીં એવું કહેવામાં મને કોઈ ખચકાટ નથી.

નૈતિક ચારિત્ર્ય સુધારવાની વાત કરું છું ત્યારે હું ખરેખર શું કહેવા માગું છું? મને લાગે છે કે વ્યક્તિના ચારિત્ર્યમાં સુધારો થયો છે કે નહીં તે તેના કેટલાક વિશિષ્ટ ગુણ દ્વારા જાણી કે સમજી શકાય છે. આ સંદર્ભમાં, વ્યક્તિના નૈતિક ચારિત્ર્યમાં સુધારો થયો છે કે નહીં તે જાણવા માટે હું ત્રણ બાબતો સૂચવવા માગું છું.

પહેલું એ કે, વ્યક્તિમાં ઊંડી સમજ હોવી જોઈએ. બીજા શબ્દોમાં, વ્યક્તિ જ્યારે કોઈના દુ:ખ કે સમસ્યાઓ સાંભળે ત્યારે તેના યોગ્ય સમાધાન આપવાની તેનામાં ક્ષમતા હોવી જોઈએ. સ્વાભાવિક છે કે આનો અર્થ એ પણ ખરો કે જે તે વ્યક્તિ પોતાની સમસ્યાઓના ઉકેલ શોધવા સક્ષમ હોય.

સમસ્યાઓના ઉકેલ શોધવાની આવી ક્ષમતા બીજા પરિબળ તરફ દોરી જાય છે. વ્યક્તિ બીજાને પ્રભાવિત કરવા અને પ્રેરણા આપવા સક્ષમ હોવી જોઈએ. એક ચીની કહેવત છે કે, પીચ અને પ્લમનાં વૃક્ષો શાંત રહેતાં હોવાથી લોકો સુવાસ અને ફળ મેળવવા એ વૃક્ષોની નીચે એકત્ર થતા હોય છે. એ જ પ્રમાણે જે વ્યક્તિ ગરિમા, શ્રેષ્ઠ ચારિત્ર્ય ધરાવતી હોય તેઓ બીજા લોકો પર મજબૂત અને હકારાત્મક છાપ ઊભી કરે છે.

બીજા શબ્દોમાં એવું કહી શકાય કે વ્યક્તિનું નૈતિક ચારિત્ર્ય જેટલું ઊંચું તેટલો વધારે પ્રભાવ તે પાડી શકે. હું અહીં માત્ર શબ્દો કે કામગીરીથી પ્રભાવ પાડવાની વાત નથી કરતો, પરંતુ પ્રભાવક વ્યક્તિત્વની વાત છે. આવી વ્યક્તિઓ તેમની આસપાસના લોકોને સ્વાભાવિક રીતે જ પ્રભાવિત કરતી હોય છે. નોંધપાત્ર છે કે કોઈ ચોક્કસ પ્રયાસો વિના જ તેઓ પ્રભાવ ઊભો કરી શકે છે. જે લોકો આવી વ્યક્તિઓના સંપર્કમાં આવે તે આ પ્રભાવની અસરમાંથી તેમજ પોતાને સુધારવાની પ્રક્રિયામાંથી મુક્ત રહી શકે નહીં.

આવો પ્રભાવ સાચા શિક્ષકોનું પ્રમાણ હોય છે. આવા શિક્ષકો માત્ર શબ્દો કે કામગીરી દ્વારા જ્ઞાન આપતા નથી. એક સાચો શિક્ષક બોલ્યા વિના પણ બીજાઓને શીખવવા સક્ષમ હોય છે. તેમનું મૌન અને ચારિત્ર્યની તાકાત બીજા લોકોને શિક્ષિત કરી શકતી હોય છે. આવા લોકો તેમના પોતાના નૈતિક ચારિત્ર્ય પ્રત્યે જાગૃત હોય છે અને તેમાં જાતે જ સુધારો કરવા માટે પ્રયત્નશીલ રહે છે. મજબૂત ચારિત્ર્ય ધરાવતા લોકોમાંથી આવા પ્રકારનો આધ્યાત્મિક પ્રભાવ વહેતો હોય છે અને તેમના સંપર્કમાં આવનાર દરેકને અસર કરતો હોય છે.

મજબૂત ચારિત્ર્યની ત્રીજી શરત સહિષ્ણુતામાં વધારો થવાની છે. તમારા નૈતિક ચારિત્ર્યમાં જેટલો સુધારો થશે એટલા પ્રમાણમાં તમે અન્યના હૃદયની લાગણીઓને ઓળખવા સક્ષમ બનશો. તેમના વિચારો અને ચિંતાઓ તમે સમજી શકશો. અલબત્ત, આ પરિસ્થિતિમાં વલણ વધુ પડતું સમીક્ષાત્મક થઈ શકે છે. શક્ય છે કે આપણે બીજામાં રહેલી ભૂલો જ જોવાનું શરૂ કરી દઈએ. સામેની વ્યક્તિ સારી છે કે ખરાબ, હોશિયાર છે

કે સામાન્ય - એવો નિર્ણય લેવાનું પણ કદાચ શરૂ કરી દઈએ. આવી અવસ્થા ખાસ કરીને એવા લોકોમાં જોવા મળે છે જેમને વિદ્વાન તરીકે માન્યતા આપવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં તેઓ થોડા ટૂંકી દૃષ્ટિના હોય છે.

ચારિત્ર્ય ઘડતરના તબક્કે તમે બીજા પ્રત્યે નિર્ણાયક બનતા હોવ એવું લાગે તો નિશ્ચિત માનજો કે તમે જે કંઈ ગરિમા હાંસલ કરી છે અધકચરી છે. હૃદયના ભાવો ઉમદા બનાવવા હોય તો ચારિત્ર્યનો વ્યાપ વિસ્તારવાનું જરૂરી છે, અને તેનો અર્થ એ કે તમારે સહિષ્ણુતા કેળવવી પડે. આંખોમાં ઉમદા ભાવો સાથે લોકોને આવકારો, તેમની સાથે વિરોધીઓ જેવા નહીં પરંતુ મિત્રો જેવો વ્યવહાર કરો અને પ્રેમના બંધનથી બાંધી લો.

આ પ્રકારની સહિષ્ણુતા એકધારી રીતે વ્યક્તિત્વમાં દેખાવી જોઈએ. આનાથી તમને તમારી પોતાની મર્યાદાઓ અને ભૂલોનો ખ્યાલ આવશે. તે સમયે તમને એ પણ સમજાશે કે તમારી આ તમામ મર્યાદાઓ તમારી આસપાસના લોકોએ કેવી રીતે માફ કરી દીધી છે. એવું વિચારો કે તેમની સહિષ્ણુતાએ તમને શાંતિપૂર્વક જીવવા અને તમારી જાતને અભિવ્યક્ત કરવાની તક આપી છે. તમારી જાત માટે અને તમારા જીવન માટેની આ હકીકતોને સમજશો ત્યારે સ્વજાગૃતિ આવશે, એ તમને કૃતજ્ઞતાની લાગણી કરાવશે અને છેવટે તમે બીજાઓ પ્રત્યે સહિષ્ણુ બની શકશો.

ગરિમા વિશે મેં અલગ અલગ પરિમાણ દ્વારા વાત કરી છે. યાદ રાખો કે સાચી સફળતા હાંસલ કરવા માટે આ દરેક પરિમાણ અનિવાર્ય છે.

૩ સફળતાના નિયમો

આત્મવિશ્વાસ

સફળ થવા માટે અન્ય એક શરત આત્મવિશ્વાસ છે. આપણી આસપાસ એવા ઘણા લોકો હોય છે જે હંમેશા ભૂલો કરતા રહે છે અને આવા લોકો સામાન્ય રીતે એક ચોક્કસ પ્રકારની માનસિકતાનો ફેલાવો કરતા હોય છે. આ માનસિકતા નિષ્ફળતા પ્રત્યેના તેમના પ્રેમની હોય છે એવું પણ કહી શકાય કે આવા લોકોને દુઃખી રહેવાનું ગમતું હોય છે.

દુનિયામાં એવા ઘણા લોકો હોય છે જેઓ તેમની આસપાસ બનતી ઘટનાઓ અથવા તેમની સાથે થયેલી વાતચીતમાંથી હંમેશા દુઃખી થવાના કારણો શોધતા હોય છે. જેમ કે, ઑફિસમાં એવા લોકો હોય છે જેઓ તેમનો સમય હંમેશા બીજાની ભૂલો શોધવામાં પસાર કરતા હોય છે, કે પછી લગ્નજીવનમાં પણ એવા લોકો હોય છે જે તેમના જીવનસાથીની ખામીઓ જ શોધતા રહે છે. દરેક યુગમાં અને દુનિયામાં દરેક ખૂણામાં આવા લોકોનું અસ્તિત્વ હોય છે. તેઓ કદાચ અજાણપણે પણ પોતાની જાતને દુઃખ અને પીડા તરફ ધકેલતા રહે છે. આ માનસિક અવસ્થાને સ્વ-ને નુકસાન પહોંચાડનારી અથવા આત્મઘાતી ગણાવી શકાય.

પણ લોકો આવી લાગણી અનુભવતા શા માટે હોય છે? આ માટેના બે કારણો છે: એક તો તેમનામાં અપરાધની ઊંડી લાગણી હોય છે, અને બીજું તેઓ ફરિયાદોને પોષે છે. આ બેમાંથી ગમે તે કારણ હોય, પરંતુ આ પ્રકારની માનસિકતા ધરાવનાર લોકો કદી ખુશ રહી શકતા નથી.

જે લોકો અપરાધભાવમાં ફસાયેલા હોય છે તેમણે તેમની જાતને સવાલ કરવો જોઈએ કે તેમના પર લાદવામાં આવેલી આ લાગણીઓ ખરેખર સાચી છે ખરી? દા.ત. અનેક માણસો ધાર્મિક વૃત્તિ ધરાવતા હોય છે. તે પૈકી ઘણા એવા હોય છે જેઓ આર્થિક સમૃદ્ધિના વિચાર પ્રત્યે જ સૂગ ધરાવતા હોય છે. આવા લોકો તેમણે જીવનમાં કરેલી પસંદગીને કારણે કદી સુખી થઈ શકતા નથી. આનું કારણ એ છે કે આ પ્રકારના લોકોના વિચારો અને માન્યતાઓ તેમને સફળતાની તકો છોડી દેવા મજબૂર કરે છે. કોઈ તેમની સમક્ષ સફળતા મેળવવા માટેનું સૂચન કરે તો આવા લોકો તેને ટાળવા માટેનાં બહાના શોધતા હોય છે.

સ્ત્રી-પુરુષ સંબંધમાં જે લોકોને સમસ્યા હોય તેમને પણ આ જ બાબત લાગુ પડે છે. જીવનસાથી સાથેના સંબંધની વાત આવે ત્યારે તેમાં ગોથું ખાઈ જનારા લોકો ઘણા છે.

આવા લોકો હંમેશા પોતાની જાતને સજા કરવાની વૃત્તિ ધરાવે છે, તેમને પોતાની ભૂલોની પૂરી ખબર હોય છે.

આવા દરેકને હું એક સવાલ પૂછવા માગું છું: “તમે આનંદની અનુભૂતિ કરવા માગો છો કે નહીં? આ બાબતે સ્પષ્ટ થાવ. તમારે બેમાંથી એક વિકલ્પની પસંદગી કરવી જ પડશે.” તેઓ જો આનંદની અનુભૂતિ કરવા માગતા જ ન હોય તો પછી કશું થઈ શકે તેમ નથી. જે લોકો જાતે જ દુઃખી થવા માટેની પ્રાર્થના કરતા હોય તેમને તો ભગવાન પણ મદદ ન કરી શકે.

આ અવઢવમાંથી બહાર નહીં નીકળી શકનારા લોકોની સંખ્યા આશ્ચર્યજનક રીતે મોટી છે. તેઓ આનંદની અનુભૂતિ કરી શકશે કે નહીં તેનો આધાર તેઓ તેમના મનને એ માટે તૈયાર કરે છે કે નહીં તેના પર છે. તે માટે પહેલું ચરણ આ નિર્ણય કરવા અંગેનું છે. જે લોકો આનંદમાં રહેવાનો નિર્ણય કરે તેમને જ આનંદ મળી શકે. આમ છતાં જે આ વાત ન સમજી શકે તેઓ અજાણતાં પોતાની જાતને દુઃખી કરતા હોય છે.

તમે પણ જો આવી દુઃખી વ્યક્તિની છાપ ઊભી કરવાનું વલણ ધરાવતા હોવ, પોતે કમનસીબ છો એવું વિચારવામાં આખો દિવસ પસાર કરી દેતા હોવ તથા પોતાને કરુણ વાર્તાના નાયક સમજતા હોવ તો હું તમને અટકી જવા અને નવેસરથી શરૂઆત કરવા સલાહ આપીશ. બીજા શબ્દોમાં તમે આનંદિત થવા માગો છો કે નહીં તે નક્કી કરો. આ એવી બાબત છે જેના વિશે તમારી જાત પ્રત્યે સ્પષ્ટતા કરવી પડશે. તમે તમારી જાતને એમ કહેશો કે તમે દુખી રહેવા માગો છો તો પછી એ તમારી જવાબદારી છે. એ તમારો પોતાનો વાંક હશે અને તમે જાતે એ માર્ગ પસંદ કર્યો હોવાથી કોઈપણ સંજોગોમાં તમારે ફરિયાદ ન કરવી જોઈએ. તેનાથી બીજાને નુકસાન થશે અને તેમને દુઃખ થસે, એથી જ તમારે કોઈ દુઃખડાં રડવા જોઈએ નહીં.

પરંતુ જો તમે આનંદિત થવાનો નિશ્ચય કરી લો તો એ દિશામાં આગળ વધવા માટેનો દૃઢ અને અડગ પ્રયાસ કરવો જરૂરી છે. આ પ્રતિબદ્ધતાને કારણે આત્મવિશ્વાસ જાગશે. તમારે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તેવું માર્ગદર્શન આપતા સમાજના નૈતિકતા અને અપરાધભાવ અંગેના પૂર્વગ્રહો સામે ઝૂકી ન જશો, તેના બદલે તમારી જાતને સવાલ કરો કે આવું શા માટે. તમારે અમુક કામગીરી કરવી જોઈએ કે ન કરવી જોઈએ તે વિશે વિચારવું મહત્ત્વનું છે. તમારા વિશે વિચાર કરવામાં ખોટું પણ શું છે?

એક ચીની કહેવત છે, “તમારી સમગ્ર તાકાત લગાવીને કામગીરી કરો, દાનવો પણ તમારા રસ્તામાંથી ખસી જશે.” લોકોની વૃત્તિ નબળા પર પથ્થર ફેંક હોય છે, પરંતુ હિંમતવાન અને આત્મવિશ્વાસુ લોકો સાથે તેઓ આવું કરી નથી શકતા. હૃદયના પ્રતિસાદની આ ભાવના છે. તમારા માર્ગપર મક્કમતાથી ચાલ્યા જાવ, તમને અવરોધવાની હિંમત અનિષ્ટ તત્વો પણ નહીં કરી શકે.

ઉપરાંત, આ તો પીંછાવાળા પક્ષીઓના જેવું છે,જે આત્મવિશ્વાસુ હશે તે બીજા આત્મવિશ્વાસુઓની આસપાસ જ રહેશે. આ સ્થિતિ સફળનગરી જેવી જ છે. એક સફળ વ્યક્તિ બીજી સફળ વ્યક્તિને ખેંચી લાવે. આથી તમે કોઈ સફળ વ્યક્તિને મિત્ર બનાવવા માગતા હોવ તો પહેલા તમારે જાતે સફળતા મેળવવી પડે. આવી વ્યક્તિઓમાંથી સફળતાની એક એવી આભા નીકળતી હોય છે કે નિષ્ફળતાઓ દૂર જ રહી જાય છે. આત્મવિશ્વાસ દ્વારા આવી ક્ષમતાની તાકાત આવે છે. આવા લોકો વિશ્વાસથી ભરપૂર હોવાથી સફળતાની આભા પ્રસરાવે છે.

આ તબક્કે હું એક વાતનો પુનરોચ્ચાર કરવા માગું છું. તમારા નબળા નસીબનો દોષ દેવાનું બંધ કરો અને આનંદિત થવાનો મક્કમ નિર્ધાર કરો. "હું આનંદિત થવા માગું છું." એવું જોરથી બોલો. ત્યારે તમને ખબર પડશે કે હવે આગળ શુંકરવું. આત્મવિશ્વાસ રાખો અને વિચારોમાં તેમજ તમારી અંદર રહેલી દુનિયામાં સફળતા મેળવો. ત્યારે તમને જોવા મળશે કે સફળતાનાં તમામ પરિબળો તમારી તરફ ખેંચાઈ રહ્યાં છે. ચુંબક જેમ લોખંડને ખેંચી લે છે એ જ રીતે તમે પણ આભા પ્રસરાવશો જે સફળતાને ખેંચી લાવે.

બીજી તરફ, તમે જો તમારી ત્રુટીઓ પર વિજય નહીં મેળવો, આત્મવિશ્વાસ નહીં કેળવો તો તમે હાંસલ કરેલી કોઈપણ સફળતા કામચલાઉ બની રહેશે.

જીતની દેવી, સફળતાની દેવી તથા ખુશીની દેવી માત્ર એવા લોકો પાસે રહે છે જેને તે સંભાળતા આવડતું હોય. આ બધા પર શાસન કરવું હોય તો આત્મવિશ્વાસ અગત્યનો છે.

ધ્યેય નિર્ધારણ

એવા ઘણા લોકો હોય છે જેઓ જીવનમાં પ્રેરણા ગુમાવી ચૂક્યા હોય છે, ઉપરાંત એવા પણ ઘણા લોકો હોય છે જેઓ હતાશ થઈ ગયા હોય છે અને આગળ કેવી રીતે વધવું તે જાણતા નથી હોતા. આવી શારીરિક થકાવટ અનુભવતા લોકો વિચારણા કરવા માટે પણ સક્ષમ હોતા નથી, તો અન્ય કેટલાક હતાશાના ઊંડા કૂવામાં ઘેરાયેલા હોય છે. નિરાશામાંથી બહાર આવીને જીવનમાં એક વધુ સારા તબક્કે પહોંચવા માટે આ લોકોએ શું કરવું જોઈએ?

હું તેમને એવી સલાહ આપીશ કે બીજી કોઈપણ બાબત કરતાં પહેલાં લક્ષ્યાંક નક્કી કરો. તેઓ જે સ્થિતિમાં છે તે કૂવામાં પડી ગયેલી કોઈ વ્યક્તિ જેવી લાગે છે. જો તમે ઊંડા ખાડામાં પડી જાવ તો તમારે દોરડાને કોઈ પથ્થર અથવા લાકડી સાથે બાંધીને બહાર ફેંકવું પડે. જો શક્ય હોય તો કૂહાડી જેવી વસ્તુ હોય તેની સાથે દોરડું બાંધીને બહાર ફેંકશો તો તે વૃક્ષના મૂળિયામાં બરાબર ફસાઈ જશે અને તમે દોરડું પકડીને બહાર આવી શકશો.

જે વ્યક્તિ હતાશામાં સરી પડી હોય તેની સ્થિતિ લગભગ આવી જ હોય છે. તમને લાગે કે તમે ફસાયેલા છો અને તેમાંથી બહાર નીકળવા કંઈક કરવા માગો છો, તો કેવી રીતે બહાર નીકળી શકાય એ તમારી જાતને જ પૂછો. અને તમારા માટે એક લક્ષ્યાંક નિર્ધારિત કરો. તમારામાં ઉત્સાહ ન રહ્યો હોય, તમે નિષ્ફળતા અથવા હતાશામાં ફસાયેલા હોવ તો તમારે એક નવા જ જીવનનું આયોજન કરવાની જરૂર છે. કાગળ-પેન હાથમાં લો અને જીવનમાં જે કોઈ લક્ષ્યાંકો હોય તેની નોંધ કરો. આ લક્ષ્યાંકોને - મુખ્ય ધ્યેય, મધ્યમ દરજ્જાના ધ્યેય અને સામાન્ય ધ્યેય - એમ ત્રણ વિભાગમાં વહેંચી દેવા એ શ્રેષ્ઠ ઉપાય છે.

બીજા એક કાગળ પર હાંસલ કરવાની શક્યતાના ક્રમમાં તમારા લક્ષ્યાંકોની યાદી બનાવો: જેમ કે તત્કાળ હાંસલ થઈ શકે તેવા હોય, બીજા એવા હોય જે અંગે ટૂંક સમયમાં કામગીરી કરી શકાય એમ હોય અને છેલ્લે ભવિષ્યમાં કોઈ તબક્કે તમે એ હાંસલ કરવાની અપેક્ષા રાખતા હોવ. તમારા લક્ષ્યાંકોને આ બે વિભાગમાં વહેંચવાનું અત્યંત આવશ્યક છે.

તમે કોઈ મુશ્કેલીમાં ફસાયા હોવ અને તેમાંથી બહાર આવવા માગતા હોવ તો કોઈ લક્ષ્યાંક નિર્ધારિત કરો એ અગત્યનું છે. તમારે તમારા મુખ્ય, મધ્યમકક્ષાના અને સાધારણ

લક્ષ્યાંકોને એ ક્રમમાં ગોઠવવાના છે. ઉપરાંત, લક્ષ્યાંકો એવા રાખો જે વહેલી તકે હાંસલ થઈ શકે, અન્ય કેટલાક માટે થોડો સમય લાગે તથા એવા લક્ષ્યાંક જે તમે નજીકના ભવિષ્યમાં પરિપૂર્ણ નહીં કરી શકો.

એવા લક્ષ્યાંકો માટે કામગીરી કરવાની શરૂઆત કરો જે પ્રમાણમાં ટૂંકા ગાળામાં હાંસલ કરી શકાય તેવા હોય. એક ક્ષણ માટે અટકી જાવ અને બરાબર વિચારી લો કે તમે જે ઊંડા કૂવામાં છો તેમાંથી દોરડું પકડીને બહાર કેવી રીતે આવશો. આવી સ્થિતિમાં તમે સદંતર નવો માર્ગ પણ અખત્યાર કરી શકો, અગાઉ કોઈએ ન વિચાર્યો હોય એવો તદ્દન અલગ માર્ગ વિચારી શકો અને સાવ નવેસરથી શરૂઆત પણ કરી શકો.

અહીં એક ખાસ વાત કહેવા ઈચ્છીશ કે, તમે જે નિષ્ફળતાના અનુભવોની લાગણીઓનું દુઃખ અનુભવતા હોવ તેનું કારણ પરસ્પર સંબંધો હોય તો તેમાંથી બહાર આવવા માટે એ સંબંધો બદલી જ શકાય છે. કુદરતી આફતો અટકાવવાની ક્ષમતા માનવજાતમાં નથી, પરંતુ પોતાને નુકસાન કરતાં હોય એવા વ્યક્તિગત સંબંધોમાં સમય સાથે પરિવર્તન લાવવાનું તેના માટે શક્ય હોય છે.

જે લોકો પ્રયાસ કરે છે તેમની તરફેણમાં સમય પણ બદલાતો હોય છે. તમે જ્યારે કોઈ ચોક્કસ સ્થિતિમાં મૂકાયા હોવ ત્યારે એક લક્ષ્યાંક નિર્ધારિત કરવાનું અગત્યનું છે. જે લોકો ખરેખર મુશ્કેલીમાં ફસાઈ ગયા હોય તેમણે સરળ લક્ષ્યાંક નિર્ધારિત કરીને પોતાની જાતને એટલું કહેવાની જરૂર હોય છે કે તેઓ ઓછામાં ઓછો વધુ એક દિવસ માટે પ્રયાસ કરી લેવા માગે છે. અને જે લોકો તદ્દન પ્રતિકૂળ સ્થિતિમાં હોય તેમણે પોતાની જાતને કહેવું જોઈએ કે આગામી અઠવાડિયામાં તેઓ પોતાનાથી બનતો પ્રયાસ કરશે, ત્યારબાદ તેઓ એ સમયને મહિનામાં, ત્રણ મહિનામાં, છ મહિનામાં કે પછી એક વર્ષમાં વિસ્તારી શકે છે. જીવનમાં જે અડચણ અનુભવતા હોવ તેમાંથી બહાર આવવાનો આ એક રસ્તો છે.

અંગત અનુભવ પરથી કહું તો દુઃખનો ગાળો એક વર્ષ કરતાં વધુ રહેતો નથી અને તેમાં પણ સૌથી મુશ્કેલીજનક સમય છ મહિનામાં પૂરો થઈ જાય છે. છેવટે પીડા ઓછી થાય છે અને નવું અજવાળું આવે છે. તમે પીડાતા હોવ ત્યારે તમને એવું લાગે કે દરેક સ્થિતિ તમને નુકસાન કરે છે, પરંતુ હકીકત એ છે કે એ જ સંજોગો તમને રાહત આપી શકે છે. આ બાબતમાં વિશ્વાસ રાખવો જરૂરી છે અને પ્રયાસ ચાલુ રાખવો જોઈએ.

૫ સફળતાના નિયમો

હિંમતપૂર્વક કામ લો

સફળતા સાથે સંકળાયેલી વિવિધ શરતોની મેં વાત કરી. આ વિષય પર સમાપન કરું તે પહેલાં એક સૂચન કરવા માગું છું કે, તમારી આંતરિક શક્તિઓનો પૂરો ઉપયોગ કરવા સાથે જીવનને સંપૂર્ણ રીતે માણો. જે લોકો હિંમતથી આગળ વધે છે તેમના માટે કશું અશક્ય નથી એ હકીકત છે.

માણસો તેમના જીવનમાં કોઈક તબક્કે હિંમતપૂર્વક વર્તન કરતા હોય છે, પરંતુ ભારે જોખમી સ્થિતિ કે ગંભીર મુશ્કેલી કે પછી હતાશાની સ્થિતિમાં એકધારી હિંમત રાખી શકતા નથી. ઉપરાંત જે લોકો કોઈક બાબતમાં બે-ત્રણ વખત નિષ્ફળ જાય તો એવું જ માની લે છે કે હવે પ્રયાસ કરવાની તેમનામાં હિંમત નથી. વધારે વખત નિષ્ફળતા મળ્યા પછી તેમનામાં જાણે ભાગેડુવૃત્તિ આવીજાય છે, ફરી પ્રયાસ કરતાં ખચકાય છે - ડરે છે. આવા લોકોની માનસિકતા કરચલા જેવી હોય છે. ચોખાના ખેતરોમાં કે ઝરણાં-સરોવર કિનારે તે જોવા મળતા હોય છે. જરાપણ જોખમ જેવું લાગે ત્યારે આ કરચલા તેનાથી બચવા પીછેહઠ કરતા હોય છે. કોઈ નજીક જાય અથવા પાણીમાં માછલી ઊછળે તો પણ આ કરચલા થોડા પાછા હઠીને ડરના માર્યા વિચિત્ર અવાજ કરતા હોય છે. આ કારણે જ આ જીવને પકડી લેવાનું સહેલું હોય છે. તેમની પાછળ આઠ-દસ સેન્ટિમીટર દૂર જાળી રાખો અને કરચલાની આગળ નાનો પથ્થર ફેંકો તો એ તેના સ્વભાવ મુજબ પીછેહઠ કરવા લાગશે અને પરિણામે આસાનીથી નેટમાં ફસાઈ જશે.

હું નાનો હતો ત્યારે ઘણીવાર આ કરચલા પકડતો. તેઓ સરળતાથી મારી નેટમાં ફસાઈ જતા. જે લોકોને એમ લાગતું હોય દુશ્મનો હંમેશા તેમની સામે જ હોય છે અને કોઈપણ ખતરો કે જોખમ દેખાય તો પોતે પીછેહટ કરી લેતા હોય છે અને એ રીતે તેમની પાછળ બીછાવવામાં આવેલી જાળમાં આસાનીથી ફસાઈ જતા હોય છે. તમારે એવું માની લેવાની ઉતાવળ ન કરવી જોઈએ કે જોખમ માત્ર તમારી આગળ જ છે, એ પાછળ પણ હોઈ શકે. આથી જ હિંમત એકઠી કરીને આગળ વધવાનો પ્રયાસ કરવો જોઈએ,શક્ય છે કે એમ કરવાથી તમારા માટે તકનો માર્ગ ખૂલી જાય. તમે જો હંમેશા જાતનું રક્ષણ કરવાનું વિચારશો, જોખમની સ્થિતિમાં હંમેશા પાછા હઠી જવાનું વલણ રાખશો તો તમારી જાતને બચાવી નહીં શકો. આથી જ હિંમતપૂર્વક કામગીરી કરવાનું જરૂરી છે.

તમારે તમારા જીવન તરફ, ખાસ કરીને જે લોકો હંમેશા નિષ્ફળ જતા હોય તેમણે, પોતાના લક્ષ્યાંકને હંમેશા અધવચ્ચે છોડી દેવાની જેમને આદત છે તેમને તેમના જીવન તરફ નજર કરવા જણાવું છું. તમને એવું લાગતું હોય કે આ બાબતો તમને લાગુ પડે છે તો

તમારો સમાવેશ એવા લોકોના સમૂહમાં થાય છે જેઓ આકરા નિર્ણયો લેતાં ડરે છે, જેઓ અનિર્ણાયક છે તથા મક્કમ મન કરી કોઈ કામગીરી કરી શકતા નથી. આ સંજોગોમાં તમે નિર્ણય કરવામાં નબળા છો એટલું જ નહિ પરંતુ તમે કામગીરી કરવામાં પણ ધીમા હોઈ શકો.

તમારું મુખ્ય ધ્યેય જોખમ અથવા દુ:ખદાયક બની શકે એવા અનુભવો ટાળવાનું તેમજ અન્ય લોકો સાથે સંપર્ક ટાળવાનું હોય છે જેથી તમારે કોઈ પીડાદાયક સ્થિતિમાં ન આવવું પડે. એથી વધુ, તમે પીછેહઠ કરીને સ્થિતિમાંથી છટકી જવાનું પણ કદાચ વિચારી શકો છો. કરચલો જે રીતે ખતરો જોઈને પાછા પગલાં ભરે છે એ જ રીતે તમે પણ પીછેહઠ કરવાનો પ્રયાસ કરો છો. આવા લોકોએ હિંમતથી કામ લેવાની અને આગળ વધવાની જરૂર છે, આ પ્રકારનું વલણ અત્યંત આવશ્યક છે.

તમે કેવું મૃત્યુ પસંદ કરો છો? સ્થિતિથી ભાગી છૂટીને મરવા માગતા હોવ તો તમે ડરપોક ગણાશો. કોઈપણ રીતે મરવાનું જ હોય તો હિંમતપૂર્વક આગળ શા માટે ન વધવું? જો તમને એવું લાગતું હોય કે જે રીતે પીછેહઠ કરવામાં નિષ્ફળ જાવ છો એ રીતે આગળ વધશો તો પણ નિષ્ફળ જશો તો એ સંજોગોમાં આગળ વધવાનો પ્રયાસ કરવામાં પણ તમે હારી જશો. તો પછી શા માટે આગળ વધવાની પ્રક્રિયા દરમિયાન પટકાવાનો અનુભવ ન લેવો? શા માટે આગળ વધવાના પ્રયાસ દરમિયાન ન મરવું? હું ભલામણ કરું છું કે તમારે હિંમતપૂર્વક કામ લેવું જોઈએ. જો તમે એવું કરશો તો 'નિષ્ફળતા' શબ્દનો કોઈ અર્થ જ તમને નહીં નડે. અગત્યનું એ છે કે તમે નિર્ણય કરો અને તેનો અમલ કરો.

હિંમત બહારથી આપી શકાય એવી ચીજ નથી. જે ક્ષણે તમે હિંમત દાખવશો તે સાથે જ અનુભવાશે કે તમારી અંદર એક પ્રકારનું ધૈર્ય આકાર લઈ રહ્યું છે. તમે જેટલી વધારે હિંમતપૂર્વક કામગીરી કરશો એટલી વધારે હિંમત આવતી જવાનું તમે અનુભવશો. તમને પોતાને આશ્ચર્ય થશે કે તમારામાં કેટલી બધી ક્ષમતા છે. હું એવાં સ્પષ્ટ નિવેદન સાથે પ્રકરણનું સમાપન કરવા માગું છું કે, છેવટે તો સફળતા મેળવવાની પૂર્વ શરત એ છે કે હિંમતપૂર્વક કામગીરી કરવી. નિષ્ફળતાના તરંગો તમને સફળતાના માર્ગ પર જતા અટકાવે છે.

પ્રકરણ-૩

સફળ જીવનનાં રહસ્યો

સફળ જીવનનાં કેટલાક ચોક્કસ પાસાં હોય છે, જે અંગે તમામ ધનિકો ગુપ્તતા રાખવા માગતા હોય છે. આ પ્રકરણમાં હું આ પાસાંઓની વાત કરવા માગું છું.

૧ સફળતાના નિયમો

આનંદથી જીવો

સફળતા ઇચ્છતા અનેક લોકો તે માટે શરતો કરતા હોય છે. તેમની સફળતાની વિચારધારાની શરૂઆત જ આ રીતે થાય છે, “જો આ મળશે તો જ”, “અથવા જો હું આ શરત પૂરી કરી શકીશ તો” કે પછી “જો મને એ વાતાવરણમાં રહેવાની તક મળી હોત તો” - આ પ્રકારની વિચારધારા મધ્યમમાર્ગી છે. તમારા પર ગમે તેવી પરિસ્થિતિ, વાતાવરણ અથવા શરતો લાદવામાં આવે તો પણ તમારે તેનો આનંદપૂર્વક જ સામનો કરવો જોઈએ, સફળતા માટે આ બાબત મુખ્ય છે. સફળ જીવન અને આનંદી જીવન એકબીજાના પર્યાય છે. વાસ્તવમાં જેટલી વધુ મુશ્કેલીઓ અને અવરોધ હશે એટલા સારી રીતે તમે આનંદપૂર્વક જીવી શકશો.

તમે જો ખુશીથી હર્યાભર્યા હોવ તો આનંદથી જીવવાનું અઘરું નથી. મુશ્કેલીના સમયમાં આશા ટકાવી રાખવી એ સૌથી અઘરી બાબત છે. તમારા સંજોગો કપરા હોય અથવા દુઃખથી ઘેરાયેલા હોવ ત્યારે તમે આનંદમાં કેવી રીતે રહી શકો? ચારિત્ર્યની આ છેવટની કસોટી છે. આવા સમયે હતાશાના વાદળોમાંથી બહાર આવવાનું અગત્યનું હોય છે. વર્ષનો એ સમય યાદ કરો જ્યારે સતત વરસાદ વરસ્યા કરતો હોય છે. આકાશમાં ઘેરા વાદળો છવાઈ જાય છે અને પૃથ્વી પર અંધકાર છવાઈ જાય છે. હવામાન આક્રમક વલણ ધારણ કરે છે, ઠંડા પવન ફૂંકાય છે અને વરસાદી ઝાપટાં કોઈ દયા ખાધા વિના પડ્યા કરે છે, પરંતુ એવા દિવસોમાં પણ તમારે વાદળોની વચ્ચેથી તેજસ્વી સૂર્યને જોવાની જરૂર હોય છે.

વાદળોએ ઊભું કરેલું હવામાન એ વાસ્તવિક અંધકાર નથી. સાથે તમારે એવું પણ વિચારવું ન જોઈએ કે જે અંધકાર દેખાય છે તે ખરેખર કોઈ નુકસાન કરશે. હંમેશા યાદ રાખો કે એ ઘેરા વાદળોની પાછળ સૂર્ય ઊગતો જ હોય છે અને વાદળોની પાછળ પ્રકાશ રેલાવતો હોય છે. ત્યાં સુધી પહોંચવા તમારે માત્ર વાદળા ભેદવાના હોય છે.

કેટલાક લોકો માટે આ અસાધારણ અઘરું કામ હોઈ શકે. નિરાશા અને અનિશ્ચિતતાના વાદળોમાંથી કેવી રીતે નીકળવું એ તેઓ કદાચ જાણતા નથી. શરૂઆત કેવી રીતે કરવી એ પણ કદાચ તેઓ જાણતા નથી. આવા લોકો માટે હું કહીશ કે તમારી વર્તણૂક બદલવાથી શરૂઆત કરો. આનંદપૂર્વક જીવવાની શરૂઆત કરો અને એ માટે પ્રતિબદ્ધ બનો. એક વાત હંમેશા યાદ રાખો કે માનવજાત અમર્યાદ સંકલ્પશક્તિ ધરાવે છે. કોઈક તબક્કે કદાચ તમને એવું લાગે કે તમે છેવટની મર્યાદા સુધી પહોંચી ગયા છો તો કાળજી રાખજો, તમને

આગળ વધવાનો માર્ગ ચોક્કસ મળશે. આનંદમાં રહો, પ્રયત્નશીલ રહો, હંમેશા નવા રસ્તા ખૂલતા જ હોય છે.

તમારામાં હવે કોઈ તાકાત બચી નથી એવું જે ક્ષણે લાગે ત્યારે જ મક્કમતાપૂર્વક ઊભા રહેવાનું સૌથી વધુ અગત્યનું છે. આવા તબક્કે મોટાભાગના લોકો પ્રયાસ છોડી દેતા હોય છે, પણ એમ કરવાથી તમે અંધકાર કે નિરાશામાંથી બહાર નહીં આવી શકો. તેના બદલે વધુ છ મહિના પ્રયાસ કરવાનો નિર્ધાર કરો, અને એક વર્ષ સુધી ટકી રહેવાની તૈયારી રાખો. પરીક્ષાના આ ગાળામાં તમે કેટલી હદે આનંદમાં રહી શકો છો તેના પર તેના પરિણામનો આધાર રહેલો છે.

દરેકના જીવનમાં મુશ્કેલ સમય આવે છે, પરંતુ એવા સમયે જ તમે તમારા આત્માને સાફ કરી શકો છો, આમ લોકો તમારા વખાણ કરતા હોય એવા સમયે જ માત્ર આનંદમાં રહેવું એ પૂરતું નથી. તમે મુશ્કેલ સંજોગોમાંથી પસાર થઈ રહ્યા હોવ ત્યારે આનંદી અને પ્રસન્ન રહેવું આવશ્યક છે. અને જ્યારે પણ કટોકટીનો સામનો કરો ત્યારે એવી પ્રત્યેક મુશ્કેલીને પાર કરી જવા માટેની ક્ષમતા વિકસાવો.

હું હંમેશા આ રીતે જ વિચારું છું જ્યારે પણ મારું મન પ્રફૂલ્લિત હોય અને જીવન સરળતાપૂર્વક પસાર થતું હોય તેવા સમયે જેટલી વધુ કામગીરી થઈ શકે એટલી પૂરી કરવા પ્રયાસ કરું છું. આથી વિરુદ્ધ બીમાર હોઉં અથવા કોઈ ચિંતા હોય ત્યારે મારી જાતનો બચાવ કરવા અને ખુશ રહેવા પ્રયાસ કરું છું. સંજોગો કોઈપણ હોય તો પણ તમે જો આગળ વધવાનો પ્રયાસ કરો તો માર્ગ મળી જ રહેતો હોય છે એવું હું માનું છું અને આપણા માટે આવા કોઈ માર્ગ ખૂલે એવું ઇચ્છતા હોઈએ તો પ્રસન્ન રહેવું અગત્યનું છે.

તમે વ્યથિત હોવ ત્યારે અરિસામાં જોજો, તમારા ચહેરા પર ધ્યાન કેન્દ્રિત કરજો અને તમારી જાતને જ સવાલ કરજો કે તમારા હાવભાવ આવા હોય ત્યારે તમને મદદ કરવાનું લોકોને ગમશે કે કેમ! તમને સહાય કરવાની તેમને ઇચ્છા થશે? તમને માર્ગદર્શન આપવાની તેમને ઇચ્છા થશે? સાચી વાત તો એ છે કે ઉદાસ ચહેરો રાખવો સારી બાબત નથી. તેના બદલે શ્રદ્ધા અને ક્ષમતાપૂર્વક જીવો. હતાશાનો સમય જ વાસ્તવમાં સ્મિત કરવાનો અને કંઈક નવી શરૂઆત કરવાનો હોય છે. વર્તણૂકમાં પરિવર્તન લાવવા માટેનું પહેલું પગલું મધ્યમમાર્ગી-સમાધાનકારી વલણમાંથી બહાર આવવાનું છે. પરંતુ તમારા રોજિંદા જીવનમાં આ બાબતનો અમલ કેવી રીતે કરી શકાય અને તેની ગણતરી કેવી રીતે કરી શકાય? એ માટે હું તમને તમારા સ્મિત પર ધ્યાન આપવાનું સૂચન કરું છું. લોકો કોઈ વ્યક્તિને સ્મિત કરતી જૂએ ત્યારે તેમને પ્રસન્નતા થાય છે, અને લોકોનો પ્રતિભાવ જોઈને સ્મિત કરનાર એ વ્યક્તિ વધારે ખુશ થાય છે. દિવસને અંતે થોડી વાર અટકીને એ વિચાર કરજો કે દિવસ દરમિયાન તમે કેટલી વખત સ્મિત કર્યું. તમે કેટલા લોકોને સ્મિત આપ્યું? તમે એકલા હતા ત્યારે પણ શું તમે સ્મિત કરી શકતા હતા?

ધારો કે કોઈ સુંદર સ્ત્રીને તમે સ્મિત કરતી જૂઓ, તો શું તમે એવું વિચારશો કે તેનો જન્મ જ આ રીતે થયો હશે? કે પછી તમે એવું વિચારશો કે એ મહિલાએ જીવનમાં કદી દુઃખ અને પીડાનો અનુભવ નહીં કર્યો હોય? કદાચ તમે એવું નહીં વિચારો. દરેક વ્યક્તિ એવી મુશ્કેલીઓ અને પીડામાંથી પસાર થાય છે જેની બીજા લોકોને ખબર નથી હોતી. અને એવા સમયે લોકોના ચહેરા પરથી સ્મિત ઊડી જતું હોય છે. પરંતુ યાદ રાખો, આવી ક્ષણોમાં જ તમને ચહેરો હસતો રાખવો કે ઉતરેલો એ બેમાંથી એક વિકલ્પ પસંદ કરવાની તક મળે છે. જ્યારે પણ મુશ્કેલી આવે ત્યારે કાં તો તમે ચહેરાપર ચિંતાની વધુ એક કરચલી પાડી શકો છો અથવા સુંદર સ્મિત કરી શકો છો.

મુશ્કેલીના સમયમાં પણ તમે સ્મિત કરી શકો તો એ શ્રેષ્ઠ બાબત છે. અને હા, એ પણ એટલું જ સાચું છે કે સમગ્ર જીવન દરમિયાન તમે કોઈ મુશ્કેલી કે પીડાનો અનુભવ ન કર્યો હોય તો એ પણ એટલી જ સારી બાબત છે. આવું કહેવા પાછળનો મારો આશય એ છે કે, જે લોકો નકારાત્મક વિચારો કે એવા વિચારોની ઊર્જાને વળગી રહે છે તેમની સાથે હંમેશા એવા જ સંજોગોનું નિર્માણ થયું હોય છે. જે લોકો કાયમ જીવનમાં કંઈક ખરાવ બનવાની ધારણા કર્યા કરતા હોય તેઓ નાનકડા અવાજથી પણ ડરી જતા હોય છે. પ્રતિકૂળ સ્થિતિની જરા સરખી પણ સંભાવના આવા લોકોને દુખી-દુખી કરી દેતી હોય છે. આવા લોકોને સામાન્ય શરદી થાય તો પણ એવું જ વિચારવા લાગે છે કે તમને કોઈ ઘાતક બીમારી લાગુ પડી જશે. આમ, કોઈ વ્યક્તિ જો કોઈ સમસ્યા વિના જીવી શકતી હોય તો તેનો અર્થ એ કે તેમના વ્યક્તિત્વમાં એવું કોઈ તત્વ નથી જે દુઃખને નિમંત્રણ આપે. આવી વ્યક્તિ ઈશ્વરના પ્રેમનો આનંદ માણતી હોય છે એવું કહી શકાય. તો નકારાત્મક લોકોથી દૂર રહો અને માત્ર એવા લોકોની આસપાસ રહો જેઓ ખુશ રહીને તમારા આત્મસન્માનને વધારવા મદદરૂપ થાય તેમ હોય.

તમે નાના હોવ ત્યારે સ્મિત કરવાનું પ્રમાણમાં સરળ હોય છે, પણ તમારી ઉંમર ત્રીસ, ચાળીસ, પચાસ કે સાઠની થાય ત્યારે પણ એ જ સ્મિત જાળવી રાખવાનું મુશ્કેલ હોય છે. વાસ્તવમાં સમાજનું એક આધ્યાત્મિક પાસું છું. જે લોકો તેમના સમગ્ર જીવન દરમિયાન સ્મિત કરતા રહે છે તેઓ બીજી દુનિયામાં જાય ત્યારે પણ એ જ સ્મિત જાળવી શકતા હોય છે.

તમારું સ્મિત તમારા પ્રયાસોનો પ્રમાણ છે

પ્રસન્નતાપૂર્વક જીવવાના મહત્ત્વ વિશે મેં જણાવ્યું. હવે હું એ વાત પર ભાર મૂકવા માગું છું કે તમે પ્રયાસ કરો છો તેનું પ્રમાણ તમારા સ્મિત પરથી મળે છે. આ શબ્દોને તમારા હૃદયમાં અંકિત કરી લો - સ્મિત એ તમારા પ્રયાસોનો પુરાવો છે. આનો અર્થ એ કે જે વ્યક્તિ જરૂરી પ્રયાસ કરે છે તે હંમેશા સ્મિત કરી શકે છે. હંમેશા હસતા રહેવાનો અર્થ એ નથી કે તમે તમારી લાગણીઓ સાથે રમત કરો છો. આમ તો આ એક પ્રકારે અર્પણ જેવું છે. સ્મિત એ ખરેખર તો આસપાસના લોકોને કંઈક આપવા બરાબર છે. જેટલા વધુ લોકો એકબીજા સામે સ્મિત કરશે એટલી દુનિયા વધુ સારી બનશે.

સ્મિતને રસ્તાના કિનારે ખીલતાં ફૂલની સાથે સરખાવી શકાય. પસાર થતા લોકો આવા ફૂલ પર કદાચ વધારે ધ્યાન નહીં આપતા હોય. આવા સ્થળે ફૂલ શા માટે ઊગે છે તેનું તમને કદાચ આશ્ચર્ય પણ નહીં હોય. પરંતુ ક્યારેક ભૂલેચૂકે પણ તેઓ આવા ફૂલને ધ્યાનથી જોઈ લે તો તેની એક જાદુઈ અસર થતી હોય છે. હકીકતમાં ફૂલ આનંદ આપવા માટે ખીલતાં હોય છે, તેઓ પણ બીજા લોકોને પોતાનું સ્મિત અર્પણ કરે છે.

પૂર્ણ રીતે ખીલેલું ફૂલ સ્મિતથી ભરપૂર ચહેરા જેવું લાગે છે. હવે માત્ર એક ફૂલ નહીં પરંતુ ઘણીબધી કળીઓની કલ્પના કરો, તમને એવું લાગશે જાણે સ્મિતનો કોઈ મેળાવડો છે. સ્મિત પ્રત્યે આપણા પ્રયાસો પણ એવા જ હોવા જોઈએ જેથી જે ફૂલોના બગીચા જેવું લાગે. પ્રાણીઓ પણ ક્યારેક ક્યારેક અદભૂત સ્મિત કરતા હોય છે. એવું કહેવાય છે કે શ્વાન ચહેરાના હાવભાવ વ્યક્ત કરતા નથી, પણ મારા મતે આ વાત સાચી નથી. તમારા પાલતું શ્વાનને ધ્યાનથી જોશો તો ખ્યાલ આવશે કે પોતાના હાવભાવ દ્વારા તે દુખ, ખુશી અને ગુસ્સો વ્યક્ત કરે છે. શ્વાન સ્મિત પણ કરી શકે છે. શ્વાન તમારી સાથે મસ્તી કરતું હોય દુનિયાની કઈ વ્યક્તિ દુઃખી થઈ શકે? આ જ બાબત માણસોને લાગુ પડે છે. કોઈ આપણી સામે સ્મિત કરે ત્યારે તેના પ્રત્યે ગુસ્સે થવાનું મુશ્કેલ હોય છે.

૩ સફળતાના નિયમો

શબ્દોની શક્તિ

અગાઉના પ્રકરણમાં મેં સ્મિતની શક્તિ વિશે વાત કરી. એ યાદ રાખવું જરૂરી છે કે પ્રત્યેક સ્મિત વિશ્વના સર્વગ્રાહી કલ્યાણમાં ફાળો આપે છે. અલબત્ત, ક્યારેક એવું પણ બનતું હોય છે કે એકલું સ્મિત પૂરતું નથી હોતું. ક્યારેક શબ્દોનું પણ મહત્ત્વ હોય છે, તો હવે એ વિશે વિચાર કરીએ. મુશ્કેલીના સમયમાં લોકો દુઃખી હોય ત્યારે તેઓ નિરાશાવાદી શબ્દો ઉચ્ચારતા હોય છે. ક્યારેક આવા શબ્દો કોઈપણ જાતના ઇરાદા વિના જ મોંમાંથી સરી પડતા હોય છે. પણ આપણે કાળજી રાખવી જોઈએ, કેમ કે આ એક પ્રકારે જોખમી સ્થિતિ હોય છે.

જે રીતે સ્મિત ચહેરાને શોભાવે છે એ જ રીતે શબ્દો જે તે વ્યક્તિના ચારિત્ર્યનું પ્રતિબિંબ પાડે છે. આમ, કોઈ વ્યક્તિ નિરાશાવાદી શબ્દોનું ઉચ્ચારણ કરે ત્યારે અન્ય લોકો તેનાથી દૂર ખસી જતા હોય છે. સભાનપણે કે અભાનપણે ઘણા લોકોને એવું લાગતું હોય છે કે આવી નિરાશાવાદી વ્યક્તિ સાથે વાત કરવાથી પોતે પણ દુખી થઈ જશે. પરિણામ એ આવે છે કે નિરાશાવાદી વ્યક્તિ વધારે એકલી પડી જાય છે અને વધુ હતાશામાં ધકેલાય છે. આથી નાખુશીના ચક્કરમાં ઓછામાં ઓછા આવીને વધુમાં વધુ સમય આનંદમાં રહેવાય એ રીતે પસાર કરવો જોઈએ.

આવું કેવી રીતે કરી શકાય તેના વિશે વિચારીએ. સૌથી પહેલાં તો, તમે મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યા હોવ ત્યારે કોઈ ફરિયાદ ન કરશો. તમે હકારાત્મક વિચારી કે બોલી શકવાની સ્થિતિમાં ન હોવ તો શાંત રહો. કોઈ મતલબ વિનાનું બેજવાબદાર બોલવા કરતાં આમ કરવું વધારે સારું છે. માની લો કે તમે સવારે ઘરેથી બહાર નીકળ્યા ત્યારે કોઈ દુખદ ઘટના બની જાય અને પછી આખો દિવસ તમે એના વિશે જ વાત કર્યા કરો તો તમારો પોતાનો દિવસ તો કડવાશભર્યો બની જશે એટલું જ નહીં પરંતુ તમારા આસપાસના લોકોનો દિવસ પણ બગડશે. આવા સમયે ખરેખર તો તમારે તમારા જીવનની કોઈ આનંદદાયક કે નસીબદાર ઘટના વિશે વાત કરવી જોઈએ. દિવસ દરમિયાન કોઈક સારી ઘટના બને તેના પર ધ્યાન આપો અને તે અંગે વાત કરો. આમ કરવાથી તમને પોતાને સારું લાગશે અને તમારી આસપાસના લોકો હકારાત્મક પ્રતિભાવ આપશે.

તમે નિરાશા અને હતાશાજનક શબ્દો બોલશો તો એ તમારા હૃદયમાં ઘર કરી જશે. એક વખત શબ્દોનું ઉચ્ચારણ કરી દેવામાં આવે પછી તે વૈચારિક ઊર્જાના સ્વરૂપમાં આસપાસ ફર્યા કરે છે. આવા શબ્દો મોટેથી ઉચ્ચારવામાં આવે તો તે હૃદયમાં અંકિત થઈ

જાય છે એટલું જ નહીં પરંતુ બીજાના હૃદયમાં પણ સોંસરા ઉતરી જાય છે. આથી જ નિરાશાવાદી શબ્દોનું ઉચ્ચારણ જ ન કરો.

આ બધું હું પ્રેમના સંદર્ભમાં કહું છું. બીજા માટે પ્રેમ અને તમારી જાત માટે સાચો પ્રેમ, તમે તમારી જાતની અંદર કરતા હોવ, તમારી જાતને સાચો પ્રેમ કરતા હોવ તો પછી નિરાશાવાદી અથવા નકારાત્મક ઉચ્ચારણોથી તમારા વ્યક્તિત્વ પર ડાઘ લાગવા ન દેશો. એથી વિરુદ્ધ, તમારી પીડાનો લાભ ઉઠાવો અને મક્કમ, હકારાત્મક શબ્દોનો ઉપયોગ કરીને એક જ ઝટકામાં દુખની લાગણીઓને ફગાવી દો. જીવનમાં સફળતા મેળવવા માટેની જે કેટલીક સૌથી મહત્ત્વની તકનીકો છે તેમાંની આ પણ એક છે.

સફળ લોકો હંમેશા હકારાત્મક બોલે છે. તેમના શબ્દો હંમેશા રચનાત્મક હોય છે. તેઓ સમજતા હોય છે કે વ્યક્તિને આગળ વધારવાની ક્ષમતા શબ્દોમાં રહેલી છે. બગી આગળ વધે છે કેમ કે તેને અશ્વ ખેંચે છે, અને એ જ રીતે વ્યક્તિના જીવનને આગળ ધપાવી શકે છે. શબ્દો દ્વારા જ લોકો કાં તો સુખી અથવા દુખી થતા હોય છે.

આ હકીકત છે, અને તેથી જ શબ્દોનો એ રીતે ઉપયોગ કરો જેથી તે તમારા જીવનને આગળ વધારવા માટે કારણભૂત બને. તમે હકારાત્મક શબ્દોનો ઉપયોગ કરશો તો એ તમારા જીવનની બગીમાં વધુ એક અશ્વ જોડવા જેવું કામ થશે. શબ્દો જેટલા વધુ સારા હશે એટલા વધુ પ્રમાણમાં તમારા જીવનપથને તાકાત મળશે. આજના દિવસમાં તમે એક સારો શબ્દ બોલ્યા હોવ તો તમારી જાતને કહી શકશો કે તમારા જીવનને તમે આગળ વધાર્યું છે. તમારા જીવનની બગી એટલી વધુ ઝડપથી, એટલી વધુ તાકાતથી દોડશે, તેને કારણે તમે વધુ લોકોને અને તેમના વજનને પણ આગળ લઈ જઈ શકશો.

નિરાશાજનક બોલવાથી તમારા જીવનની બગી ખોટકાઈ જશે. ક્યારેક જાણે એવી સ્થિતિનું નિર્માણ થશે કે અશ્વને બગીની પાછળ બાંધવો અને તેને ઊંધી દિશામાં ખેંચવા માટે પ્રોત્સાહન આપવું. અને આવા સંજોગોમાં તમે આગળ વધવા માગતા હોવ તો પણ તમારી બગી તો તેના મૂળ સ્થાનેથી દૂરને દૂર ખસતી જશે.

ઉલટી વિચારસરણી

હવે હું સફળતા પ્રાપ્ત કરવાની બીજી ઉપયોગી ટેક્નિક ખુલ્લી કરીશઃ હંમેશા કોઈપણ વસ્તુ વિશે એ દૃષ્ટિએ વિચારવાનું શરૂ કરો જે તમારી દૃષ્ટિ કરતાં તદ્દન વિરુધ્ધ હોય. બીજા શબ્દોમાં કહીએ તો, વસ્તુઓ વિશે ઉલટું, આશાજનક દૃષ્ટિબિંદુથી વિચારો. જો તમે ફસાઈ ગયા હો, એક આઘાત સહ્યો હોય અથવા નિષ્ફળ ગયા હો તો, પરિસ્થિતિને એવી રીતે આકારો જાણે તે વસ્તુઓ સારા માટે થઈ હોય. ક્યારેય એક જ કાળી વાદળીને આખા આકાશને આવરી લેવા ન દો.

ધારો કે તમે એક રાષ્ટ્રીય પરીક્ષામાં નિષ્ફળ ગયા છો અને બીજા વર્ષે ફરી અભ્યાસ કરવાનું દબાણ આવ્યું છે. આ ભયંકર આઘાત હોઈ શકે છે. જોકે, જ્યારે તમે પોતાનો આવી પરિસ્થિતિમાં જોવો, ત્યારે તેના તરફ જોવાની દૃષ્ટિ જુદી જુદી હોઈ શકે છે. જો તમે નિરાશાવાદી છો, તો તમે એમ વિચારી શકો કે તમે તેજસ્વી નથી; કે તમે નથી જાણતા કે તમે આવતે વર્ષે પણ પરીક્ષા પાસ કરી શકશો કે નહીં પરંતુ અહીં પરિસ્થિતિ તરફ જોવાના વધુ આશાવાદી માર્ગો આપ્યા છે.

પ્રથમ તો તમે એવું ગણી શકો કે આ ઈશ્વરનું કાર્ય છે, જે તમને વધુ સારી કારકીર્દી માટે પ્રયાસ કરવાનું કહે છે. હવે તમારી પાસે અભ્યાસ કરવા માટેનું વધું એક વર્ષ છે અને એવું બની શકે કે તમે એક નવી કેડી કંડારી શકો. કદાચ આ અનુભવ તમને આવું શીખવવાનો પ્રયાસ કરતો હોય. તમને જીવનની કઠણાઈઓ વિશે શીખવા માટે આ આકરી કસોટી આપવામાં આવી છે તેમ માનવું તે વિચારવાની બીજી રીત છે. ત્યારે તે તમારા અનુભવની સંપત્તિમાં વધારો કરે છે. તે તમારા આત્માને પોષણ પૂરું પાડે છે અને આ કશુંક એવું છે જેને માટે તમારે આભારી થવું જોઈએ. જ્યારે તમે દુનિયામાં બહાર જાવ અને બીજાને માર્ગદર્શન આપવાની સ્થિતિમાં આવો ત્યારે આ તમને કામ આવશે. આથી તમે તમારું શ્રેષ્ઠ કરવાની અને મહાનતા પ્રાપ્ત કરવા માટે તમારા આત્માને મજબૂત કરવાની તકનો ફાયદો લઈ શકો.

પરિસ્થિતિને ગણત્રીમાં લેવાની ત્રીજી રીત એમ કહેવાની છે કે, “આ અનુભવ દ્વારા ઈશ્વર મને હું કેટલો અહંભાવી અને ઘમંડી છું તે શીખવે છે. હું આનો ફાયદો ઉઠાવીશ અને વધુ નમ્રતાપૂર્વક જીવીશ. બધી જ દીનતામાં, હું મારી જાતને ચકાસીશ અને સુધરવાના સ્થીર પ્રયત્નો કરીશ. બીજાની મંજુરી ઈચ્છવા ને બદલે, હું એવું જીવન જીવવાનો પ્રયત્ન કરીશ જેમાં હું સાચા અર્થમાં સંતુષ્ટ થઈ શકું. હું મારું જીવન ઘડવા માટે

સ્થીરતાપૂર્વક અને નમ્રતાપૂર્વક કાર્ય કરીશ. આ વસ્તુ મારી પરીક્ષામાં નિષ્ફળતાને સાચો અર્થ આપશે."

એવા લોકો હશે જેઓ હકારાત્મકતા જોવા માટે પરિસ્થિતિ તરફ જોવાની તેમની દૃષ્ટિ બદલી નાખતા હોય. આવા લોકો કહે છે, "આ ખાલી પડેલ વર્ષ મને મુલ્યવાન અનુભવ આપી શકે છે, જેનો જો હું ભવિષ્યમાં એક લેખક બનું તો એક પુસ્તકની સામગ્રી તરીકે ઉપયોગ કરી શકું. આ પ્રકારની કઠણાઈ વગર, મને આ ઉત્તમ કાર્ય માટેની સામગ્રી ન મળી શકી હોત." બીજા કદાચ એમ વિચારે, "હું કદાચ શાળાનાં આ વધારાનાં વર્ષ દરમ્યાન, એવી વ્યક્તિને પણ મળું જે મારો આજીવન મિત્ર બની જાય. એવું ઘણીવાર બને છે કે જે મિત્રો આવા વચ્ચેના અવકાશનાં વર્ષોમાં મળે, તેઓ તેમનાં બાકીનાં જીવન માટે ગાઢ મિત્ર રહે કારણ કે તેઓ સહન કરવાના સમયે પરસ્પર ટેકો અને ઉત્સાહ આપે છે. કદાચ મને પણ આવો ભાગ્યશાળી ભેટો થઈ જશે."

છતાં બીજા એવું પણ કહી શકે, "હું એક વર્ષ પૂરતો મોડો થયો છું, પરંતુ તેનો અર્થ એવો પણ છે કે મારે એક વર્ષ વધુ જીવવું પડશે. જો મારા ભાગ્યમાં એંસી વર્ષ સુધી જીવવાનું લખ્યું હશે તો, મારે માત્ર એક્યાસી વર્ષ સુધી જીવવા જેટલું જ કરવાનું છે." આ વધારાનું વર્ષ મેળવવા માટે, આવા લોકો તેમનાં આરોગ્યની સંભાળ લેશે, તેમનાં શરીરને મજબૂત કરશે અને સ્વસ્થ રાખશે. જો આપણે વ્યાપારની દુનિયાના સફળ લોકો તરફ જોશું તો, આપણે એવા ઘણા મળી આવશે, જેઓ તેમની યુવાનીમાં ઘણી આકરની કસોટીમાંથી પસાર થયા હોય.

મને લાગે છે કે માણસે યુવાનીમાં ચોક્કસ કસોટી અને આપત્તિનો સામનો કરવો તે સારું છે. આવા અનુભવોમાંથી પસાર થવું તે આત્માને મજબૂત કરે છે. આ આઘાતો આપણા આત્માઓ પર મૂકાયેલાં ભારે વજન જેવા છે. આપણે આપણો બોજ ઉઠાવવામાં આપણા આત્માનો ઉપયોગ કરીએ છીએ. અને જ્યારે આપણે આવી આકરી કસોટીઓમાંથી સફળતાપૂર્વક બહાર આવીએ છીએ ત્યારે જ આપણો આત્મા પ્રકાશ ફેલાવવાનું શરૂ કરે છે.

આ માત્ર યુવાનો માટે જ નહીં પરંતુ મધ્યવયસ્ક લોકો અને વૃધ્ધો માટે પણ સાચું છે. ધારો કે તમે સાંઈઠ વર્ષ ઉપરના થઈ ગયા છો અને કંપનીમાંથી નિવૃત્તિ લેવાનો સમય આવી ગયો છે. આવા સમયે ઘણા લોકોને થાય છે કે તેમનાં જીવનમાં હવે શું બચ્યું છે. તેઓ યુવાનો તરફ જોવે છે અને કહે છે, "જો હું તેમના જેટલો યુવાન હોત તો હું કાંઈપણ સિધ્ધ કરી શકત, પરંતુ મારી આ ઉંમરે હું કાંઈ નવું શરૂ ન કરી શકું."

આ કિસ્સામાં પણ, પરિસ્થિતિને અવળી બાજુથી જોવાનું શક્ય છે. આવા લોકો કહી શકે કે, "હું મારી સાંઈઠ વર્ષની ઉંમરે મારી યુવાની પાછી શરૂ કરીશ. એમાં કશું જ ખોટું નથી. હકીકતમાં, આના કરતાં વધુ સારો સમય કયો છે? હું મારી નોકરીમાંથી નિવૃત્ત થઈ ગયો છું અને બીજી યુવાની માટેનો આ આદર્શ સમય છે. હું કશુંક એવું કરવા માગું છું. જે

યુવાનો કરે." જો એક વ્યક્તિ આવા આદર્શો વડે સળગી રહી હોય, તો જાણે તે ફરી યુવાન હોય તેમ તેમનું જેમ પુનઃસ્થાપિત કરશે. જ્યાં સુધી તે નવા અને ઉચ્ચ ધ્યેયો જાળવશે ત્યાં સુધી ઉંમરની વાત વચ્ચે આવશે નહીં.

મધ્ય-સ્તરના કાર્યપાલકો, જેઓ વ્યાપારના આઘાતના રૂપમાં કઠણાઈઓનો અથવા પદચ્યુત થવાને અનુભવે કરે છે, તેમણે પણ તે બાબતને એક અનુભવ શીખવાના ભાગ તરીકે લેવી જોઈએ અને આગળ વધવું જોઈએ. જો તમારી એક શાંત વિભાગમાં બદલી કરવામાં આવે, તો તમને તમારી બેટરી રીચાર્જ કરવાની તક અપાઈ છે, તેમ વિચારો, અને કોઈક ગંભીર અભ્યાસ કરવા માંડો. તેનાથી ઉલટું, જો તમને એક વ્યસ્ત વિભાગમાં મોકલવામાં આવ્યા હોય તો તમારી જાતને થકવી નાખો અને જેમણે તમને ત્યાં મોકલ્યા છે તેમની અપેક્ષાઓ મુજબ જીવો. બીજા શબ્દોમાં કહીએ તો, તમે પોતાની જાતને ગમે તે પરિસ્થિતિમાં મૂકાયેલી જોવો, તમારું શ્રેષ્ઠ કરવાનો પ્રયત્ન કરવો તે મહત્ત્વનું છે.

બીજું દૃષ્ટાંત લઈએ તો, આજની ઝડપી-ગતિવાળી દુનિયામાં ઘણી મહિલાઓ લગ્ન સાથે સંકળાયેલ સમસ્યાઓ વડે સહેલાઈથી દુઃખ ભોગવે છે. તેઓ ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ આદર્શ સાથી શોધી શકતી નથી. અથવા તો તેમને લાગે કે તેમણે આવો સાથી શોધી કાઢ્યો છે, ત્યારે પણ વધુ એક વખત નિરાશા જ સાંપડે છે. આવા પ્રકારના અનુભવો તેમને ક્રમશઃ વક્રદર્શી અથવા નિરાશ બનાવી શકે. એક યુવાન સ્ત્રી તરીકે, તમારે દરેક પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે: તમારો પ્રેમભંગ થઈ શકે છે, તમને એક અયોગ્ય વ્યક્તિની ઓળખાણ કરાવવામાં આવે, અથવા તો તમારા પરિવારમાં તમને મુશ્કેલી હોઈ શકે. જોકે, જો તમે આ અનુભવોને નિષ્ફળતા તરીકે લો અને તમારા ઘાવને પંપાળ્યા કરવાનું ચાલુ રાખો, તો તમે તમારી આધ્યાત્મિક શિસ્તમાં પાછા પડ્યા છો. તમારે પૃથ્વી પર તમારા આત્માને મજબૂત અને શુધ્ધ કરવા માટે શિસ્ત તરફના વધુ પ્રયાસો કરવા જોઈએ. નહીંતર, અહીંનો તમારો સમય અર્થહીન છે. આપણા જીવનની દરેકે દરેક પરિસ્થિતિ પાસે આપણને શીખવવા માટે એક બોધપાઠ છે.

મહિલાઓ માટે, ખાસ કરીને જ્યારે તેઓ યુવાન હોય ત્યારે, લગ્ન તેમના પૃથ્વી પરની આધ્યાત્મિક શિસ્તનો ઘણો મોટો ભાગ ઘડે છે. તેઓ તેમનું આખું જીવન જોખમને ટાળી શકતી નથી. અથવા શાંત પાણી પર વહી શકતી નથી. તેમની યાત્રામાં ઝંઝાવાતો હશે, અને આવા સમયે, તેમને માટે આશ્રય ઈચ્છવો જરૂરી બની જશે. પરંતુ ગમે તે થાય, હિંમતપૂર્વક યાત્રાને ચાલુ રાખવી મહત્ત્વની છે.

વ્યથાઓની વચ્ચે, તમારું વલણ એ વસ્તુને શોધવાનું હોય તે મહત્ત્વનું છે, જે તમારા આત્માને ઝળહળતો કરે અને તે પ્રાપ્ત કરવા માટેનો શ્રેષ્ઠ પધ્ધતિઓ મેળવી આપે. જ્યાં સુધી તમે આ છટા જાળવી રાખો, તો પરિસ્થિતિ ગમે તે હોય, તમે તેમાંથી બહાર આવી શકશો.

માટે, જે લોકો એવી ભીષણ કઠણાઈમાં છેકે બહાર નીકળવાનો કોઈ માર્ગ નથી, તેવા લોકોને હું પૂછવા ઈચ્છીશ કે તમે તમારી સમસ્યાઓને ઉકેલવાના કેટલા માર્ગ ધ્યાન પર લીધા છે? તમે એવું વિચારી શકો કે આવા માર્ગો બહુ મર્યાદિત સંખ્યામાં છે અને તમે એક એવા છેડે આવી ગયા છો, જ્યાંથી આગળ માર્ગ નથી, પરંતુ શું તમને એ બાબત ખાતરી છે? શું તમે ચોક્કસ છો કે બીજો કોઈ માર્ગ નથી જ? શું તમે માની લીધું છે કે તમારી પાસે બીજી કોઈ યુક્તિ નથી?

સત્ય એ છે કે ચોક્કસપણે બીજો માર્ગ છે જ. કોઈક વખત માત્ર એવું હોય છે કે તમે આ વિકલ્પો તરફ ખૂલ્લા હોતા નથી. તમને કદાચ ચિંતા હોય કે આનો કોઈ અર્થ દેખાતો નથી, અથવા બીજા લોકો આનો વિરોધ કરશે અથવા તે કરવા માટે તમને તમારામાં વિશ્વાસ નથી. તમારી પાસે દરેક પ્રકારનાં બહાનાં હોઈ શકે, પરંતુ એમ કરીને તમે માત્ર તમારી ક્રિયાઓ માટેની સંભાવના મર્યાદિત કરી નાખો છો. મને ખાતરી છે કે આવું જ થાય છે.

જ્યારે એક સમસ્યા ઉભી થાય ત્યારે તેમાંથી બહાર આવવા માટે તમે કેટલા રસ્તા વિચારી શકો છો તે તમારી જાતને પૂછો. પછી સફળતા મેળવવા માટેનો કયો માર્ગ સૌથી ચપળતાભર્યો સૌથી કાર્યક્ષમ અને સૌથી ઝડપી છે તે ધ્યાન પર લો. જે લોકો પોતાની સમસ્યાઓનો આ રીતે અભ્યાસ કરે છે તેઓ, સમય આવ્યે, બીજા લોકોની સમસ્યાઓના ઉકેલ શોધવા માટે પણ નિર્ણયાત્મક રીતે કામ કરશે.

સમતલ વિચારસરણી

મેં ઉલટા વિચારો વિશે વાત કરી છે, અને મૂળભુત રીતે તે બધું આ રીતે ઉકલે છે: તમારા લક્ષ પર પહોંચવાના અગણિત માર્ગો છે. જો તમે માનો કે તમારી સમસ્યાઓ ઉકેલવાના અસંખ્ય માર્ગો છે, તો જીવન ઘણું વધારે માણવા યોગ્ય હશે. જે વ્યક્તિ માને છે કે તેને માટે માત્ર એક જ માર્ગ ખૂલ્લો છે અને તેણે માત્ર એક જ માર્ગ પર પ્રવાસ કરવો જોઈએ, તે જેવો તેને પહેલા અવરોધનો સામનો થશે કે તરત જ તરફડીયાં મારવા લાગશે. જોકે, એવી વ્યક્તિ કે જે તેની સામે વાંકા ચૂંકા થતા અનંત માર્ગો જોવે છે, તે બધા અવરોધોને વળોટી જશે. જો તે બંધ માર્ગ સામે આવી જશે તો પણ તે આગળ વધવા માટે બીજો માર્ગ લઈ શકશે. આ રીતે નવા માર્ગો ખોલવાનું બધા માટે શક્ય છે.

એવા લોકો પણ હશે, જેઓ કહેશે કે આ તો માત્ર તકવાદિતા અથવા નિર્ધારનો અભાવ છે, પરંતુ તેમના શબ્દો કે તેમના વિચારો, કાંઈ જ સાચું નથી. જ્યારે તમે ભૌતિક સ્વરૂપે જનમ્યા છો ત્યારે તમને સ્વતંત્ર ઈચ્છા આપવામાં આવી છે. આનો અર્થ એ છે કે તમને પસંદગીઓ કરવાના અધિકાર અને તેની સાથે આવતી જવાબદારીઓ આપવામાં આવી છે. આમ હોવાથી, તમે શ્રેષ્ઠ પરિણામ પસંદ કરવાનો પ્રયત્ન કરી શકો છો. આથી તમારી સમસ્યાનો માત્ર એક જ ઉકેલ છે, તેમ તમારી જાતને કહેવાનું બંધ કરો. હંમેશાં વધુ સારા માર્ગની શોધમાં રહો.

આ વ્યાપાર વ્યવસ્થાપનને પણ એટલું જ લાગું પડે છે. વસ્તુઓ કરવા માટે નવા વિચારો અને વધુ સારા માર્ગોની શોધમાં હોવાનું હંમેશાં મહત્ત્વનું છે. બીજા સાથે વ્યવહાર કરતી વખતે પણ આ જ વસ્તુ કહી શકાય. યોગ્ય હોય તે રીતે બોલી શકવું તે આવશ્યક છે. આ ફીલોસોફી સાથે રહીને, હંમેશાં બીજાઓને તેમણે હંમેશાં કેવી રીતે વિચારવું અથવા કરવું જોઈએ તે કહ્યા કરવાનું સારું નથી. ઘણા કિસ્સાઓમાં, એક વ્યક્તિ માટે જે વિચાર યોગ્ય હોય તે બીજા માટે તેવો ન પણ હોય. હું અવકાશનાં પરિમાણોનો ઉપયોગ કરીને આને સ્પષ્ટ કરવા ઈચ્છીશ. ધારો કે તમે દ્વિપરિમાણીય દુનિયામાં જીવતા હતા. જો તમે એક જટિલ જાળામાં ખોવાઈ જાવ, તો તમે નિઃસહાય થઈ જશો. દ્વિપરિમાણીય દુનિયામાં તમારે માટે કશું જ નહીં થઈ શકે. જોકે, જો તમે એક ત્રી-પરિમાણીય દુનિયાનો માર્ગ શોધો, તો તે ખૂબ જ સરળ થઈ જશે. તમે બહાર નીકળવાના માર્ગ પર પહોંચવા માટે તમારા અવરોધો પર સરસાઈ મેળવશો.

જ્યારે હું તમને કહું છું કે તમારા લક્ષ માટેના અગણિત માર્ગો છે, ત્યારે હું તમને તમારી શોધને “દ્વિ પરિમાણ”થી આગળ વિસ્તારવાનું કહું છું. આ રીતે, હંમેશાં બીજો માર્ગ મળી

આવે છે. આનો અર્થ એ છે કે જો તમે એક પરિમાણમાં એક સમસ્યાને કારણે તમારી જાતને યાતના ભોગવતી જોતા હોવ તો સાવેસાવ અલગ દૃષ્ટિબિંદુ અપનાવીને ઉકેલ શોધો. આવી જ રીતે આપણે ત્રિ-પરિમાણીય દૃષ્ટિમાંથી જોઈને દ્વિ પરિમાણીય જટીલ જાળાંની દિવાલોને કુદી શક્યા હતા અને આપણે વધુ ઉંચા પરિમાણ પરથી દૃષ્ટિ અપનાવીને આપણા ત્રિ પરિમાણીય જગતના અવરોધોને પણ જીતી શકીએ.

મેં આ વિગતવાર વર્ણવ્યું છે કારણ કે મોટાભાગના લોકો તેમની જીંદગીઓને એક જ દિશામાં કરાતી (વર્ટીકલ) વિચારો પર મૂકે છે. દૃષ્ટાંત તરીકે, જ્યારે લોકો એક કુવો ખોદે ત્યારે જો તેમને પાણી ન મળે તો તેઓ ધારી લે છે કે કુવો પૂરતો ઉંડો નથી. શિરોલંબ વિચારસરણી મુજબ, તેઓ પાણીની શોધમાં વધુ ઉંડું ખોદે છે. જો તેમને પચાસ મીટરે પાણી ન મળે તો તેઓ સો મીટર ઉંડું ખોદે છે. જો તેમને હજી પણ પાણી ન મળે તો તેઓ કદાચ બસ્સો મીટર સુધી પણ ખોદવાનું ચાલું રાખે છે. આ માનસિક પ્રક્રિયાને એક જ દિશામાં કરાતી વિચારસરણી કહેવાય છે અને મોટાભાગના લોકોમાં તે સર્વસામાન્ય છે.

બીજા પ્રકારની વિચારસરણીને સમતલ અથવા પાર્શ્વ વિચારસરણી કહેવાય છે. જો તમે એક ચોક્કસ ઉંડાઈ સુધી ખોદયા પછી પાણી નથી મેળવતા, તો તમે બીજું સ્થળ શોધશો. તમે એક જુદા સ્થળે કુવો ખોદશો. વિચારોની આ પધ્ધતિ સરળ લાગે છે, પરંતુ રોજીંદા જીવનમાં ઉપયોગ કરવો મુશ્કેલ છે. આ વિચારસરણીને દેખીતી રીતે સમજવાનું તમારે માટે સરળ બને તે માટે હું કુવો ખોદવાનું ઉદાહરણ આપું છું. જોકે, જ્યારે વાત દરરોજની ચિંતાઓ અને વધુ વિચિત્ર પ્રશ્નો પર આવે ત્યારે “ઘણા બધા કુવાઓ ખોદવા” નો અર્થ શું થાય તે વિશે વિચારવાનું વધુ મુશ્કેલ બને. મોટાભાગના લોકોને એવું વિચારવાની વૃત્તિ હોય છે કે તેમને માટે જીવનમાં એક જ માર્ગ ખૂલ્લો છે. ઉદાહરણ તરીકે, જ્યારે તેઓ તેમનાં કામમાં બંધ માર્ગ સુધી પહોંચી ગયા છે તેમ માની લે છે, ત્યારે હવે શું કરવું તેમાં તેઓ ગુમ થઈ જાય છે.

તેઓ એવું માનવા લાગી શકે કે તેઓ તેમના ઉપરીઓ કે હાથ નીચેનાઓ સાથે તાલમેલ બેસાડી શકતા નથી; તેમને બઢતીની બહુ ઓછી શક્યતા લાગે છે; અને તેમને કામ કંટાળાજનક લાગે છે. તે ઉપરાંત, તેઓ એવું પણ વિચારી શકે કે જો તેમણે કામ છોડવું પડશે તો તેમનો પરિવાર ભૂખે મરશે. હેમ્લેટની જેમ તેમના પોતાના અનિર્ણયો વડે યાતના પામીને જીવતા અસંખ્ય લોકો આ દુનિયામાં છે.

આ પરિસ્થિતિમાંથી બે માર્ગ નીકળે છે. કાં તો તેઓ તે જ કંપનીમાં પોતાની સ્થિતિ સુધારવા માટે કઠોર પરિશ્રમ કરી શકે. અથવા બધું ફગાવી દઈને નવાં ક્ષેત્રમાં નવી શરૂઆત કરે. આ બે માંથી એક કરવું જ જોઈએ. જો તમે પોતાની જાતને આવી એક પરિસ્થિતિમાં જોવો અને એમ લાગે છે કે એક નિર્ણય પર આવવાનું અશક્ય છે, તો તમારાં મનને તૈયાર કરવા માટે શું જરૂરી છે તે તમારી જાતને પૂછો. ઉંડાણપૂર્વક વિચારો. કાં તો તમે પોતે આ નિર્ણય લઈ શકો અથવા સલાહ માટે કોઈ મિત્રને પૂછી શકો. તમે નોકરી બદલવામાં કઈ કઈ વસ્તુનો સમાવેશ થશે તે વિશે સખત સંશોધન પણ કરી શકો. ત્યારે તમારે એ સંશોધન

કરવાની પણ જરૂર પડશે કે બીજી નોકરી તમને માફક આવશે કે નહીં અને ત્યાં તમારી સફળ થવાની તકો કેટલી છે. તે જ સમયે, એ ખાતરી કરવા માટે કે તમારી વર્તમાન નોકરીમાં કોઈ ભવિષ્ય નથી, તમારે તમારી ત્યાંની સંભાવનાઓનું પણ વિશ્લેષણ કરવું જરૂરી છે. આ બધું કરતી વખતે, ઘણીવાર એવું બને છે કે અણધારી રીતે એક માર્ગ પોતે જ નીકળી આવે છે.

ઉપસંહાર એ છે કે, તમારી જાતને વર્ટીકલ વિચારસરણીમાં ફસાવા ન દો. તેને બદલે, તમારી જાતને સમતલ વિચારસરણીનો પડકાર આપો; એમ વિચારવા માટે કે “શું તમે તદ્દન અલગ સ્થળે કુવો ખોદી શકશો?”

પ્રકરણ-૪

કાર્યસ્થળે કેવી રીતે સફળ થવું

હવે આપણે કાર્યસ્થળ વિશે વિશિષ્ટ રીતે જોઈએ. કયા પગલાં છે, જે આપણને સફળતા તરફ આગળ લઈ જશે? આ પ્રકરણમાં કાર્યસ્થળે સફળ થવા માટેની એક સંકલિત પધ્ધતિ રજૂ કરવાનું મને ગમશે.

૧ સફળતાના નિયમો

ઉપરીનો આદર કરો

મને એવી દરખાસ્ત વડે શરૂ કરવાનું ગમશે કે તમે તમારા કરતાં વધુ ઉપરનો હોદ્દા ધરાવનારાઓને માન આપો. આ અતિશય મહત્ત્વનું છે. વ્યાપારના વિષય પર લખાયેલાં અસંખ્ય પુસ્તકો છે પરંતુ બહુ ઓછાં એવી દરખાસ્તથી શરૂઆત કરે છે કે તમે તમારા ઉપરીઓને માન આપો. જોકે, તે તમારી સફળતા માટે અગત્યનું છે. તમે જોશો કે જે લોકો કાર્યસ્થળે સફળ નથી થતા, તેઓ સામાન્ય રીતે તેમના ઉપરીઓનો આદર નથી કરતા.

તમારી ઉપરના સ્થાને છે તેમના દોષ હોય તેવી શંકા ઘણી ઓછી છે. બધા માણસોમાં અપૂર્ણતા હોય છે અને તમારા ઉપરી પણ ઘણી રીતે ઉણપવાળા હોય તેવું બની શકે. જોકે, સાચી હકીકત એ છે કે તેને તમારી ઉપરનાં સ્થાને મૂકવામાં આવ્યા છે એનો અર્થ એવો છે કે તેનાથી પણ ઉપરના સ્થાન પર રહેલા કોઈક તેમને સક્ષમ ગણે છે. માટે તમારા ઉપરી વિશે ક્ષમતામાં ઉણપ ધરાવતા હોય તેવા અથવા તમારાં ધ્યાન કરતાં સાવ નીચા એવા કોઈક તરીકે ન વિચારશો. તમારા ઉપરીનાં સારાં અને નરસાં પાસાંઓની સૂચિ બનાવો. જો તમને લાગે કે સારાં કરતાં ખરાબનું પલ્લું ભારે છે, તો તમે નવી નોકરી શોધી કાઢો તે શ્રેષ્ઠ છે. જો તમે માનતા હોવ કે તમારી ઉપર રહેલી વ્યક્તિ તમારા કરતાં ઘણી ઓછી ક્ષમતાવાળી છે, તો તમારી હતાશા વધી જશે અને એ શંકાવગરની વાત છે કે તમારા ઉપરી પણ અસંતુષ્ટતા અનુભવશે. જો આ સંબંધથી તમે બંન્ને સંતુષ્ટ હોવ તો તમે તમારી વર્તમાન કંપનીમાં સફળતા મેળવો તેવી શક્યતા ઓછી છે.

હું અહીં જે વાત પર ભાર મૂકવા માગું છું તે એ છે કે એ હકીકત છે કે ઉપરી તે હોદ્દો સંભાળે છે, એટલે કે અમુક ક્ષેત્રોમાં તેમનો દેખાવ તમારા કરતાં વધારે સારો છે. આ કારણસર, તેમને તેમની ક્ષમતાઓ તથા ભૂતકાળની સિધ્ધીઓ માટે માન આપવું જરૂરી છે.

દૃષ્ટાંત તરીકે માલિક-તાલીમાર્થીની પરિસ્થિતિ લો. તમારા માલિકની આવડતોનાં ચોક્કસ પાસાંઓમાં તમને શંકા હોય તો પણ, હજી તમે તેના અભિપ્રાયો સાંભળશો, અને જો તમે વિચારશો કે તમે ભૂલ કરી હતી, તો તમે તેમની માફી માંગશો. એક કાર્યાલયમાં કામ કરવું તે આનાથી અલગ નથી. તમારે તમારા ઉપરી સાથે તમારા માલિક તરીકેનો વર્તાવ કરવો જોઈએ અને તમારી ક્ષતિઓમાંથી બહાર આવવા માટે તેમની પાસેથી શીખવું જોઈએ.

આનો અર્થ એમ કે તમને એમ લાગતું હોય કે તે તમારા કરતાં ઉતરતી કક્ષાનાં છે તો પણ, તમારા ઉપરીની સમાલોચના તરફ ખૂલ્લા હોવું જોઈએ. સમગ્ર ઈતિહાસમાં, સામાન્ય

લોકોએ વારંવાર અને યોગ્ય રીતે મહાન વ્યક્તિઓની ટીકા કરી છે. લોકો, જ્યારે તેમનાં મનની સ્થિતિ-અવસ્થા-નીચી હોય ત્યારે પણ, બીજાની ખામીઓ ક્ષતિરહિત રીતે જોઈ શકવા સક્ષમ હોય છે. માટે, જો તમારો ઉપરી તમારા કરતાં ઘણી રીતે ઉતરતો હોય તો પણ, તે તમારી ત્રુટિઓ ચિંધી બતાવવા સક્ષમ હશે જ. અને જ્યારે તે તમને આ બાબત સાવધાન કરે, ત્યારે ઈશારો સમજી લેજો અને તમારી જાતને સુધારવા માટે ગંભીર વિચાર કરજો.

એ સમજવું મહત્ત્વનું છે કે જે લોકો તેમના ઉપરીઓને માન નથી આપતા તેઓ આગળ વધી નહીં શકે; તેઓ સફળતા પ્રાપ્ત નહીં કરે. આવું એટલા માટે છે કે, માન ન આપીને તેઓ ઉચ્ચ અધિકારીઓના નિર્ણયો તરફ શંકાનો મત ધરાવે છે. જે લોકોએ તમારા ઉપરીને તેમના વર્તમાન હોદ્દા પર બઢતી આપી છે તેઓ નિસરણી પર હજી વધારે ઉપર છે અને સૌથી ઉપરનાં સ્થાને પ્રમુખ પોતે છે. જો તમને પ્રમુખ જ ન ગમતા હોય, તો તે કંપનીમાં સફળતા મેળવવાની તમારી કોઈ સંભાવના નથી. આમ થવાનું કારણ એ નથી કે તમે અથવા કંપની દોષિત છો. તેનો અર્થ માત્ર એટલો જ છે કે તમે એક બીજા માટે યોગ્ય નથી. માટે જો તમે જે તંત્ર માટે કામ કરો છો તેમાં ચાલુ રહેવા માંગો છો, તો તમારા ઉપરીઓને માન આપતાં શીખો.

૨ સફળતાના નિયમો

હાથ નીચેના માણસોને ચાહો

જેમ પોતાના ઉપરીઓને માન આપવાનું અત્યાવશ્યક છે, તેમજ તમારા હાથ નીચેના હોદ્દા પરનાને ચાહવા તે પણ તેટલું જ જરૂરી છે. એવા શંકારહિત લોકો છે જેઓ એમ માને છે કે તેઓ માત્ર પોતાની જાતે સફળતા મેળવવા સક્ષમ છે, પરંતુ ખરેખર તો પોતાના હાથ નીચેના માણસોના ટેકા વગર કોઈ માણસ તેમ કરી ન શકે. તેઓ કદાચ હંગામી સફળતા મેળવી શકે પરંતુ આખરે, તેઓ બીજાનો વિશ્વાસ અને તેની સાથે જ સત્તાનું સ્થાન ગુમાવશે. તમને ખબર હોવી જોઈએ કે જો તમે તમારા હાથ નીચેના માણસોને પ્રેમ નહીં કરો તો તેઓ તમને મદદ કે ટેકો આપવા ઈચ્છશે નહીં.

તો પછી હાથ નીચેના માણસોને ચાહવા તેનો અર્થ શું? સૌ પ્રથમ તો એનો અર્થ છે કે તેમને તેમનું સામર્થ્ય વિકસાવવામાં મદદ કરવી અને સાથો સાથ જ તેઓ ક્યાં ખોટા હતા તે તેમને જણાવવું. વધુ ઉપરનાં સ્થાન પરની વ્યક્તિ તરીકે તેઓ વખાણને લાયક અને વધુ સારા સ્થાન માટે સક્ષમ બને તે ખાતરી કરવી તે તમારી જવાબદારી છે.

તમારે તેમની ક્ષમતાઓ તરફ ઈર્ષાળુ ન થઈ જવા માટે પણ ખૂબ જ સાવધાન રહેવું જરૂરી છે. એવા લોકો હોય છે જેમનું તેમના કરતાં વિશિષ્ટ ક્ષમતા ધરાવનાર નીચેના લોકો તરફ ઈર્ષાળુ થઈ જવાનું વલણ હોય છે. ઘણીવાર તેઓ તેમના હાથ નીચેના માણસોની નિંદા કરવા માટે તથા અવરોધ ઉભો કરવા માટે પોતાનાથી બનતું બધું જ કરી છૂટે છે. જ્યારે આ ક્રિયાઓ દેખીતી રીતે તમારા હાથ નીચેનાને સફળ થવાથી અટકાવશે ત્યારે જ તમારી પોતાની સફળતા પણ તમે જે પ્રકારનું મુલ્યાંકન આપશો તેના વડે રૂંધાશે.

જે લોકો સાચી સફળતા મેળવે છે તેઓ બીજાઓને તેમની પ્રતિભાઓ માટે ચાહે છે. વધુ વિશેષતઃ, તેઓ એ લોકોને ચાહે છે જેમનામાં એવી પ્રતિભા હોય જે પોતે નથી ધરાવતા હોતા અને આથી, જેમનામાં અજોડ ક્ષમતાઓ છે તેમને પ્રોત્સાહિત કરે છે અને પોષે છે. તમારા સ્થાન કરતાં નીચેના લોકોને ચાહવા એટલે તેમની અજોડ લાક્ષણિક્તાને જેમની તેમ રહેવા દઈને તેમને તેમની ક્ષમતા વિકસાવવામાં મદદ કરવી. આ સૂચવે છે કે જો તમારા હાથ નીચે એવી વ્યક્તિ હોય, જે તમારા પોતાના કરતાં વધુ પ્રતિભાવાન હોય, તો તમારે તેના પર ગર્વ લેવો જોઈએ. આમ કરવામાં તમે મનની ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરો છો. જ્યારે તમે આવું વલણ સિધ્ધ કરશો, ત્યારે જ માત્ર તમે આગળ વધી શકો.

એ વસ્તુ ધ્યાનમાં રાખો કે લોકો એકલા એકલા સફળતા પ્રાપ્ત નથી કરતા. તેઓ તો જ તે મેળવે છે, જે તેમને બીજાનો ટેકો હોય. તેઓ લોકપ્રિય આદેશ દ્વારા સફળતા મેળવે છે.

આ વસ્તુ માણસને આગળ વધવાની શક્તિ આપે છે.

ટૂંકમાં, એવા પ્રકારની વ્યક્તિ બનવાનું લક્ષ રાખો જેની નીચે કામ કરવાથી બીજા ખૂશ હોય. બીજી વ્યક્તિનાં સામર્થ્યને વખાણવા તથા પોષવાની ક્ષમતા કેળવો. આ વસ્તુ તમને પોતાને વિકસાવવામાં મદદ કરશે અને ત્યારે તમે નવી આધ્યાત્મિક ઉંચાઈઓએ પહોંચી શકશો.

તમારા કાર્યનું મૂલ્ય વધારો

પછીનાં મહત્ત્વ પર છે આપણાં ભથ્થાંઓ તથા વાર્ષિક બોનસો. કાર્યસ્થળે આપણી ક્ષમતાઓ અને પ્રયાસોની ભરપાઈ એ અસંતોષનો અનંત સ્ત્રોત છે. આ માનવ સ્વભાવ છે અને પારિણામિક હતાશાને હળવી કરવા બહુ ઓછું થઈ શકે છે. મોટા ભાગના લોકો, જો તેમની સાથે જ કંપનીમાં જોડાયેલા કર્મચારી કરતાં જો તેઓ દસ ડોલર્સ જેટલું પણ ઓછું મેળવે તો તેમને ખરાબ લાગે છે. તેનાથી ઉલટું, જો તેમણે મેળવેલી બોનસની રકમ તેમના સાથી કર્મચારીઓએ મેળવેલી રકમ કરતાં સો ડોલર્સ વધારે હોય તો તે તેમને ખૂશ કરી દેશે અને તેઓ બીજા લોકો પણ આ વિશે જાણે તેમ ઈચ્છશે. આશા અને નિરાશા વચ્ચે આ રીતનો ભાવનાત્મક ઉતાર ચડાવ એ સામાન્ય લોકોની લાક્ષણિકતા છે. સમાન્ય કક્ષાને પાછળ છોડવા માટે અને ચારિત્ર્યનો વિકાસ પ્રાપ્ત કરવા માટે તમારે તેનાથી દૂર રહેવું જોઈએ.

જેઓ તેમના પગારથી નાખૂશ છે, જેમને લાગે છે કે તેમનાં કઠીન મહેનત વળતરનાં ઉંચાં સ્તરને લાયક છે, તેમને હું પૂછું છું કે, શું તમે જાણો છો કે તમે તમારી કંપનીને કેટલી કિંમતમાં પડો છો? એક નવો કર્મચારી જ્યાં સુધી તેણે જરૂરી તાલીમ મેળવી ન હોય ત્યાં સુધી સામાન્ય રીતે તેના પગારને યોગ્ય હોય તેવું કમાઈ આપતો નથી. આને ઘણા મહિનાઓ લાગી શકે. જો બીજા લાભોનાં પેકેજીસ અને અન્ય શરતોને ધ્યાનમાં લેવામાં આવે તો એક નવો કર્મચારી તેની કંપનીને અતિ વિશાળ રકમની કિંમતમાં પડે છે. તે તેની કંપનીની આ કિંમતને યોગ્ય કરવા પૂરતું કેવી રીતે કમાશે તે તમારી જાતને પૂછો. તે અશક્ય છે. માટે, તે એક અનુભવી કર્મચારી છે, જે કેટલાંક વર્ષોથી કંપનીની સાથે છે, જે આ ખર્ચ માટે વળતર ચૂકવે છે, તેને સરભર કરી આપે છે.

તમારે માટે અનુભવી કર્મચારીનો અર્થ શું છે? જો તમે એવી ઉંમરે પહોંચી ગયા હોવ જ્યાં તમે તમારી ક્ષમતાઓની ટોચ પર હોવ તો એમ ન માનશો કે તે તમારા પગારને લાયક હોય તેટલું કમાવા માટે પૂરતું છે જેઓ હજી પોતાને માટે પૂરું પાડે તેટલા તાલીમબધ્ધ નથી તેમને માટે પણ તમારે પૂરું પાડવું જરૂરી છે. તમારે તમને જેને માટે વળતર ચૂકવાય છે તેના કરતાં દસ ગણું કામ કરવાનું લક્ષ રાખવું જોઈએ. તમારો હેતું તમારા વાર્ષિક વેતન કરતાં દસ ગણો નફો ઉભો કરવાનો હોવો જોઈએ.

અલબત્ત, જ્યારે હું તમને દસ ગણો વધુ પરિશ્રમ કરવો જોઈએ તેમ કહું છું ત્યારે હું તમે નોકરીમાં જે સમય પસાર કરો છો તેની વાત નથી કરતો. છેવટે તો, દિવસમાં માત્ર ૨૪ કલાક જ હોય છે તેને બદલે તમારે તમારા કામનો જથ્થો જોવો જરૂરી છે. તમે કટોકટીના

સમયે સફળ થાવ અને હંમેશાં તમારી કાર્યક્ષમતાનું સ્તર ઉપર લાવવાનો પ્રયત્ન કરો તેની ખાતરી કરો. તમારું વલણ તાર્કિક બનવા દો, તમારા વિચારો નવા અને સર્જનાત્મક થવા દો અને તમારી ક્રિયાઓને કાર્યક્ષમ બનવા દો.

જો તમે કરો છો તે કાર્ય તમે જે પગાર મેળવો છો તેના કરતાં દસ ગણું વધારે છે અને તેમ છતાં તમારા પ્રયાસો પર ધ્યાન નથી અપાતું તો તમે કંપનીમાંથી રાજીનામું આપો તે યોગ્ય છે. જોકે, જો તમે કંપનીમાં બીજાઓ કરતાં સહેજ જ વધારે કામ કરો, પરંતુ તેમ છતાં તમે અસંતુષ્ટ હોવ, કારણ કે કોઈ તમારા પ્રયાસોને ધ્યાનમાં નથી લેતું, તો હું માનું છું કે તમારે તમારી જાગૃતિને વધુ ઉંચા સ્તરે ઉપર લાવવી જોઈએ.

તમને કામ માટે જેટલું વળતર ચૂકવાય છે. તેના કરતાં એટલું બધું વધારે કામ કરવા મથો જેથી તમારા કામ અને પગાર વચ્ચેની અસમાનતા બધાને દેખાય. જો બે કે ત્રણ વર્ષની અંદર તમને માન્યતા ન મળે તો તમે જેને માટે કામ કરો છો તે કંપની તમારે માટે યોગ્ય જગ્યા નથી. જો આમ જ હોય તો તમારે માટે નવી નોકરી શોધવી તે જ વધુ સારું છે. તમારે માટે ચોક્કસ બીજે ક્યાંક વધુ પરિપૂર્ણતાવાળી કારકિર્દી હશે જ.

સાહજિક રીતે, મોટા ભાગના લોકો તેમનું કામ અને પરિણામે મળતા બોનસની બીજા સહકર્મીઓ સાથે સરખામણી કરે છે. મોટેભાગે તેઓ માને છે કે તેમણે તેમના સાથીકર્મી કરતાં ૧:૨ વખત વધુ કામ કર્યું છે પરંતુ બોનસ તો ૧:૧ વખત જેટલું જ મળ્યું છે. આ વસ્તુ અસંતોષની લાગણી ઉપર લાવે છે. જોકે, ખાસ કરીને આવું એટલા માટે છે કે લોકો એટલા ટૂંકા-મનના હોય છે, તેમની દૃષ્ટિ એટલી સાંકડી હોય છે, કે તેઓ ઘણું બધું મેળવતા નથી.

વ્યક્તિએ માત્ર પોતાના ખાતર કામ કરવું પૂરતું નથી. માત્ર રોજી રોટી કમાવા માટે જ કામ કરવું પણ પૂરતું નથી. એવા ઘણા બધા લોકો છે જેમનું કંપનીમાંનું કામ સીધો નફો ઉત્પાદિત કરતું નથી. માટે બાકીના માટે તેમને ટેકો કરવા માટે કેટલાક ગણું વધુ કામ કરવું જરૂરી છે. આને બીજી રીતે મૂકીએ તો, એવી કોઈ વ્યક્તિ બનવાનું લક્ષ રાખો જેને માટે તમારી ઓફીસ કૃતજ્ઞતા અનુભવે. ક્યારેય કોઈના પર બોજ ન બનો.

કંપનીના શુભચિંતક - મદદકર્તા બનો. એક શક્તિશાળી પ્રેરક બળ બનો. બાકીના કર્મચારીઓને તમારી પાછળ સાથે સાથે ખેંચવા વિશે હકારાત્મક બનો, અને તેમનાં બધાંનાં જીવનને વધુ સારું બનાવવા માટે કાર્ય કરો. માત્ર તમારું જ જીવન ન સુધારો, પરંતુ તમારી આસાપાસ છે તે બધાંનાં જીવન સુધારવા માટે મથો. આ બાબત તરફ તમારે કામ કરવું જોઈએ. ઓફીસમાં બધાંના પગારોને આવરી લેવા માટે પૂરતી કમાણી કરવાના ઈરાદા સાથેનું જીવન વધુ સારું છે.

જ્યારે તમે આ કદના હકારાત્મક વિચારને મનમાં સ્થાન આપશો ત્યારે લોકો જુદી દિશામાં દોરવાશે અને દુનિયા ક્રમશઃ એક વધુ સારું સ્થળ બનશે. જો લોકો માત્ર તેમના પોતાના તરફ જ પ્રકાશ લાવવાનો પ્રયત્ન કરે તો દુનિયામાંથી અંધકાર ક્યારેક દૂર નહીં થાય

અને હંમેશા માટે દુઃખ પ્રવર્તશે. જો દરેક વ્યક્તિ તેમના પોતાના તરફ જે પ્રકાશ લવાયો છે તેનાં કરતા દસ ગણા કિરણો ફેલાવે તો એ સ્વાભાવિક છે કે દુનિયા એક વધુ તેજસ્વી સ્થળ બની જશે. માટે, જો લોકોને તમારી પાસેથી અપેક્ષાઓ હોય, તો તેમની અપેક્ષાઓને પરિપૂર્ણ કરવા માટે જરૂર કરતાં દસ ગણું વધુ કામ કરવાનો તમારો પંથ બનવા દો.

વ્યક્તિત્ત્વની મહત્તા વધારો

હવે આપણે ઉપરીઓ માટે માન, હાથ નીચેનાઓ માટે પ્રેમ અને કાર્યનાં મુલ્યમાં વધારા વિશે ચર્ચા કરી છે. આ બધાંમાંથી સૌથી કટોકટીભર્યું પાસું એ તમારું વ્યક્તિત્વ છે. માટે તમારી મૌલિકતા અને અજોડતા બનાવી રાખો.

એક વિશાળ તંત્રમાં પોતાનાં વ્યક્તિત્ત્વને દબાવી રાખવાની લોકોની વૃત્તિ મજબૂત હોય છે. આવું ત્યારે થાય છે જ્યારે લોકો જેઓ પોતાનાથી ઉપરનાં સ્થાને છે તેમની ખૂશામત કરે છે અને પોતાના હાથ નીચેનાઓમાં પ્રિય થવાનો પ્રયત્ન કરે છે. તેઓ બીજા સાથે ગોઠવાવા માટે ક્રમશઃ તેમનું વ્યક્તિત્વ દબાવી દે છે અને, સમયોપરાંત, તેમનું વ્યક્તિત્વ અદશ્ય થઈ જાય છે. જોકે, તેઓ માનવો છે તેથી, તેઓ જેમાં ખૂશ હોય તેવા પ્રકારની જીંદગી તેમણે જીવવી જરૂરી છે. તેઓ જે જીવન જીવ્યાં છે તે જીંદગીથી તેઓ ખૂશ હોવા જોઈએ. આ પ્રાપ્ત કરવા માટે, દરેક વ્યક્તિ માટે તેનાં વ્યક્તિત્ત્વને મહત્તમ વિકસાવવું તે અતિઆવશ્યક છે.

વ્યક્તિત્ત્વ અગણિત સ્વરૂપો લે છે. એક તંત્રમાં, આ વસ્તુ વિખવાદ તરફ દોરી જઈ શકે છે, ખાસ કરીને જ્યારે લોકો બીજા પરનાં પરિણામોની પરવા કર્યા વગર પોતાની જાતને વ્યક્ત કરે છે. પછી કામનું સરળતાથી આગળ વધવું અશક્ય બની જાય છે. જે લોકો આ બાબતથી સભાન છે, તેઓ આવી અથડામણો ટાળવા માટે તેમનાં વ્યક્તિત્ત્વોને મર્યાદામાં રાખે છે. મોટાભાગના કિસ્સાઓમાં, આ એ જ લોકો છે જેઓ કંપનીમાં સારો દેખાવ કરે છે પરંતુ પરિણામે તેમની વૃત્તિ સામાન્ય હા જી, હા કરનાર બની જવાની હોય છે.

હવે મને તમને તમારા વ્યક્તિત્વની મહત્તા કેવી રીતે જાળવી રાખવી તેનું રહસ્ય કહેવાનું ગમશેઃ બીજા લોકોની નિંદા સામે ઉભા રહેવાની ક્ષમતા હોય તેવો ચિલો પાડો. જો તમે સાચા અર્થમાં તમારી કંપનીમાં ફાળો આપો છો, તો તમારા પ્રયાસોને અવગણવાનું અથવા તમારી નિંદા કરવાનું પણ મુશ્કેલ બનશે. પરંતુ તમારું પોતાનું રણશિંગું ફૂંકવામાં સચેત રહો. જો તમે દૃઢતાપૂર્વક કહ્યા કરો કે તમે કંપનીમાં દેખાઈ આવે તેવો ફાળો આપો છો, તો લોકો તમને શેખીખોર ગણી શકે છે.

જે લોકો પોતાનું વ્યક્તિત્ત્વ જાળવી રાખવા માંગે છે, એટલે કે, જેઓ તેમનાં વ્યક્તિત્વને તેમનાં કાર્યના અંકુશમાં આવવા દીધા વગર વ્યક્તિગતતા વાળું જીવન જીવવા માંગે છે, તેમણે એવાં હેતુલક્ષી પરિણામો ઉત્પાદિત કરવાં જોઈએ જેને કોઈ પ્રશ્ન પૂછી શકે નહીં. તેમણે કાર્યનો એક મહાન રેકોર્ડ બનાવવો જોઈએ.

આ વ્યક્તિગતતાને અભિવ્યક્ત કરવા માટેના પાયાઓ હોવા જોઈએ. સફળતાની એક હરોળ બનાવો, જેથી સૌથી ઔપચારિક અવલોકનકર્તાને પણ દેખાય કે તમારી હાજરી તમારી કંપનીને, કાઉન્સીલ અધિકારી માટે અથવા તમારાં તંત્ર માટે ફાયદાકારક છે. જ્યારે તમે આ સિધ્ધ કરી લો માત્ર ત્યારે જ તમે તમારાં વ્યક્તિત્વને અભિવ્યક્ત કરવાનું શરૂ કરી શકો.

આ સંદર્ભમાં તમારી જાતને શાંત રીતે વ્યક્ત કરવાનું શરૂ કરવું મહત્ત્વનું છે. ખૂબ, અતિશય ધીમેથી શરૂઆત કરો અને ક્રમશઃ અંદર સળગતી આગને તે જ્યાં સુધી તેજસ્વી પ્રકાશની જેમ ઝળહળી ન ઉઠે ત્યાં સુધી વધારતા જાવ. આ વસ્તુ આ રીતે જ થવી જોઈએ. જો તમે શરૂઆતથી જ તમારી જાતને ઉત્સાહથી સળગવા દેશો તો તે તમારી આસપાસ જેઓ છે તેમને માટે અતિશય ચીડભર્યું હશે. આથી નાના ઝબકારા, ભવિષ્યમાટેની પાઈલોટ લાઈટ જેવી વસ્તુથી શરૂ કરવું સારું છે. જો આ તબક્કે તમને એક પ્રકલ્પ સંભાળવાનું કહેવામાં આવે તો, તેને તમારી રીતે કરવામાં સચેત રહેજો. તેને બદલે તમારી આગળ જનારાઓ એ આવા જ પ્રકારનો પ્રકલ્પ કેવી રીતે સંભાળ્યો હતો તેનો અભ્યાસ કરો. બીજાના અભિપ્રાયો સાંભળો. કાર્યક્ષમ અને કુનેહબાજ બનો. આ અગવાઈ કરતો પ્રકાશ લઈ જતા હોવાથી કામનો સારો રેકોર્ડ બનાવો. આખરે, તમે એ તબક્કે પહોંચશો જ્યાં લોકો તમારા દેખાવની નોંધ લેશે અને તેને ઉત્તમ કહેશે. પછી જ્યોત વધારવી અને તમારી વ્યક્તિગતતાને અભિવ્યક્ત કરવી યોગ્ય રહેશે.

૫ સફળતાના નિયમો

કૌશલ્યનો ઉપયોગ કરો

આપણો હવે પછીનો વિષય છે. કૌશલ્ય અથવા ચતુરાઈ. જ્યારે તમને શરૂઆતમાં તમારી કંપનીમાં એક ચોક્કસ કામ સોંપવામાં આવે ત્યારે તે તાજું અને રસપ્રદ લાગે છે. પરંતુ સમય જતાં, તે તમારી નિત્યક્રમનો ભાગ બની જાય છે. તેને કારણે ક્રમશઃ તમે રૂઢિમાં પડી જાવ છો. અને જે કામનો તમે ક્યારેક ખ્યાલ રાખતા હતા તે હવે કંટાળાજનક અને થકવનારું થઈ જાય છે. માનવજગતમાં આ સર્વસામાન્ય ધારણા છે.

જ્યારે આવું થાય છે, લોકો પોતાનો ઉત્સાહ કામ સીવાયની વસ્તુઓ તરફ વાળવા લાગે છે. જોકે, કેટલાક લોકો પ્રમાદ સ્વીકારવાની ના પાડે છે. તેઓ પોતાના સ્થાને ઉભા રહે છે અને નવીન વિચારો વિકસાવવાનું ચાલું રાખે છે. આ શ્રમિકોનું અસ્તિત્ત્વ જ તંત્રમાં મહાનતા વ્યક્ત કરે છે.

જો માત્ર એક જ લાંબાગાળાનો શ્રમિક તેનાં કૌશલ્યનો ઉપયોગ કરવાનું ચાલુ રાખે તો પણ કંપનીમાં ઘણી બધી વસ્તુઓ એકદમ સ્વાભાવિક રીતે સુધરી જાય છે. વધારે મહત્ત્વનું એ છે કે આ વ્યક્તિનું વલણ તેના સહકર્મીઓ માટે પ્રોત્સાહક તરીકે કાર્ય કરે છે. જો એક પણ વ્યક્તિ એવી હોય, જે સતતપણે તેનાં કૌશલ્યનો ઉપયોગ કરે, તો તેની આસપાસ રહેલા લોકો પણ તેવું જ કરવા પ્રેરિત થશે. આ રીતે સારી બાબતો પોતાની જાતને બીજા સુધી પહોંચાડે છે.

કૌશલ્ય અસંખ્ય રીતોમાં પ્રદર્શિત કરી શકાય છે અને આ કારણસર તેને શીખવી શકાય નહીં. ઉદાહરણ તરીકે, એક શ્રમિક કામમાં તેની કાર્યક્ષમતા વિશે ચિંતિત છે. જો તેનો સહકર્મી તે શું કરે છે, તે જોઈ શકે. તો કદાચ તે તેને મદદ કરી શકે. તે સહકર્મીને કદાચ તે સમસ્યા સાહજિક લાગે, તે કદાચ આવકની ટ્રે અને જાવકની ટ્રે ના કાગળો ગોઠવવા જેટલું કંઈક સહેલું પણ હોય અથવા કદાચ એવું પણ હોય કે તે શ્રમિક લાંબા ફોન કરતો હોય અથવા પોતાનાં કામને સાચી રીતે અગ્રતા ન આપતો હોય. એટલું જ નહીં, સહકર્મીની તે શ્રમિકને આ 'દેખીતી' અકાર્યક્ષમ રીત જોતો કરવામાં મળતી મદદ તે શ્રમિક માટે મોટો તફાવત ઉભો કરશે.

જ્યારે એક સમસ્યા ઉભી થાય, ત્યારે તમારે તમારી જાતને તે કેવી રીતે ઉકેલશો તે પૂછવાની જરૂર છે. કાં તો તમે તે કાર્ય સાથે સંલગ્ન તમારું જ્ઞાન વધારી શકો અથવા એક સહકર્મીને મદદ કરવાનું કહી શકો. એક તંત્રમાં તમારી પોતાની અજોડ રીતે તમારી ફરજો પૂરી કરવી તે જ માત્ર નહીં પરંતુ બીજાઓ પાસેથી શીખવું તે પણ મહત્ત્વનું છે. મેં

વ્યાપારમાં બધા પ્રકારના લોકોનું નિરીક્ષણ કર્યું છે અને હું એવા તારણ પર આવ્યો છું કે જેઓ પોતાની જાતને માત્ર તેમનાં કામ માટે સમર્પિત કરે છે, તેઓ ક્યારેય આગળ પડતા નહીં બની શકે. બીજી તરફ, જે કર્મચારીઓ જ્યારે તેઓ ફોન પર હોય અથવા પોતાનાં કામમાં ગળાડૂબ હોય ત્યારે પણ, બીજા શું કરે છે તે સાંભળે છે, તેઓ ઉત્કૃષ્ટ નિવડે છે.

તમારા સહકર્મીઓને સાંભળવા અને તેઓ કેવી રીતે કાર્ય કરે છે તેનું નિરીક્ષણ કરવું મહત્ત્વનું છે, જેથી તમે તમારી કામ કરવાની રીતમાં તેમની થોડીક માહિતીઓ તેમજ પધ્ધતિઓ અપનાવી શકો. ઉદાહરણ તરીકે, જો તમે કોઈની ટેલીફોન પર વાત કરવાની રીતથી પ્રભાવિત થયા હો, તો તે વ્યક્તિની નકલ કરવાનો પ્રયત્ન કરો, જાણે કે તે પણ શ્રેષ્ઠતા તરફનું પ્રથમ પગલું બની શકે તેમ હોય. બીજા લોકો કેવી રીતે નિર્ણયો લે છે અથવા નવા વિચારો રજૂ કરે છે તેનો પણ તમારે અભ્યાસ કરવો જરૂરી છે. છેવટે, તમે તમારી અજોડ શૈલી સર્જવા માટે, જુદી જુદી રીતોનું મિશ્રણ કરી શકશો.

જો મારે આમાં કોઈ ઉમેરો કરવો હોય, તો હું કહીશ કે તમારે તમારી જાતને એ પણ પૂછવું જોઈએ કે ઉપરના હોદ્દાઓ પર રહેલા લોકો કેવી રીતે વિચારે છે. પછી હંમેશાં એ પૂછો કે તમે તેમને કેવી રીતે મદદ કરી શકો. તમારી જાતને તમારા ઉપરીના સ્થાને મૂકો અને તેને કયા પ્રકારની મદદની જરૂર છે તે પૂછો. મને ખાતરી છે કે જો તમે આમ કરો, તો તમે કામ કરવાની નવી અને નવા પ્રકારની રીતો સાથે બહાર આવશો.

જીવન તરફનાં દૃષ્ટિબિંદુને સુધારો

હું મારા વાચકોને ભલામણ કરું છું કે તેઓ જીવન તરફનાં તેમનાં દૃષ્ટિબિંદુને સુધારે. તમારામાંની દરેક વ્યક્તિ તેનાં કામમાં સફળ થાય તેવી મારી સૌથી પ્રમાણિક ઈચ્છા છે, પરંતુ તમે કામનાં કીડા બની જાવ તેવું હું નથી ઈચ્છતો. એવા પ્રકારની વ્યક્તિ ન બની જાવ જેમને તેમનાં કામમાં સારા, પરંતુ માનવજાત તરીકે પાછળ રહી ગયેલા તરીકે વર્ણવાયા છે. લોકો તમારે માટે એવું ન કહેવા જોઈએ કે તમે એક સક્ષમ કામગાર છો પરંતુ સામાજિક રીતે કંટાળાજનક છો, અથવા જ્યારે તમે તમારું ટેબલ છોડી જાવ ત્યારે તે છૂટકારાનો શ્વાસ લે.

તમારાં કામ વડે તમારી લાયકાત માપવી તે એક ભૂલ છે; એવું વિચારવું કે બીજાના ઉપયોગમાં આવવું તે જ પૂરતું છે. વ્યાપારનું તમારું સ્થાન એ એવું સ્થાન છે જ્યાં તમે જીવનના અનુભવો એકઠા કરો છો અને એ એ સ્થળ પણ છે જ્યાં તમે તે ‘સત્યો’ને બીજાઓ સુધી પહોંચાડી શકો છો. માણસો આદાન-પ્રદાનનાં અંશો દ્વારા એક બીજા વડે અસર પામેલા છે અને આ અંશો લોકોના માર્ગદર્શક તરીકે સેવા આપી શકે.

એટલે કે તમારું કાર્ય કરવાની વધુ સારી રીતો જ માત્ર વિચાર્યા કરવાને બદલે લોકોનો અભ્યાસ કરવામાં, માનવતાના અભ્યાસમાં અને જીવનની ફીલોસોફીનો અભ્યાસ કરવામાં, ઓફીસમાંના તમારા સમયનો ફાયદો ઉઠાવો. તમારા ઉપરીઓ અને જેઓ તમારાથી આગળ છે તેવા સહકર્મચારીઓમાંથી શીખો. લોકો કે જેઓ તમારા જેટલા દૂર ન દેખાતા હોય, તેમની ભૂલોમાંથી પણ શીખો. આ બધી જ બાબતો તમને સારા બોધપાઠો પૂરા પાડશે.

વ્યાપારનાં વાતાવરણમાં લોકોની આશ્ચર્યજનક વિવિધતાઓ એકઠી થાય છે, માટે, તમે તેમની પાસેથી શું શીખી શકો તે તમારી જાતને પૂછો, ત્યાં કયા પ્રકારના લોકો છે, તેમનાં ચારિત્ર્યો કેવાં છે તે જોવો, કારણ કે આ વસ્તુ તમને મજબૂત બનાવશે. માનવજાતની મૂળભુત વર્તણુકની શૈલી શીખવી તે ખાસ મહત્ત્વનું છે. કયા પ્રકારના લોકોની કયા પ્રકારની વિચારસરણી છે તે જાણવાથી, તમારાં જ્ઞાનમાં અનુભવ ઉમેરાશે. જુદા જુદા પ્રકારના લોકોને સમજવાથી, દરેક જુથ કઈ રીતે વિચારશે તેની તમે ઉંડી સમજણ મેળવશો. આ પ્રકારનાં શિક્ષણનાં ઉંડાણની કોઈ મર્યાદા નથી. જેમ જેમ તમારો અભ્યાસ વધુ ને વધુ ઉંડો ઉતરતો જશે, તેમ તેમ તમે એક માનવ તરીકે વિકસતા જશો.

૭ સફળતાના નિયમો

દૈવને સમર્પિત રહો

એક વખત તમે આ પ્રકરણમાં આપેલા ઉપદેશોનો અમલ કરવામાં સફળ થઈ જાવ અને એવી ધંધાદારી વ્યક્તિ બની જાવ જે ધ્યાન ખેંચે, તે પહેલા હું તમને મિથ્યાભિમાન અને આપવડાઈથી સાવધ કરવા ઈચ્છીશ. આ સામાન્ય રીતે ત્યારે બને છે, જ્યારે તમે લોકોના વિચારો સમજવા લાગો છો અને સફળતા પર સફળતા મેળવવાનું શરૂ કરો છો. આવું એટલા માટે બને છે, કારણ કે તમે એક નાનકડી દૂનિયાની મર્યાદામાં કામ કરો છો, જે તમારી ઓફીસ છે. આથી કદાચ તમે એક નાના તળાવમાં મોટી માછલીની જેમ વર્તન કરવાની વૃત્તિ ધરાવતા હોઈ શકો.

આ અધઃપતનને ટાળવા માટે, તમારે ક્યારેક ઓફીસમાંથી બહાર નીકળવાની જરૂર છે. દુનિયા ઘણી વિશાળ જગ્યા છે. રાત્રીનાં આકાશ તરફ સમયાંતરે જોવો અને બ્રહ્માંડનાં રહસ્યનું મનન કરો. બ્રહ્માંડના કાયદાઓનું મનન કરો. માણસો શા માટે જન્મે છે અને શા માટે મૃત્યુ પામે છે તે તમારી જાતને પૂછો. લોકોની ભૂતકાળની બધી જ સિધ્ધિઓનો અર્થ શું છે! તમારા જીવનનો અર્થ શું છે? આ એ બધા પ્રશ્નો છે, જેના પર તમારે ધ્યાન આપવું જરૂરી છે મને ખાતરી છે કે તમને કેટલાક લોકો બીજા કરતાં વધારે ગમે છે, પરંતુ એ સમજવું જરૂરી છે કે આપણે બધા પૃથ્વી નામનાં અવકાશયાનમાં એક સાથે સફર કરતાં સમકાલીનો છીએ.

મારા કહેવાનો અર્થ એ છે કે તમારે દૈવીશક્તિને માન આપવાનું ક્યારેય ભૂલવું ન જોઈએ. વ્યવસ્થાપન સ્તરમાં તમે જેટલા વધારે ઉંચા ચડો તેટલી જેના માટે તમે જવાબદાર છો તે લોકોની સંખ્યા વધશે. માટે આ સત્ય પર મનન કરવાનું તમારા માટે વધુ ને વધુ મહત્ત્વનું બનશે. તમારી દૈવીશક્તિ તરફ સમર્પણની ભાવનાને હંમેશાં યાદ રાખો; એના તરફ સમર્પણ જે માનવ સમજણને પેલે પાર છે. ઉચ્ચતર ચેતનાનાં અસ્તિત્ત્વને યાદ રાખો જેને આપણે બુધ્ધ અથવા ઈશ્વર કહીએ છીએ. એ વાત યાદ રાખો કે આપણે આપણી જાતને ગમે તેટલી મહાન ગણતા હોઈએ, એવાં ઘણાં જ મહાન અસ્તિત્ત્વો છે, જેમની સામે આપણે વામણા દેખાઈએ છીએ.

આ વસ્તુને બીજી રીતે મૂકીએ, નમ્ર બનો. સફળતાની સીડી પર તમે જેટલા વધારે ઉપર ચડો, તેટલા તમે વધુ નમ્ર બનો તેવું હું ઈચ્છું છું. તમે જેમ જેમ ઉપર પ્રગતિ કરો, દૈવીશક્તિની વધારે નજીક જાવ, તમારી જાતને તેટલી જ વધુ નમ્ર અને નિઃસ્વાર્થ બનાવો. એવી વ્યક્તિ બનવાનું લક્ષ રાખો, જે પોતાનાં લક્ષ પર પહોંચ્યા પછી, વધુ ઉંચા હેતુઓનું

લક્ષ રાખે છે અને પોતાની નબળાઈઓ તથા ત્રૃટિઓમાંથી બહાર આવવા માટેની વધુ આવશ્યક જરૂરીયાત અનુભવે છે.

નીચેની ત્રણ વસ્તુઓ વિશેની સભાનતા વગર સાચી સફળતા અશક્ય છે.

(૧) કે તમને જીવન આપવામાં આવ્યું છે

(૨) કે તમે બ્રહ્માંડના બધાં જ સર્જનોની મદદ મેળવો છો.

(૩) મહાન સૃષ્ટિની ઈચ્છા.

જેને માત્ર સંખ્યામાં માપી શકાય તેવા પ્રકારની સફળતા એ સૌથી સાચા અર્થમાં સફળતા નથી. તમારી સિધ્ધિ ગમે તેટલી તેજસ્વી દેખાતી હોય, એક દિવસ તમે વ્યાપાર જગત છોડી દેવાના છો. જ્યારે તે બનશે ત્યારે તમે શું સિદ્ધ કર્યું છે તે તમારી જાતને પૂછશો. તમારા અસ્તિત્ત્વનો શું અર્થ હતો અને જો તમે ક્યારેય અસ્તિત્ત્વમાં નહોત તો શું થયું હોત? તમારે હંમેશાં મગજમાં આ દૃષ્ટિબિંદુ રાખવું જોઈએ.

આધ્યાત્મિક વારસો છોડી જાવ

આ પ્રકરણનાં ઉપસંહાર તરીકે, હું સલાહ આપીશ કે તમારો હોદ્દો, વ્યવસાય અથવા નામ ગમે તે હોય, આધ્યાત્મિક વારસો છોડી જવા માટે કાર્ય કરો. જીવન કહેવાતી આ યાત્રાની નોંધ તમારી સાથે તમારાં હૃદયમાં રહેશે. તમારે તેને નજરઅંદાજ કરવું પડશે અને માત્ર એજ યાદ રાખવું પડશે કે તમને માર્ગમાં મળેલા લોકો માટે તમે પાછળ શું છોડી જઈ શકો છો.

તમારા જીવન તરફ પાછળ ફરીને જોતાં, તમે ચોક્કસ કરેલી ભૂલોની નોંધ લેવાના છો, એ હજારો ભૂલો જે તમે આખા જીવનમાં વારંવાર કર્યા કરી છે. આ માણસની મૂર્ખતા પર પ્રકાશ પાડે છે, જેમાંથી આપણે કોઈ છટકી શકીએ તેમ નથી. જોકે, તમારે બીજાઓ માટે કોઈક પ્રકારની હકારાત્મક બક્ષિસ છોડી જવાનો પ્રયત્ન કરવો જ જોઈએ. આધ્યાત્મિક વારસો એ શ્રેષ્ઠ વારસો હશે. જે લોકો આધ્યાત્મિક વારસો છોડી જવામાં નિષ્ફળ જાય, તેઓ નિષ્ફળ જીવન જીવ્યા તેમ કહી શકાય. તમે જેમને પણ મળો તે દરેકને દરેક પ્રસંગે કંઈક આપી જવાની આકાંક્ષા રાખો, કશુંક તાજું અને સુંદર, જે તમે ચાલ્યા જાવ પછી લાંબા સમય સુધી તેમની સાથે જોડાયેલું રહેશે.

તમારા જીવનના માર્ગ દરમ્યાન તમે બધા પ્રકારના લોકોનાં સંપર્કમાં આવવાના છો. તમે જેને પણ મળો, તેમનાં હૃદયમાં કંઈક એવું છોડી જઈ શકો, જેઓ તમને જાણવા માટે, તમને મળવા માટે, અથવા તમારી સાથે કામ કર્યું છે તે માટે, ખૂશી અનુભવે. તમે તેમને માટે શું કરી શકો તેની પણ એક મર્યાદા હોઈ શકે, પરંતુ છેવટે, તમે તેમને એક માયાળુ નજર તો આપી જ શકો. જો તમે તેમને સાંભળી શકો અને તેમનું દુ:ખ અનુભવી શકો અથવા તેમની પીડાને સમજી શકો તો પણ પૂરતું છે. તમે તેમને પ્રોત્સાહન અને ટેકો આપી શકો. એક આધ્યાત્મિક બક્ષિસ છોડી જાવ, જે બીજાઓને સારું લગાડે કે તમે તેમને માટે ત્યાં હતા. હું કોઈ શંકા વગર એમ માનું છું કે આવો આધ્યાત્મિક વારસો તમને એક મહાન સફળતા તરફ દોરી જશે.

પ્રકરણ-૫

આર્થિક ઉત્કર્ષનો માર્ગ

૧ સફળતાના નિયમો

આર્થિક પ્રવૃત્તિ શું છે?

આ પ્રકરણમાં હું દરેક પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું પસંદ કરીશ. આપણે આવી પ્રવૃત્તિના અર્થને ધ્યાનમાં લઈને શરૂ કરીએ. પૈસા આધારિત અર્થશાસ્ત્રનો ઈતિહાસ માનવ સમાજની સમય રેખામાં પ્રમાણમાં ટૂંકો છે. આવું અર્થશાસ્ત્ર અસ્તિત્વમાં આવવા પાછળનું કારણ રોજીંદી મજૂરીના સાચાં મુલ્યનો અંદાજ કાઢવાનું, તેને સાચવવાનું અને તેટલા જ મુલ્યની કોઈ વસ્તુ સાથે તેનો વિનિમય કરવાનું હતું. હું મુલ્યની શાસ્ત્રીય શ્રમ થીયરીનું ફીલોસોફીકરણ નથી માંગતો; હું માત્ર એમ કહું છું કે માનવ પ્રવૃત્તિ એ બધાં અર્થશાસ્ત્રનો પાયો છે, અને આ પ્રવૃત્તિને આર્થિક પ્રવૃત્તિ તરીકે ગણવા માટે સ્થૂળ મુલ્ય હોવું જ જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, કોઈ ક્રિયા જેનું વસ્તુલક્ષી મુલ્ય હોય તો પણ, જો તેમાં સ્થૂળ મુલ્યનો અભાવ હોય તો તેને આર્થિક પ્રવૃત્તિ ગણી શકાય નહીં.

દૃષ્ટાંત તરીકે માછીમારી લો. આને આર્થિક પ્રવૃત્તિ તરીકે જોઈ શકાય કારણ કે પકડાયેલી માછલી ખોરાકને સ્ત્રોત છે. ખરી રીતે તો, માછીમારીએ જીવન નિર્વાહનો માર્ગ છે અને માટે તેનું એક સ્થૂળ મુલ્ય પણ છે. માછીમારો કાંતો માછલી વેંચી શકે અથવા તો તેટલા જ મુલ્યની કોઈ વસ્તુ માટે તેનો વેપાર કરી શકે. જો તે પોતે જ તે માછલી ખાઈ જવાનું નક્કી કરે, તો પણ તેનું આર્થિક મુલ્ય તો છે જ, કારણ કે જો તેની પાસે માછલી ન હોત તો તેણે ખાવા માટે કાંઈક બીજો ખોરાક ખરીદ્યો અથવા મેળવ્યો હોત. આ રીતે, માછલીનું મુલ્ય માછીમારે તેનાં જમવાનાં માટે જે ખર્ચો કર્યો હોત તેને સમાન છે.

હવે, આપણે એ માનવ પ્રવૃત્તિઓ તરફ જોઈએ જે સ્થૂળ મુલ્ય વગરની છે. એક વ્યક્તિને કીડાઓ ગમી ગયા અને તેનો બધો સમય તેમનો અભ્યાસ કરવામાં ગાળ્યો. આને આર્થિક પ્રવૃત્તિ ગણાય નહીં. જોકે, જો તેના આ અભ્યાસના પરિણામે તે ક્રીડાઓનો મોટાપાયે ઉછેર કરે, તો તેની ક્રિયાનું આર્થિક મુલ્ય થઈ પણ શકે. ઉદાહરણ તરીકે, તે કીડાઓ એક પારંપારિક ચાઈનીઝ દવાઓનો વ્યવસાય કરનારને વેંચાઈ જાય. આ રીતે એક ક્રિયા જેનું કોઈ મહત્ત્વનું મુલ્ય દેખાતું ન હોય તે સ્થૂળ મુલ્યવાળી પ્રવૃત્તિ તરફ દોરી જઈ શકે.

ટૂંકમાં, જ્યારે એક વ્યક્તિ એક પ્રવૃત્તિમાં કોઈ મુલ્ય જોવે છે, અને જે તેમાંથી ચીજવસ્તુ મેળવી શકે છે, જેનું બીજા વડે મુલ્ય કરાય છે, તો તેવી પ્રવૃત્તિને આર્થિક મુલ્ય છે તેમ કહેવાય છે. મુલ્ય પૈસાના અર્થમાં વ્યક્ત કરાય કે ન પણ કરાય. દૃષ્ટાંત તરીકે, એસ્કીમો લોકો માંસ અને સીલની ચામડીનો બીજી જરૂરીયાતો માટે વિનિમય કરે છે. જો તેમને તે ચીજવસ્તુઓ માટે ચૂકવવા માટે નાણાંનો ઉપયોગ ન કર્યો હોય તો પણ તેમની

પ્રવૃત્તિનું સ્થુળ મુલ્ય છે જ, કારણ કે સીલનું ચામડું અને માંસ તેમને માટે મુલ્યવાન છે. આ રીતે, જુદી જુદી વસ્તુઓ સાથે લોકોની પારસ્પારિક અસર મુલ્ય પધ્ધતિને આગળ વધારે છે અને આ જ આર્થિક પ્રવૃત્તિનો પાયો છે.

મૂલ્ય શું છે?

ચાલો આપણે મુલ્યની ચર્ચા કરીએ, એક વસ્તુનાં મુલ્યનું મુલ્યાંકન કરવાની બે રીત છે. પ્રથમ, અમુક વસ્તુઓનું માણસો વડે મુલ્ય કરાય છે, કારણ કે તેઓ ટકી રહેવા માટે અનિવાર્ય છે. ફળોનો દાખલો લો. મોટાભાગનાં ફળો પોષણક્ષમ છે અને આપણી સુખાકારી માટે જરૂરી છે. આમ, આપણી જરૂરીયાતને કારણે તેમનું મુલ્ય વધે છે. દુધાળુ ગાયો અને ઈંડા મુકતી મરઘીઓ આનું બીજું ઉદાહરણ છે. આપણી દૃષ્ટિમાં, આવી વસ્તુઓનું સ્વાભાવિક મુલ્ય હોવાનું દેખાય છે.

એવી પણ વસ્તુઓ હોય છે જેમનું મુલ્ય કરાય છે કારણ કે લોકો તેમનું મુલ્ય સ્વીકારે છે. આવી વસ્તુઓ કાંતો કલાની દૃષ્ટિએ આનંદ આપનાર અથવા માન્યમાં ન આવે તેટલી દુર્લભ હોય છે. ઉદાહરણ તરીકે હીરાઓ ને લો; તેઓ આપણાં જીવનમાં કાતર, દોરા કે સોય જેટલા ઉપયોગી ન પણ હોય, પરંતુ હીરાઓનું મુલ્ય ઘણું વધારે હોય છે. જો હીરા નદીના તટમાં પથ્થરોની જેમ પડ્યા રહેતા હોય તો તેમનું આટલું બધું મુલ્ય હોવાનું અશક્ય છે. ખરેખર તો, જો તે એટલા બધા સર્વસામાન્ય હોત, તો તેમની ચમકને આંખ માટે નુકશાનકારક ગણવામાં આવતી હોત. જોકે, તેઓ સુંદર અને દુર્લભ બન્ને હોવાથી, તેમનું ઉંચું મુલ્ય આંકવામાં આવે છે. તેમનું મુલ્ય તેઓ આપણામાં જે લાગણી પ્રેરે છે તેમાંથી વધે છે.

બીજા પ્રકારનું મુલ્ય એ માણસોની ઉત્પાદન પ્રક્રિયા વડે ઉત્પન્ન કરાયેલ મુલ્ય છે. સાદા લોખંડનાં એક ગચ્ચાં પર જેનું મુલ્ય હોય તેવું કશુંક સર્જવા માટે પ્રક્રિયા કરી શકાય. યાર્નને તેમનું મુલ્ય વધારવા માટે કપડું બનાવવા માટે વણી શકાય. આમ, કાચા માલને જેનો હેતુ સરે તેવી વસ્તુઓમાં તબદીલ કરવા માટે ઉત્પાદન ટેક્નિકોનો ઉપયોગ કરી શકાય. લોકો આવા પરિવર્તનો દ્વારા સર્જાયેલાં વધારાના મુલ્યોને સમજે છે. આવા કિસ્સામાં મુલ્ય લોકોની અભિરુચીથી નથી વધતું પરંતુ લોકોનાં કામ વડે કરાયેલ પરિવર્તનમાંથી વધે છે. કોઈપણ રીતે, જ્યારે લોકો કશુંક મેળવવાની ઈચ્છા અનુભવે છે ત્યારે મુલ્ય સર્જાય છે; મુલ્ય તે વસ્તુની માંગ વધારે છે. આને બીજી રીતે મૂકીએ તો, જ્યારે લોકો કોઈક વસ્તુ માગે અથવા કંઈક ધરાવવા ઈચ્છે ત્યારે મુલ્ય ઉમેરાય છે.

સાચું મૂલ્ય અને કાલ્પનિક મૂલ્ય

"વધારેલ મુલ્ય" ની અભિવ્યક્તિનો અર્થશાસ્ત્રની દુનિયામાં વારંવાર ઉપયોગ થાય છે અને તે સૂચક બની જાય છે, ખાસ કરીને એક ખૂબ જ વિકસીત અર્થતંત્રમાં એક સાદાં સફેદ વસ્ત્રની કિંમત કદાચ દસ ડોલર્સ હોય, પરંતુ જો તેને ભરતગૂંથણ વડે શણગારવામાં આવે તો તેની કિંમત બેગણી કે ત્રણગણી થઈ જઈ શકે. જો તેની ડીઝાઈન અથવા કાપમાં સુધારો કરાય તો તે કપડું હજી વધારે મોંઘું થઈ જઈ શકે.

થોડા સમય પહેલાં એક જાપાનીઝ અર્થશાસ્ત્રીએ લખ્યું કે આપણે તરતમાં જ જ્ઞાન-મુલ્ય-આધારિત યુગનું આગમન જોશું જ્યાં વધારાનું જ્ઞાન મુલ્ય સર્જશે. તેમણે સૂચવ્યું કે ડીઝાઈનર બ્રાન્ડ નામો આ મુલ્યનું પ્રતિનિધિત્વ કરે. ઉદાહરણ તરીકે આપણે પુરુષોની ટાઈ લઈએ. મોટાભાગની ટાઈની કિંમત લગભગ સરખી જ હોય છે, પરંતુ જે ડીઝાઈનર બ્રાન્ડ દર્શાવે છે તે ઘણી વધારે કિંમત માંગે છે. અર્થશાસ્ત્રી વડે આ ઘટનાને "એક ઉત્પાદનમાં જાણકારી ઉમેરતા મુલ્ય" તરીકે વર્ણવાઈ છે.

જોકે, હું માનું છું કે આ કહેવાતું "જાણકારી મુલ્ય" જ માત્ર આપણી ભવિષ્યની આર્થિક પ્રવૃત્તિનો એકમાત્ર પાયો બનવા માટે પૂરતું નહીં હોય. મને આને વધુ સ્પષ્ટતાપૂર્વક સમજાવવા દો. મને નથી લાગતું કે એક ઉત્પાદન સાથે "જાણકારી કે જ્ઞાન" ને જોડવું તે પૂરતું હોય. તેને બદલે આ જ્ઞાનનો પ્રકાર છે, જેને વધારે મહત્ત્વ મળશે. જેની જરૂર પડશે તે માત્ર જ્ઞાન નથી, પરંતુ દક્ષતા છે, જે એ નિયમો વિકસાવવામાં ફાળો આપશે જે આ મહાન વિશ્વનું નિયમન કરે છે.

આ મુલ્યને હું "સત્ય મુલ્ય" કહેવાનું પસંદ કરીશ. આપણે વસ્તુઓનું મુલ્ય "જ્ઞાન મુલ્ય" ને બદલે "સત્ય મુલ્ય" પર આધારિત હોય તે રીતે નક્કી કરવું જોઈએ. જ્યારે લોકો જ્ઞાનનો ઉપયોગ કરીને મુલ્ય સર્જવાનો પ્રયત્ન કરે છે, ત્યારે ઘણીવાર તેઓ યાતનાઓ અને ખોટ પણ પેદા કરે છે. ઉદાહરણ તરીકે, એક ચોક્કસ કારખાનું તેનાં ઉત્પાદનોમાં મુલ્ય વધારવા માટેના પ્રયાસમાં કિંમત ઘટાડવાના માર્ગો શોધે છે. તેઓ આ કરવા માટે તેમના કચરાને પ્રક્રિયા કર્યા વગર સ્થાનિક નદીઓમાં વહાવી દેવાનું નક્કી કરે છે. પરિણામે, આજુબાજુના બધા જ પાણીના સ્ત્રોતોમાં ઉભું થયેલું ભયંકર પ્રદુષણ તે પ્રદેશમાં રહેતા લોકોને ખરાબ રીતે અસર કરશે. આમ, કંપની કદાચ વિચારે કે તેમણે ખર્ચ ઘટાડીને મુલ્ય સર્જ્યું છે પરંતુ હકીકતમાં, તેઓ આ પ્રક્રિયામાં ભયંકર યાતનાનું કારણ બન્યા છે. આ રીતે, ભલે લોકો વ્યાપારમાં તેમનાં "જ્ઞાન"નો ઉપયોગ કરવાનો પ્રયત્ન કરે, તેમનાં જ્ઞાનનો પ્રકાર સમગ્ર પરિણામ સારું છે કે ખરાબ તે નક્કી કરે છે.

આજે, દુનિયાનું નિયમન વ્યક્તિગતતાના પશ્ચિમી વિચારો વડે નિયંત્રિત કરાય છે. દરેક વ્યક્તિ તેના પોતાના પ્રારંભો તથા કાર્ય દ્વારા નફો રળવા, વધુ ઉચ્ચ હોદ્દો મેળવા તથા વધારે માન મેળવવા મથે છે. પરંતુ જ્યાં સુધી આ ઝંખનાનાં મૂળ આત્મશ્લાઘામાં પડેલાં છે, ભવિષ્ય માટેની આશા અંધકારમાં છે. તમારાં જ્ઞાનનો ઉપયોગ આખા સમાજ માટે, સમગ્ર માનવ વંશના વિકાસ માટે કરાવો મહત્ત્વનો છે. માત્ર ત્યારે જ આપણે મુલ્ય શબ્દમાં સાચા અર્થમાં મુલ્ય ઉમેરી શકીએ.

જો મારે આને જુદી રીતે વ્યક્તિ કરવાનું હોય તો, હું તેને “કાલ્પનિક મુલ્ય” ઘડવા તરીકે વર્ણવીશ. “કાલ્પનિક મુલ્ય” પધ્ધતિનો ઉપયોગ કરીને આર્થિક પ્રવૃત્તિઓ તરફ જોવું મહત્ત્વનું છે.

ઉદાહરણ તરીકે પુસ્તકોને લો. એક પુસ્તકની કિંમતમાં સામાન્ય રીતે છાપકામ, કાગળ અને જાહેરખબરની કિંમતનો સમાવેશ થાય છે. જોકે, બે પુસ્તકો કે જેમની કિંમત સરખી છે પરંતુ વિષયો જુદા છે તેમનું “કાલ્પનિક મુલ્ય” સમાન ન પણ હોય. એક પુસ્તક માનવજાતની ખુશીમાં પુષ્કળ ફાળો આપી શકે, જ્યારે બીજું ઐહિક અથવા નુકશાનકારક પણ હોઈ શકે. બન્ને પુસ્તકો પર ભાવની એક જ ચીટકી હોવા છતાં, “કાલ્પનિક મુલ્ય” ની દૃષ્ટિએ એક પુસ્તક બીજા કરતાં અગણિત રીત લાયક છે.

એક પ્રખ્યાત બ્રાન્ડનેમ સાથેની ટાઈ તમને વધુ સૌમ્ય અને આકર્ષક બનાવી શકે. જોકે, તેમ છતાં તમારે તે ઉત્પાદન “કાલ્પનિક મુલ્ય” ધરાવે છે કે નહીં તે જોવું જરૂરી છે.

હું માનું છું કે અર્થશાસ્ત્રને આ દૃષ્ટિ મુજબ ફરી ઘડવું જરૂરી છે. આપણે વસ્તુઓને તેમનાં “સત્ય મુલ્ય” અથવા “કાલ્પનિક મુલ્ય” વડે આકારવી જરૂરી છે. નજીકનાં ભવિષ્યમાં આપણે એક વિશ્વાસના માણસને આવી મુલ્ય પધ્ધતિને આગળ લાવવા માટે અર્થશાસ્ત્રીઓ સાથે કામ કરતો જોઈ શકીએ.

આર્થિક ઉત્કર્ષ શું છે?

હવે હું આ ચર્ચાને મુલ્યોમાંથી આર્થિક ઉત્કર્ષમાં લઈ જવા માગું છું.

તમે "આર્થિક ઉત્કર્ષ" શબ્દનો ખરેખર અર્થ શું થાય છે તે વિચારો તેવું હું ઈચ્છું છું. તે પાયાના સ્તર એટલે કે વ્યક્તિ માટે તેમજ વધુ મોટા સ્તરે એટલે કે કોર્પોરેશનો તથા સંસ્થાઓ માટે એમ બન્નેમાં અસ્તિત્વ ધરાવે છે. તેનાથી આગળ, પ્રાદેશિક, રાષ્ટ્રીય અને બહુરાષ્ટ્રીય ધોરણ માટે પણ ઉત્કર્ષ છે, દાખલા તરીકે યુરોપીયન સંગઠન માટે અને છેવટે વૈશ્વિક સ્તરે પણ આર્થિક ઉત્કર્ષ છે.

પરંતુ જ્યારે આપણે આર્થિક ઉત્કર્ષની વાત કરીએ ત્યારે શું કહેવા માંગીએ છીએ? શું તમે ક્યારેય તે વિચાર કરવા માટે અટક્યા છો?

ઉત્કર્ષને બે સ્તંભોનો ટેકો છે. જો આપણે વિરુધ્ધ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વડે જોઈએ તો આર્થિક ઉત્કર્ષ એટલે સમય અને અવકાશના ચોક્કસ માપમાં ખસે છે તે લોકો અને વસ્તુઓની સંખ્યામાં વધારો તેવો અર્થ થતો દેખાશે. જો નિશ્ચિત ક્ષેત્ર અથવા તંત્રમાં નિશ્ચિત સમયગાળામાં લોકો અને માલાસામાનનો ફેરફાર અથવા પ્રવાહ વધારે પડતો ઝડપી છે તો તે આર્થિક ઉત્કર્ષ તરીકે ઓળખાય છે. આને બીજી રીતે મુકવા માટે, ઉત્કર્ષ એ લોકો તથા માલસામાનની વિનિમયનાં માધ્યમ એટલે કે પૈસાની ઉભયવર્તી પ્રવૃત્તિ સાથેની વધારે પડતી સક્રિય ગતિ છે. આ ત્રણ પાસાંઓની જાહેર હલચલ છેઃ લોકો, માલસામાન અને પૈસા. આજે, ઉપર ઉલ્લેખાયેલ ત્રણ પાસાંઓ ઉપરાંત, આપણે એક ચોથું પાસું-માહિતી પણ ઉમેરી શકીએ. જો આ ચાર તત્ત્વો ઝડપથી પરિભ્રમણ કરતા હોય તો તમારી પાસે જે આર્થિક ઉત્કર્ષ કહેવાય છે, તે છે.

જો મને બીજી વ્યાખ્યા આપવાનું કહેવામાં આવે તો હું કહીશ કે તે એક એવી અવસ્થા છે જ્યાં લોકો અર્થતંત્રને ઉત્પાદિત કરવામાં સક્રિય ભૂમિકા લે છે અને તેમનાં કામમાં ખૂબ જ સંતોષ મેળવે છે તથા ભવિષ્યમાટે ખૂબ જ આશા રાખે છે. આવા લોકો આર્થિક ઉત્કર્ષ માણે છે.

ઉત્કર્ષની આ બે વ્યાખ્યાઓમાં પહેલી બાહ્ય દેખાવનાં અવલોકન પર આધારિત ઉત્કર્ષની વ્યાખ્યા કરે છે. બીજી આંતરિક દૃષ્ટિ, એટલે કે જે વ્યક્તિ તેનો અનુભવ કરે છે તેમાંથી આવે છે. આ બે દૃષ્ટિથી અને આધ્યાત્મિક દૃષ્ટિ કે માણસો મૂળભુત રીતે આધ્યાત્મિક અસ્તિત્ત્વો છે, જે આ દુનિયામાં અવતરે છે, એક હંગામી જીવન જીવે છે અને મૃત્યુ પછી તે આધ્યાત્મ દુનિયામાં પાછા ફરે છે, ઉત્કર્ષનો અર્થ નીચે મુજબ કાઢી

શકાય. ઉત્કર્ષ પૃથ્વી પરનાં જીવનને ચળકાટ આપે છે; જ્યારે આપણે જે રીતે જીવીએ છીએ તેના દ્વારા પ્રકાશ ફેલાવી શકીએ તો આપણે આ દુનિયામાં સમૃધ્ધ જીવન જીવીએ છીએ. સમૃધ્ધિનો સમય ત્યારે આવે છે જ્યારે આપણા આત્મા આનંદ પામે છે; તે ત્યારે બને છે જ્યારે આપણા આત્મા ઉંડા અને સૂક્ષ્મ દૃષ્ટિવાળા અનુભવોનું મુલ્ય, ઉપર ઉઠાવવાની લાગણી વડે છલોછલ અનુભવોનું મુલ્ય શીખે છે, જે હંમેશા માટે આપણા આત્મામાં રહેશે.

સમૃદ્ધિ વધુ સમૃદ્ધિને આકર્ષે છે

હવે આપણે આર્થિક સમૃધ્ધિના નિયમોની ચર્ચા કરીએ. અહીં કેન્દ્રવર્તિ નિયમ એ છે કે સમૃધ્ધિ વધુ સમૃધ્ધિને આકર્ષે છે. જ્યારે એક પ્રકલ્પ સમૃધ્ધ થવો શરૂ થાય છે ત્યારે બધું જ વધુ સારા માટે બદલાય છે. લોકો, માલસામાન, પૈસા અને માહિતીઓ બધું જ જ્યારે જરૂર હોય ત્યારે સામે આવશે. તે ઉપરાંત, પ્રકલ્પ પર કામ કરતા લોકો પ્રેરિત થયાનું અને સંતોષ બન્નેનો અનુભવ કરશે. આ કારણસર, આપણે કહીએ છીએ કે સમૃધ્ધિ વધુ સમૃદ્ધિને આકર્ષે છે.

જો એક વ્યક્તિ દેખીતી રીતે તેનાં કામને માણે છે. તો તે તેની આસપાસ રહેલાઓ પર હકારાત્મક રીતે અસર પાડશે. પરિણામે, તેના સહકર્મીઓ પણ તેમનાં કામમાં વધુ રસ લેશે. તંત્ર જેમ જેમ જીવશક્તિથી ઉભરાવા માંડશે તેમ વધુને વધુ લોકો આ જોશે અને તેમાં ભાગ લેવા ઈચ્છશે. આ રીતે, એક તંત્ર એક મજબૂત અને સફળ પદાર્થમાં વિકસશે.

“સમૃધ્ધિ વધુ સમૃધ્ધિને આકર્ષે છે” એ અભિવ્યક્તિમાં “સમૃધ્ધિ” શબ્દને “સંપત્તિ” શબ્દ વડે બદલી શકાય. સંપત્તિના ત્રણ પ્રકાર છે. પહેલી નાણાંકીય સંપત્તિ છે. બીજી સંપત્તિ જ્ઞાન છે, જેને ડહાપણ અથવા ગ્રહણ શક્તિ તરીકે પણ ઓળખાય છે. આ પ્રકારનું જ્ઞાન વિવિધ પરિસ્થિતિઓમાં લાગુ કરી શકાય છે. અને આથી તેને સંપત્તિ તરીકે વર્ણવાય છે. ત્રીજી છે માનવ સ્ત્રોતોની સંપત્તિ. જો મોટી સંખ્યામાં લોકો એકઠા મળીને એક કાર્ય પર કામ કરે તો તે માનવ સ્ત્રોતોની સંપત્તિ દર્શાવે છે.

જ્યારે હું કહું છું કે “સમૃધ્ધિ વધુ સમૃધ્ધિને આકર્ષે છે”, ત્યારે કહેવાનો અર્થ એવો છે કે આ ત્રણ તત્ત્વો સમૃધ્ધિને આગળ વધારવા સાથે મળીને કાર્ય કરે છે. આર્થિક સમૃધ્ધિ મેળવવા માટે, આ તત્ત્વોમાંથી એકનો ઉપયોગ કરવો અથવા તમને વધુ સારી દિશામાં જવા માટે મદદ કરવા માટે તેમાંના બે અથવા ત્રણને એકઠા કરવા જરૂરી છે. દાખલા તરીકે, જો તમે નાણાંકીય રીતે આશીર્વાદ પામેલા હશો, તો તમે આગળ પડતી વ્યક્તિને કામે રાખી શકશો. તમે તમારી મુડીનો બધા પ્રકારની માહિતીઓ તથા જ્ઞાન એકઠા કરવા માટે ઉપયોગ કરી શકશો. આમ જો તમે તમારા વ્યાપારમાં ત્રણેય મુખ્ય તત્ત્વોને ભેગાં કરી શકશો, તો તમારી સમૃધ્ધિ ઉત્તરોત્તર સ્થિર થઈ જશે.

વિશાળ નાણાંયકીય મુડીની ગેરહાજરીમાં, તમે હજી આર્થિક સમૃધ્ધિ ઉભી કરવા માટે બીજાં બે તત્ત્વોનો ઉપયોગ કરી શકો છો. પહેલાં આપણે એ જોઈએ કે જો તમારી પાસે જ્ઞાનનો જથ્થો હોય તો શું થશે. જો તમારામાં દક્ષતા હોય તો તમારે માટે નવો વ્યાપાર શરૂ

કરવાનું શક્ય છે. આજના સૌથી સફળ વ્યાપારોમાંના ઘણા માત્ર કોઈકનાં મગજમાંના એક વિચાર અથવા ખ્યાલ તરીકે જ શરૂ થયા હતા, એટલે કે તેઓ દક્ષતાના એક ટુકડા તરીકે શરૂ થયા હતા. જો તે ખરેખર ડહાપણ છે તો, તે ખ્યાલ સારો હશે અને તે ઘણા સાથીદારોને તમારે માટે આકર્ષશે. તે પૈસાને પણ આકર્ષશે. જો તમારા વિચારની ખરેખર માંગ હશે તો પૈસા તો પરિણામ સ્વરૂપે આવશે જ. માટે જો તમારી મૂડી તરીકે તમારું ડહાપણ હશે તો તમારી સમૃધ્ધિ ખૂબ જ સંગીન હશે.

હવે, તમે જ્યારે ઉત્તમ માનવ સ્ત્રોતો મેળવો છો ત્યારે શું બને છે તે ધ્યાનમાં લો. જો તમે જ્યારે કોઈ વ્યાપાર શરૂ કરો ત્યારે તમારી પાસે તેજસ્વી લોકોની મદદ હોય તો કાંઈપણ શક્ય છે. તમારી પાસે કદાચ કોઈ નાણાંકીય બુધ્ધીની મૂડી ન પણ હોય, પરંતુ જ્યાં સુધી તમારા પ્રકલ્પ પર તમારી પાસે પ્રતિભાશાળી લોકોનું જૂથ છે, તો તમે એક સમૃધ્ધ શરૂઆત કરશો. જે લોકો તેમનો પોતાનો ધંધો શરૂ કરવા માટે તેમની નોકરી છોડી દે છે તેમની સફળતાનું ઘણીવાર આ જ રહસ્ય હોય છે.

આજના ઝડપથી બદલાતા સમાજમાં, ઘણા લોકો તેમની નોકરી બદલવા આતુર હોય છે. તેમાંના કેટલાક સફળ થાય છે જ્યારે બીજા નિષ્ફળ જાય છે. જેઓ સફળ વ્યાપાર સર્જવાનું સંભાળી શકે છે. તેમાંના મોટા ભાગના એવા પ્રકારના લોકો હોય છે. જેઓ તેમની આગલી નોકરીમાં પણ સફળ હતા. આવા લોકોમાં એ આત્મવિશ્વાસ હોય છે જે ભૂતકાળની સફળતાના અનુભવમાંથી આવે છે. તે ઉપરાંત, તેમની આસપાસના લોકો પણ તેમની ચોક્કસ ક્ષેત્રમાં સારો દેખાવ કરવાની ક્ષમતાને ઓળખી લે છે. તમે એક ચોક્કસ ક્ષેત્રમાં કદાચ નવાસવા હોવ અને તમારી પાસે મર્યાદિત મૂડી હોય, પરંતુ જ્યાં સુધી તમારા પ્રકલ્પના કેન્દ્રમાંના લોકો પ્રતિભાવાન છે અને એક ક્ષેત્રમાં બીજા લોકોથી જુદા પડે છે, તો તમારા પ્રકલ્પની સફળતાની તકો ઘણી વધારે છે. માટે, જુદા જુદા ક્ષેત્રોમાં સફળ રહી ચૂકેલા પ્રતિભાવાન લોકોને કામે લગાડીને તમારા માટે સફળતા પ્રાપ્ત કરવી શક્ય છે. દાખલા તરીકે, જાપાનમાં એક પ્રખ્યાત શાળા એક એવી વ્યક્તિ કે જે એક સુરક્ષા કંપનીમાં સફળ હતી, તેને કામે રાખ્યા પછી ઝડપથી વિકસી હતી. આ પ્રકારની વ્યક્તિ દરેક પ્રકારની પરિસ્થિતિમાં પોતાનો અજોડ પ્રકાશ પાથરે છે અને તેની કંપની માટે સર્વથા અનપેક્ષિત પરિણામો પેદા કરે છે.

આ સમૃધ્ધિનો અર્ક છે. તમારા મનમાં એ બંધબેસાડી દો કે ત્રણ તત્ત્વો છે, જે સમૃધ્ધિ પ્રાપ્ત થવા દે છે. તે છે નાણાંકીય મૂડી, ડહાપણ અને વિચારો, અને માનવ સંપત્તિ. જો તમે આ ત્રણેય ધરાવો છો તો તમે અજેય છો. પરંતુ જો તમે માત્ર એક પણ ધરાવતા હોવ તો પણ તમે સફળતા મેળવી શકો છો.

૬ સફળતાના નિયમો

સાચી સમૃદ્ધિ પ્રાપ્ત કરવી

સાચી સમૃધ્ધિના અર્થ પરની ચર્ચા સાથે હું આ વિભાગ પૂરો કરવા ઈચ્છું છું. મેં અગાઉ કહ્યું છે તેમ, સમૃધ્ધિને એક એવી અવસ્થા તરીકે વ્યાખ્યાયિત કરી શકાય. જ્યાં લોકો, માલસામાન, પૈસા અને માહિતી એક નિશ્ચિત સમય અને અવકાશનાં ચોકઠાંની અંદર ઉચ્ચ ગતિએ પરિભ્રમણ કરે છે, જ્યારે લોકો આશા અને પરિપૂર્ણતાની લાગણીથી ભરેલાં હોય છે. હવે હું આના તરફ એક જુદી દૃષ્ટિથી જોવા ઈચ્છીશ. હું સાચી આર્થિક સમૃધ્ધિને એક જુદા દૃષ્ટિકોણથી જોવા જઈ રહ્યો છું: લોકોના દૃષ્ટિકોણથી.

એક વ્યાપારી વ્યક્તિએ સાચા અર્થમાં સફળ ગણાવા માટે કઈ શરતો, પરિસ્થિઓને અનુકુળ થવું જોઈએ? એક વ્યાપારી વ્યક્તિએ સાચી સફળતા મેળવી છે તેમ કહેવા માટે તેણે ચાર પરિસ્થિતિઓને અનુકુળ થવું જોઈએ. પહેલીએ છે કે તેની સફળતાને સમાજની માન્યતા મળવી જોઈએ. એ બાબતમાં તેના શબ્દો સ્વીકારી લેવા તે પૂરતું નથી. સમાજની આંખો ખાસ્સી ક્ષતિરહિત હોય છે અને માત્ર જ્યારે તે ક્ષેત્રના મોટાભાગના લોકો તેની સિધ્ધિઓને માન્યતા આપે ત્યારે જ તે વ્યાપારી વ્યક્તિ સાચી સમૃધ્ધિ મેળવ્યાનો દાવો કરી શકે છે.

સમાજનાં ચોક્કસ ધોરણો હોય છે જેના વડે તેઓ સફળતાની આકારણી કરે છે અને તેઓ દુન્યવી સફળતાને સમાન ન હોય તે જાણવું મહત્ત્વનું છે. ઉદાહરણ તરીકે, એક માણસ સમૃધ્ધિ પ્રાપ્ત કરી હોવાનો દાવો કરતો હોય, પરંતુ તેણે જો ગુનાના માર્ગે તેમ કર્યું હોય તો સમાજ તેને સાચી સફળતા તરીકે માન્યતા આપશે નહીં. તેવી જ રીતે, એક માણસ “સંપત્તિની લે-વેચ” કરતો હોય અથવા જમીન અને સંપત્તિનું વારંવાર અને વધારે પડતું વેંચાણ કરવા દ્વારા નફો કરતો હોય, તો લોકો તેના તરફ સાચી સમૃધ્ધિ તરીકે જોશે નહીં. ફરી એકવાર, જો કોઈ સૌથી ટોચ પર પહોંચવાના પ્રયત્નમાં બીજા લોકોને કચડી નાંખતો હોય તો સમાજ તેને ખરાબ આબરૂ ગણાશે. સમાજનો મત એ એક માત્ર પાસું નથી જેના વડે સફળતા નક્કી કરાય છે, પરંતુ એક માણસની સિધ્ધિઓ નક્કર નિર્ણયાત્મકતા ધરાવતા લોકો વડે માન્યતા પામે તે મહત્ત્વનું છે.

સાચી સમૃધ્ધિની બીજી શરત એ છે કે વ્યક્તિએ તેનાં ચારીત્ર્યમાં વિકાસના અને વૃધ્ધિના પૂરાવાઓ દેખાડવા જોઈએ. ચારિત્ર્યના સતત વિકાસ દ્વારા સતત સમૃધ્ધિ શક્ય બનાવી શકાય છે. જ્યાં સુધી એક કંપનીનાં પ્રમુખ તેના વ્યાપારની જરૂરિયાત માટે સતત નવસર્જક તથા સમજણભર્યા હોવાનું ચાલુ રાખે છે ત્યાં સુધી કંપની એકધારી રીતે વૃધ્ધિ

પામશે. આનાથી ઉલટું પણ સાચું છે. એક કંપની આર્થિક સામર્થ્ય પ્રાપ્ત કરે છે તેમ તે જેના હવાલામાં છે તેમણે પણ તેની સાથે પુખ્ત થવું જોઈએ.

સાચી સમૃધ્ધિ માટેની ત્રીજી શરત એ છે કે વ્યક્તિ સામાજિક પ્રભાવ ધરાવતી હોવી જોઈએ. એક મજબૂત બેંક બેલેન્સ કરતાં સમૃધ્ધિ કંઈક વધુ છે. એક વ્યક્તિ સાચી સમૃધ્ધિ માણે છે તેમ ત્યારે જ કહેવાય છે જ્યારે તેની સંપત્તિ, સામાજિક આબરુ, બ્રાન્ડનેમ, માન્યતા અને બીજાં પાસાંઓ સમાજના ફાયદા માટે ઉપયોગમાં લેવાતાં હોય. સમાજ પર હકારાત્મક છાપ હોવી મહત્ત્વની છે.

ચોથી અને અંતિમ શરત એ છે કે લાગતી વળગતી વ્યક્તિ કોઈ પસ્તાવાની જીંદગી જીવતી ન હોય. તે કેટલો નફો કરે છે તેનાથી કોઈ ફરક પડતો નથી, જયાં સુધી તે તેનાં જીવન અને કાર્યમાં અર્થ શોધતો નથી ત્યાં સુધી તેણે સાચી સમૃધ્ધિ પ્રાપ્ત કરી નથી.

હું અહીં એ વાત પર ભાર મૂકવા માગું છું કે તમારી આર્થિક સમૃધ્ધિ તમારા આત્માની દિશા સાથે મેળ ખાવી જોઈએ. દાખલા તરીકે, એક વ્યક્તિ કદાચ આધ્યાત્મિક મુલ્યો શોધતી હોય, પરંતુ જો તે પોતાની જાતને નફો ઈચ્છવામાં જ સમર્પિત કરી દે તો તેની જીંદગી વિરાન અને અર્થહીન થઈ જશે. આત્માને અસંખ્ય માનસિક વલણો હોય છે અને એક ધાર્મિક અથવા ફીલોસોફીકલ આત્મા અવ્યવહારુ કાર્ય માટે યોગ્ય નહીં થાય. આવો આત્મા નફો મેળવતી વખતે સફળ થાય તો પણ, જેને માટે તે યોગ્ય નથી તે કરવાનું ચાલુ રાખવું એ યાતનાનો સ્ત્રોત બની જશે.

સમાપન કરતાં હું કહીશ કે જો તમે તમારું જીવન પસ્તાવા વગર જીવવા માંગતા હો તો તમારા માનસિક વલણ સાથે મેળ ખાય તેવાં ક્ષેત્રમાં સફળતા શોધો. સાચી સમૃધ્ધિ માટે ચોથી શરત કહેવાનું આ કારણ છે. આ કારણ છે જેના માટે લોકોએ એવી નોકરી શોધવી જોઈએ જે સક્રિય રીતે તેમના આત્માની ઉત્ક્રાંતિ તરફ દોરી જાય. જો અત્યારે તમારી પાસે એવી નોકરી ન હોય, જે તમારા આત્માને સુધારે, તો પછીથી તમારે તમારી કારકીર્દીની દિશા બદલવી પડશે. હું ભલામણ કરીશ કે પહેલાં તમે તમારી આર્થિક સફળતાનો પાયો ચણો અને પછી જીવનમાં બીજું પગલું ભરો.

પ્રકરણ-૬

વિકાસશીલ વિચારસરણી

૧ સફળતાના નિયમો

સંકલ્પનાત્મક વિચારોની શક્તિ

આ પ્રકરણમાં હું વિચાર નામની માનવમનની યાંત્રિકતા વિશે વાત કરીશ અને તેના હેતુઓ વિશે ચોકસાઈ કરીશ. સફળતાની આધુનિક ફીલોસોફી માટે આ પ્રકારના અભ્યાસનાં પરિણામો ખૂબ જ મહત્ત્વનાં છે. હું જેને સંકલ્પનાત્મક વિચારો તરીકે જોઉં છું, તેના વિશે વાત કરવાથી હું શરૂઆત કરીશ.

સંકલ્પનાત્મક વિચારોને એક જ દિશાના નિશ્ચિત વિચારો તરીકે સમજાવી શકાય. તે "જીવનનું આયોજન" શબ્દના અર્થની ઘણાં નજીક છે, જેનો ઉપયોગ વ્યક્તિની ભવિષ્ય માટેની દૃષ્ટિ માટે કરાય છે. હું આને સ્પષ્ટ કરું. એક ઘર ચણતી વખતે, આયોજનથી કામ કરવું જરૂરી છે. એક નકશા વગર મકાન ચણી શકાય નહીં. સંકલ્પનાત્મક વિચારો તેને સમાન છે કારણ કે તેઓ વ્યક્તિના જીવનનો નકશો છે.

જ્યારે જીવન માટેની આ દૃષ્ટિએ માત્ર ક્ષણિક વિચાર નથી પરંતુ તે વ્યક્તિનાં હૃદયમાં દિવસે દિવસે મજબૂત થતો જાય છે, ત્યારે તે તેની પોતાની શક્તિ મેળવી લે છે. મોટાભાગના લોકો સંકલ્પનાત્મક વિચારોની શક્તિને ક્યારેય સમજ્યા વગર તેમનો સમય જીવી લે છે. આ શક્તિ એટલી બધી બળવાન છે કે તેને વાસ્તવમાં ભૌતિક સામર્થ્ય છે તેમ કહી શકાય. આ એવું છે જાણે કે, મકાન માટેનો નકશો તૈયાર થઈ જાય પછી, નકશો પોતાની મેળે જ જીવંત થઈ જાય છે. જેવી રીતે માતા-પિતા ગર્ભધારણ કરે છે અને બાળકને જન્મ આપે છે તેવી જ રીતે, એક વ્યક્તિ આગળ આવી શકે અને એક સંકલ્પનાત્મક વિચારને જીવંત બનાવી શકે. આ સર્જનને પ્રકાર છે; કચરામાંથી વસ્તુઓ બનાવવાની શક્તિ.

માત્ર એ કારણસર કે વિચારો અદૃશ્ય અને અશ્રાવ્ય હોય છે, મોટાભાગના લોકો સંકલ્પનાત્મક વિચારોનાં અસ્તિત્ત્વની ક્યારેય કલ્પના પણ નથી કરતા. જોકે, સત્ય એ છે કે જ્યારે તમારા મનમાંથી એક છબી ઉપસે છે, ત્યારે તે હવા દ્વારા પસાર થાય છે અને આખી દુનિયામાં ફરે છે. એક આધ્યાત્મિક આંખ આ દુનિયામાં સંકલ્પનાત્મક વિચારોની ગુંચવણભરી સ્થિતિ જોઈ શકે છે. લોકો વડે પેદા કરાયેલા વિચારો સંકલ્પનાત્મક વિચારોનાં સ્વરૂપ તરીકે નિરુદ્દેશ વહ્યા કરે છે, જે એકબીજાને અસર કરી શકે છે.

ઘર અને તેના નકશાનું રૂપકનો આ સમજાવવા માટે પણ ઉપયોગ કરી શકાય. ચાલો આપણે જોઈએ કે કોઈકે એક ઘર ડીઝાઈન કર્યું. જ્યારે તે ઘરનું આયોજન-નકશો- પ્રદર્શિત કરવામાં આવ્યો ત્યારે એક પસાર થનારનું ધ્યાન ગયું અને તેણે વિચાર્યું, "કેવું

અદ્ભુત મકાન. તે ચણાઈ જાય ત્યારે મને તે જોવાનું ગમશે." પછી તે ગયો અને તેના થોડાક મિત્રોને તે ઘરનું આયોજન જોવા લઈ આવ્યો. તેણે કહ્યું, "આ પ્લાન્સ જોવો, જો તમે મને મદદ કરશો તો મને આ મકાન ચણવાનું ગમશે." તેના મિત્રોમાં એક શ્રીમંત માણસ હતો, જેણે જવાબ આપ્યો, "મારી પાસે આને ચણવા માટે જરૂરી છે તેના માત્ર અડધા પૈસા છે, પરંતુ મારી શાખ સારી છે. અને હું બેંકમાંથી બાકીના પૈસા ઉધાર લઈ શકીશ. તે મારા પર છોડી દે." બીજા મિત્રએ કહ્યું, "હું એક સારા મિસ્ત્રીને ઓળખું છું. જો હું સીધો તેના સંપર્કમાં આવું તો તે આ મહિનામાં ક્યારેક કામ કરવાનું શરૂ કરી શકવો જોઈએ."

ઘર ચણવાનું નક્કી થઈ ગયું એટલે જેણે સૌ પ્રથમ તે પ્લાન જોયો હતો તેણે કહ્યું, "સારું, તો આ પ્લાન છે કોનો?" પછી તેમણે તે પ્લાનના માલીકની મુલાકાત લીધી, જે એક યુવાન હતો, જેની પાસે સ્વપ્નો હતાં, પૈસા નહીં. આ સાંભળીને તે માણસે તે યુવાન સ્થપતિને કહ્યું, "તારું ભવિષ્ય ઘણું જ ઉજ્જવળ છે અને તારા સ્વપ્નનું ઘર બનાવવા માટે હું મારાથી થશે તેટલી મદદ કરીશ."

આ માત્ર એક અનુરૂપતા છે, પરંતુ આ પ્રકારની વસ્તુઓ ખરેખર જીવનમાં બને છે. જો તમે શું ઈચ્છો છો તેની તમારી પાસે નક્કર દૃષ્ટિ છે, અને તમારી દૃષ્ટિને બીજા સાથે વહેંચો છો, તો તમને એવા માણસો મળી આવશે જેઓ તમારી દૃષ્ટિને વાસ્તવિક્તા બનાવવામાં મદદ કરશે. સંકલ્પનાત્મક વિચારોમાં માત્ર આ દુનિયામાંથી જ નહીં પરંતુ એ અદૃશ્ય દુનિયા કે જે આ ભૌતિક દુનિયાને પાર અસ્તિત્ત્વ ધરાવે છે તેમાંથી પણ લોકોને આકર્ષવાની શક્તિ છે. ભલે કદાચ તમને આનો ખ્યાલ નહીં આવે, પરંતુ આત્માની દુનિયામાં તમારો એક પાલક આત્મા છે અને માર્ગદર્શક આત્મા છે, જે તમારા પર નજર રાખે છે અને તમને મદદ કરવાનો પ્રયત્ન કરે છે. આથી જો તમે તમારા મનમાં એક શક્તિશાળી વિઝન રાખો, તો તમે એવાં અસ્તિત્ત્વો પાસેથી મદદ મેળવશો, જેઓ ચોથા પરિમાણ અને તેનાથી આગળ અસ્તિત્વ ધરાવે છે.

આ કારણસર, તમે સંકલ્પનાત્મક વિચારોની શક્તિ સ્વીકારો તે મહત્ત્વનું છે.

૨ સફળતાના નિયમો

સંકલ્પનાત્મક વિચારોનું પ્રગટીકરણ

આ વિભાગમાં, આપણે એક આગળ વધેલી ટેક્નિક લેશું. સંકલ્પનાત્મક વિચારોને પ્રગટ કરવા. લગભગ દરેક માણસનાં હ્રદયમાં અસ્પષ્ટ મહત્ત્વાકાંક્ષાઓ હોય છે, પરંતુ ખાસ કરીને તાલીમ વગર તેને કશાક નક્કરમાં ફેરવી મુશ્કેલ છે. આવા પ્રયત્નોમાં, નકારાત્મક ભાવનાઓ તરત જ તાલીમ ન પામેલાં હ્રદયમાં સપાટી પર આવી જાય છે, અને એક બે દિવસ પછી, તમે એ વિચારવા લાગો છો કે વર્તમાન આવકમાં અને જ્યારે કોઈ તમને મદદ કરે તેમ નથી ત્યારે ઘર બનાવવું તે મૂર્ખતા છે. સંકલ્પનાત્મક વિચારો આમ સહેલાઈથી નાશ પામે છે.

હવે હું તમને સંકલ્પનાત્મક વિચારોનાં પ્રગટીકરણ માટે સૌથી મહત્ત્વાની ટેક્નિક શીખવીશ. એક વખત તમે એક સંકલ્પનાત્મકે વિચાર તમારાં મગજમાં સર્જ્યો, પછી તેને તમારાં મગજમાં રાખો અને પછી ચોક્કસ સમયગાળા માટે તેના પર એકાગ્ર થાવ. તમારી જાત માટે એક સમયમર્યાદા ન ગોઠવો. તમારે તમારું લક્ષ્ય એક ચોક્કસ સમયમાં, ચોક્કસ વર્ષના ચોક્કસ મહિનામાં જ સિધ્ધ કરવું છે તેવું ન કહો. તમારી જાતને આ રીતે ઘેરવાની કોઈ જરૂર નથી. બસ માત્ર એ આશા સાથે કે તે યોગ્ય સમયે સાચી પડશે, તે વિચારને તમારા મનમાં પકડી રાખો. જો તમે આમાં સફળ થશો, તો તમે જોશો કે તમને તમારાં વિઝન સુધી પહોંચાડવા માટે વસ્તુઓ બનવાની શરૂ થાય છે. તમે અસંખ્ય લોકોનાં સંપર્કમાં આવશો અને સફળ થવા માટેની અસંખ્ય તકોની સામે આવશો. જોકે, માર્ગમાં તમે સર્જેલા સંકલ્પનાત્મક વિચારો પડી ભાંગશે તો તમારી તે સિધ્ધ કરવાની તકો ઘટી જશે.

જો તમે એક ચોક્કસ વિચારને ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી પકડી રાખશો, તો તમે જોશો કે ભલે કદાચ તેમાં થોડાક ફેરફારો થયા હોય તો પણ તે કોઈક રીતે સાચો પડશે જ. જો તમે દરેક વર્ષ માટે તે જ વિચાર તમારા મનમાં પકડી રાખો તો તમે તે પ્રાપ્ત ન કરી શકો તે વધું પડતું અશક્ય છે. આવું એટલા માટે છે કારણ કે એક સમૃધ્ધ થતા દેશમાં એવા ઘણા લોકો છે જેઓ બીજાઓ સાથે સહયોગ કરવા ઈચ્છે છે. જો તમે આવી મદદ સ્વીકારો તો કાંઈપણ શક્ય છે. એક સામાન્ય માણસ એક વ્યાપાર શરૂ કરી શકે છે, તેમાં સફળ થાય છે અને પછીની પેઢીઓ માટે કંઈક છોડી જશે, જો તે એક વિચારને દસ વર્ષ માટે તેનાં મગજમાં રાખી શકશે તો.

એ સમજણને તમારાં હ્રદયમાં ઉંડે સુધી દાટી દો કે એક સંકલ્પનાત્મક વિચારને પ્રગટ થવા માટે સમયનો વિસ્તરિત ગાળો જરૂરી છે. જો તમે પૂરતો લાંબો સમય રાહ નથી

જોતા, તો તમારો વિચાર ટેલીફોનનાં થાંભલા પર ચોટાડેલાં પોસ્ટર કરતા જરાય જુદો નથી, જેને પછી થોડા વખતમાં ઉખાડી નાખવામાં આવે છે. જો મદદ કરવા ઈચ્છતું હોય તેવું કોઈ દેખાય તો પણ, તેમની પાસેથી શું જરૂરી છે તે જાણવાનો તેમની પાસે કોઈ માર્ગ નહીં હોય. જો તમે એક “રૂમ જોઈએ છે” અથવા “કામ જોઈએ છે” એવું જણાવતું પોસ્ટર એક ટેલીફોનના થાંભલા પર ચોંટાડવાના છો તો મોટી સંખ્યામાં લોકો તે જોશે, પરંતુ જો તમે તેને ઉખાડી લેશો, તો એ હકીકત છતાં કે કોઈક તમને મદદ કરવાની સ્થિતિમાં છે અને તમારો સંપર્ક કરવાનું હતું, તેઓ તેને જોશે નહીં, અને ક્યારેય તમારી જરૂરીયાત વિશે જાણ્યા વગર જ ત્યાંથી પસાર થઈ જશે. આ કારણસર હું ઈચ્છું છું કે તમે દૃઢાગ્રહના અર્થ વિશે ગંભીરતાપૂર્વક વિચારો.

૩ સફળતાના નિયમો

હકારાત્મક છબીઓની શક્તિ

સંકલ્પનાત્મક વિચારોની શક્તિ વિશે હવે તમે બધું જાણો છો ત્યારે, એ સાંભળીને નવાઈ નહીં લાગે કે નકારાત્મક વિચારો અથવા સ્વ-વિનાશક વિચારો પણ હોય છે, પરંતુ તમારે જાણવું જોઈએ કે માત્ર હકારાત્મક વિચારો જ તમને અને બીજાઓને ખૂશી આપશે.

મારી અંતઃકરણની ક્રિયાઓમાંથી બોલતાં, હું કહી શકું કે લોકોનો ઘણો મોટો ભાગ તેમના મનમાં દુઃખી હોવાની દૃષ્ટિ ધરાવે છે. હકીકતમાં, અડધા કરતાં વધુ માનવજાત માટે આમ કહી શકાય. આવા લોકો તેમના ભૂતકાળમાંથી પડેલા ઉઝરડા પકડી રાખે છે. તેમની નિષ્ફળતાઓ અથવા આઘાતોના અનુભવો તેમને એવું લગાડે છે કે વધુ સારાં જીવન માટે તેઓ ગમે તેટલો પ્રયત્ન કરે, તેઓ દુઃખી જ રહેવાના છે. ઉદાહરણ તરીકે, જે વ્યક્તિએ નોકરી ગુમાવવાના આઘાતનો અનુભવ કર્યો છે, તે હંમેશા ડરપોક રહેશે અને તે ગમે ત્યાં કામ કરતો હોય, તેને ફરી કાઢી મૂકાવાની બીક લાગ્યા કરશે. આ ડર તેના વિચારોમાં સૌથી ઉપર રહેશે છેવટે તે તેનાથી લદાઈ જશે. આ તેને નકારાત્મક અનુભવો અને માન્યતાઓનાં અધમચક્રમાં લટકાવી દેશે.

બીજી તરફ, આપણે એવા લોકો જોઈએ છીએ જેઓ એક નોકરીમાં સફળતા મેળવે છે, પછી બીજી કંપનીમાં વધુ મોટી સફળતા પ્રાપ્ત કરે છે અને આમ ભલમનસાઈનું ચક્ર બનાવે છે. આ બે પ્રકારની વ્યક્તિએ વચ્ચેનો તફાવત તેમનાં મનમાં રહેલી છબીઓ છે: હકારાત્મક અને નકારાત્મક. જે લોકો હંમેશાં બીમાર પડવાની ચિંતા કર્યા કરે છે. તેઓ બીમારીને આમંત્રણ આપશે. જે લોકોને વિશ્વાસઘાત થવાનો ચિત્તભ્રમ થાય છે તેઓ વહેલા-મોડા તે મેળવશે અને તેઓ નિરાશ થશે. જે લોકો તેમનાં હૃદયમાં નિરાશાત્મક તસ્વીરો રાખે છે તેઓ નિષ્ફળતાને આમંત્રણ આપશે.

મૂળભુત રીતે, તમારાં દુઃખનું મૂળ કારણ માત્ર તમારા ભૂતકાળના અનુભવોનું પરિણામ નથી. નિશ્ચિતપણે, તમે આજે પણ આત્મ વિશ્વાસનો અભાવ ધરાવો છો? આ આત્મવિશ્વાસનો અભાવ પૂરેપૂરો માનસિક જ હોય તે જરૂરી નથી. કંઈક અંશે તે શારીરિક પણ હોઈ શકે: તમને કદાચ સહેજ મુશ્કેલીમાં સપડાયેલા હો તેવું લાગી શકે. જ્યારે લોકો સારા મૂડમાં હોય અને દિવસમાં ઘણું કામ કરવા માટે આતુર થઈને જાગે, ત્યારે નિરાશા ભાગ્યે જ તેમના પર જીત મેળવી શકે. નિરાશાની લાગણી ત્યારે જ વધુ ઉપર આવે છે, જ્યારે તમે થાકેલા, નિરુત્સાહ, હતાશ અથવા સંપૂર્ણપણે પ્રેરણાના અભાવવાળા હોવ.

માટે, તમારા મનમાં હકારાત્મક છબીઓ પકડી રાખવા માટે, તમારાં આરોગ્યનું ધ્યાન રાખો. જે લોકોનું વલણ નિરાશાત્મક હોય છે તેમણે તેમની શારીરિક તાકાત ઘડવી જોઈએ અને તંદુરસ્ત જીવન જીવવું જોઈએ. જો તમે સારું આરોગ્ય જાળવવાનું અવગણશો, તો તમે તમને ખ્યાલ પણ આવ્યા વગર નકારાત્મક વિચારો વિકસાવશો.

ખરાબ વિચારોની લાક્ષણિકતા નિષ્ફળ લોકોને આકર્ષવાની હોય છે. માનવ મન એક ચુંબક જેવું છે જે સમાન વલણ વાળા લોકોને આકર્ષે છે. જે લોકો તેમના મગજમાં નિષ્ફળતાની છબીઓ ધરાવે છે તેઓ એવા જ લોકોને આકર્ષશે જેઓ તેમને સૌથી વધુ ડર હોય તેવા વિધ્વંસનું કારણ બનશે. તેનાથી વિપરિત, જેઓ પોતાનાં મનમાં સફળતાની છબી બનાવે છે તેમને તેવા જ સ્વભાવવાળા લોકો મળી આવશે. આવા લોકો નિરાશાવાદીના સંપર્કમાં આવે તો પણ, તેમનાં મુલ્યો અને ચારિત્ર્યોનો મેળ નહીં ખાય અને બંન્ને એક બીજાથી દૂર થઈ જશે. આ રીતે, હકારાત્મક લોકો દુર્ભાગ્યમાંથી છટકી જાય છે.

વ્યાપારમાં સફળતા અથવા નિષ્ફળતા અંગત સંબંધોમાંથી પણ ફૂટી નીકળે છે. ઘણા કિસ્સાઓમાં, ગંભીર નિષ્ફળતા એ તમે જેની સાથે સોદો કરો છો તે વ્યક્તિનાં ખોટાં મુલ્યાંકનને પરિણામે પણ હોય છે. આ રીતે જોતાં, તમે સમજશો કે તમારા મગજમાં હકારાત્મક અને દૃઢ છબીઓ રાખવાનું કેટલું મહત્ત્વનું છે.

આ મેળવવા માટે, તમે મોટી સંખ્યામાં સફળ અનુભવો ઉભા કરો તે મહત્ત્વનું છે. તમારા મનમાં હકારાત્મક છબી રાખીને સફળતાના નાના અનુભવો સર્જો. ઉદાહરણ તરીકે, જો તમારે એક વ્યાપારી સોદો આવી રહ્યો છે, અને તમને તે પકડી લેવાનો આત્મવિશ્વાસ નથી, તો સંકલ્પનાત્મક વિચારોની શક્તિનો ઉપયોગ કરો. તમારે માત્ર એટલું જ કરવાનું છે કે તમારી જાતને હકારાત્મક પ્રકાશમાં કલ્પો, તમારી જાતને સફળ અને એક મહાન પરિણામ સાથે કાર્યાલયમાં પાછી ફરતી કલ્પો. જો તમે સોદાનો આત્મવિશ્વાસપૂર્વક સંપર્ક કરો, એમ માનીને કે તમે સફળતા પ્રાપ્ત કરી જ લીધી છે, તો સામેનો પક્ષ તમારા આત્મવિશ્વાસથી છલકાતા ચહેરા અને હાવભાવથી પ્રભાવિત થઈ જશે. હકીકતમાં, તેઓ તમારાથી એટલા મુગ્ધ થઈ જશે કે તેઓ વ્યાપારની બહારના કલાકોમાં પણ તમારા મિત્ર થવાનું ઈચ્છશે.

ગ્રાહકોને પ્રભાવિત કરવા તે વ્યાપારમાં સફળ થવાનું રહસ્ય છે. જો તમે તેમને તમારામાં રસ પડે તેવી વ્યવસ્થા કરી શકો, તો તમે સફળતા તરફ પહેલું પગલું ભરી લીધું છે. લોકોને તમને વધારે મળવાનું અને તમારા લાંબા સમયના મિત્ર બનવાનું ગમશે તેવું લાગવા દો હકારાત્મક દૃષ્ટિ રાખો અને ચારિત્ર્યનું સામર્થ્ય રાખો જે બીજાને તમારા તરફ આકર્ષે.

હકારાત્મક દૃષ્ટિ જાળવવાની એક રીત તરીકે શારીરિક સામર્થ્ય ઘડવાનો મેં અગાઉ જ ઉલ્લેખ કર્યો છે. બીજો માર્ગ દરરોજ કશુંક નવું શોધવા અથવા સર્જવાનો છે. જે લોકો દરરોજ નવું લક્ષ સ્થાપે છે અને અવારનવાર શોધ કરે છે તેઓ એક હકારાત્મક આભા બનાવે છે. જે લોકો હંમેશાં નવી વ્યુહરચનાઓ અજમાવી જોવા તૈયાર હોય છે તેઓ

બીજાની નિરાશાથી અછૂતા રહે છે. આવા લોકો એવું કહીને તેમનાં વિઝન તરફ કાર્ય કરે છે કે, “જો પ્લાન ‘એ’ સારો નથી, તો આપણે પ્લાન ‘બી’ અજમાવી જોઈએ અને જો તે નિષ્ફળ જાય તો પ્લાન ‘સી’ તો છે જ.” આ કંઈક એવું છે જેના વિશે તમે ખૂબ જ સાવધાનીપૂર્વક વિચારો તે મને ગમશે.

૪ સફળતાના નિયમો

વિકાસશીલ વિચારસરણી

ચાલો આપણે હકારાત્મક છબીઓની શક્તિમાં વધુ ઉંડા ઉતરીએ. એક વખત તમે તમારાં મનમાં હકારાત્મક દૃષ્ટિ સર્જવામાં સફળ થાવ, પછી તમે પછીનાં પગલાં તરફ આગળ વધી શકો: વિકાસશીલ વિચારસરણી, તમારાં મનમાં હકારાત્મક છબીઓ સર્જવીએ તમે રોજેરોજ જે પ્રશ્નોનાનો સામનો કરતા હો તેને ઉકેલવાની યુક્તિ જાણવા જેવું છે; અંગત સ્તરે તે ખૂબ જ ઉપયોગી થઈ શકે. જોકે, વિકાસશીલ વિચારસરણી તે એક વ્યૂહત્મક આયોજન વિકસાવવા જેવું વધારે છે, અને તેનો ઉપયોગ કોર્પોરેટ, સામાજિક કે રાષ્ટ્રીય સ્તરે કરી શકાય. તે માત્ર એક વ્યક્તિ વડે નહીં પણ મોટી સંખ્યામાં લોકો વડે રખાતી હકારાત્મક છબીઓની શક્તિનો ઉપયોગ કરે છે.

એ સંકલ્પનાત્મક વિચારોની શક્તિની કલ્પના કરો, જે સેંકડો, હજારો લોકોના છે, જેઓ બધા એક જ સ્વપ્ર ધરાવે છે. આ પ્રચંડ શક્તિ ઉર્જાનો મોટો સ્ત્રોત બની જાય છે. ઉદાહરણ તરીકે, ધર્મની દુનિયામાં તે શ્રધ્ધાની શક્તિ તરીકે જાણીતી છે. પરંતુ આ શક્તિને વ્યાપાર જગતમાં કામ કરવા માટે મૂકવાનું પણ તેટલું જ શક્ય છે. આનો અર્થ એ છે કે એક કોર્પોરેશનનું આખું કાર્યકર્તાબળ એક જ હકારાત્મક છબી, એક જ સફળતાની છબી વહેંચે છે.

જો તમે એક કંપનીની મુલાકાત લો તો તે ઉદ્યોગની સફળતાનો અંદાજ કાઢવાનું સહેલું છે. તમારે માત્ર એટલું જ તપાસવાનું છે કે આખો કર્મચારીવર્ગ શક્તિપૂર્વક આશા સાથે કાર્ય કરે છે કે નહીં અને કાર્યલાયમાં હકારાત્મક વાતાવરણ છે કે નહીં. જો બધા જ કર્મચારીઓ ખુશ અને આશાવાદી છે તો કંપની ચોક્કસપણે સફળ થશે. જો કંપનીમાં એક કે બે લોકો પણ અસફળ છે તો બાકીના કર્મચારીઓનાં સ્મિતમાં તેમની નિષ્ફળતાને રદ કરવાની શક્તિ હશે.

આથી, એક નિશ્ચિત સંદર્ભમાં વિકાસશીલ વિચારસરણીને વ્યવસ્થાપન વડે ઉપયોગમાં લેવાતી વિચાસરણી તરીકે વર્ણવી શકાય. તે એ માર્ગ સૂચવે છે, જેમાં એક તેજસ્વી વિઝન-કંપનીમાંના દરેકની હકારાત્મક માનસિક છબીઓ - એક સમગ્ર તંત્રના વિકાસ તરફ કાર્ય કરે છે. એટલા માટે વ્યવસ્થાપને સતત તેના લોકોને પ્રેરવા જોઈએ અને તેમના લડત આપવાના જુસ્સાને શક્ય તેટલી શ્રેષ્ઠ રીતે ધકેલવો જોઈએ. પછી વિકાસશીલ વિચારસરણી લોકોની કામ કરવાની ઈચ્છાને પુનર્જીવિત કરી શકે અને ઉપર લાવી શકે અને તેમને ઉચ્ચ વસ્તુઓ માટે લક્ષ રાખતા કરી શકે.

ત્રણ પધ્ધતિઓ છે જે વિકાસશીલ વિચારસરણી માટે મહત્ત્વની છે. પહેલું તો, નેતાના વિચાર અથવા દરખાસ્ત વિશાળ પાયા પર હોવા જોઈએ. તે ભવ્ય હોવા જોઈએ. તે આખા જુથના આદર્શ બનવા માટે યોગ્ય હોવા જોઈએ અને બધાનું નૈતિક બળ વધારે તેવા હોવા જોઈએ. બીજું, નેતાએ તે દરખાસ્તનાં અમલીકરણ માટે અથવા વિચારને કામ કરતો કરવા માટે એક સીમા રેખા નક્કી કરવી જરૂરી છે. જો તે દસ કે વીસ વર્ષમાં લક્ષ્ય સિધ્ધ કરવા વિશે અસંદિગ્ધ રીતે બોલે તો લોકોને તેમાં સામેલ રહેવાનું મુશ્કેલ લાગશે. જોકે, જો નેતા એક કે બે વર્ષ પછીનું વિચારતો હોય તો તેને અનુસરનારાઓ માટે લક્ષ પર કેન્દ્રિત થવાનું સરળ હશે. પ્રયાસને એક નિશ્ચિત સમય માળખાની અંદર લક્ષ સિધ્ધ કરતો કરવો જરૂરી છે જેથી તેઓ પરિણામ જોઈ શકે.

ત્રીજું, પરિણામો એવાં હોવાં જોઈએ કે જે લોકો સંકલ્પનાત્મક વિચારોને આગળ વધારે છે તેઓ કોઈક રીતે સફળતાનો આનંદ માણી શકે. નેતા દરેક વ્યક્તિની બઢતી દ્વારા અથવા કર્મચારીઓનાં વેતનમાં વધારો કરીને અથવા કોર્પોરેટ છબીમાં સુધારા કરીને પણ વિકાસની ભાવનાને ફરી પ્રતિબિંબિત કરી શકે. એક અથવા બીજી રીતે, જે સિધ્ધ કરાયું છે તેનું વિઝન વ્યક્તિને પાછું વળાવું જોઈએ. એટલે કે, એ લોકોને, જેમણે સંકલ્પનાત્મક વિચારો પૂરા પાડ્યા છે.

સંકલ્પનાત્મક વિચારોની શક્તિને સંસ્થાકીય સ્તરે નિયંત્રિત કરવી આવશ્યક છે. માત્ર એક છબી ઉભી કરવી તે એટલું સહેલું છે કે કોઈપણ તે કરી શકે. આ ઝડપથી ભાગતા વિચારોને સંકલ્પનાત્મક વિચારોમાં તબદીલ કરીને અને સંકલ્પનાત્મક વિચારોને વિકાસશીલ વિચારસરણી સાથે જોડીને લોકોને લાંબા સમય માટે તેમનાં વિઝનમાં ટકી રહેવામાં મદદ કરવી તે મહત્ત્વનું છે. જો કંપનીના પ્રમુખની ઈચ્છા સફળ થવાની છે, અને તેને બધા જ કર્મચારીઓનો ટેકો છે તો કંપનીની વેંચાણ શક્તિ મજબૂત હશે. મને નેતાગીરીના આ બધા જ હોદ્દાઓ આવા વિકાસશીલ વિચારસરણીમાં નિપુણતા મેળવે તે ગમશે.

નવો હકારાત્મક અભિગમ

ચાલો આપણે વિકાસશીલ વિચારસરણીને જુદા દૃષ્ટિકોણથી જોઈએ. વિકાસશીલ વિચારસરણી આપણને તેનાં લક્ષ તરફ સરળ અને સીધી રીતે વિચારવા દે છે. પરંતુ એક વ્યક્તિ માટે અને મોટા પાયે જોઈએ તો સમાજ માટે ઉભી થતી વિવિધ સમસ્યાઓને ધ્યાનમાં લો. લોકો ઉત્સાહથી ભરેલા હોય તો પણ, આ વસ્તુ તેમને વિકાશલીલ વિચારસરણીની સીધી પંક્તિમાંથી લડખડાવી દે છે. આથી આ મુશ્કેલીઓમાંથી ઉપર ઉઠતાં શીખવું જરૂરી છે.

આવા પ્રકારના સમયે, હું એવી ભલામણ કરીશ કે તમે જે મુશ્કેલીઓનો સામનો કરો છો તેની ઉજળી બાજુ તરફ જોવો. તમારી દૃષ્ટિ બદલો અને બાબતોને હકારાત્મક પ્રકાશમાં જોવો.

વ્યવહારુ રીતે આનો શું અર્થ થાય તે જોઈએ. દૃષ્ટાંત રૂપે, તમે કામમાં એક આઘાતનો સામનો કર્યો. કદાચ હિસાબ વિભાગનાં એક કારકૂને મોટી ભૂલ કરી છે અને તમારી ખાતાવહીનો મેળ મળતો નથી અને કંપની ઉંડા દેવામાં આવી ગઈ છે. આવી પરિસ્થિતિમાં વ્યવસ્થાપનના શબ્દો અંતિમ હોય છે. તેઓ તેને માત્ર નિષ્ફળ તરીકે જ ઓળખશે અને તેઓ ખોટ સરભર કરી લે ત્યાં સુધી રાહ જોશે, અથવા તેઓ જવાબદાર વ્યક્તિને છૂટી કરશે અથવા તેને કોઈ ઉતરતા દરજ્જા પર મોકલી દેશે. આ ખૂબ જ દેખીતાં અને મનમાં સૌથી પહેલાં આવતાં પગલાંઓની રીત છે.

જોકે, જો તમે તેને હકારાત્મક પ્રકારમાં જોવા માટે તમારી દૃષ્ટિને બદલવાની ગુપ્ર રીતનો ઉપયોગ કરવાનો પ્રયત્ન કરો તો, તમે ક્રિયાને સંપૂર્ણ અલગ રીત જોશો. આ એક જ ભૂલનો આગળના વિકાસ માટે તક ઉભી કરવામાં કેવી રીતે ઉપયોગ કરી શકાય તે તમે વિચારી શકશો. સૌ પ્રથમ, તમારી જાતને એ પૂછો કે જે વ્યક્તિએ ભૂલ કરી છે તેને કંપનીમાં ભવિષ્યમાં શક્તિશાળી બળ બનાવવા માટે શું કરવું જોઈએ? તેને ઉતરતી પાયરી પર મૂકી દેવો કે કાઢી મૂકવો અને એ રીતે તેને નિરાશામાં ધકેલી દેવો તે સરળ હશે. પરંતુ શું તેજ શ્રેષ્ઠ હશે? અલબત્ત, તમે તેની ભયંકર ભૂલ માટે તેને સાવ માફ ન જ કરી શકો, પરંતુ એ તમારા પર, તેના ઉપરી પર છે કે તેની સાથે કેવો વર્તાવ થવો જોઈએ.

આમ હોવાથી, તમારે ધ્યાનપૂર્વક જોવું જોઈએ અને નિર્ણય લેતી વખતે તેનાં વ્યક્તિત્વને ધ્યાનમાં રાખવું જોઈએ. જો તમે કોઈ એવી વ્યક્તિ સાથે વ્યવહાર કરો છો, જે ખૂબ જ સ્વમાની છે, અને તેને જાહેરમાં સખત ઠપકો આપીને નીચું જોવડાવવા માંગો

છો અથવા પોતાનું મોઢું સંતાડવું પડે તેવું કરવા માંગો છો, તો તે નાહિંમત થઈ જશે અને કદાચ આખરે કંપની છોડી દેશે. કોઈક ગર્વિષ્ઠ સાથે કામ કરતી વખતે, કંઈક આવું કહો, "તમારા હવાલે હતું તેમાં આવું કેવી રીતે બન્યું? અમને તમારી પાસેથી ઘણી આશા છે, અને અમને વિશ્વાસ છે કે આને સરભર કરવા તમે તમારાથી બનતું બધું જ કરી છૂટશો. અમને ખાતરી છે કે એકવાર તમે તમારા રેકોર્ડમાંનો આ ડાઘ ભૂંસી નાંખશો, પછી તમે મહાન કાર્યો કરવાનું ચાલું રાખશો. અમે તમારા પર મદાર રાખીએ છીએ." આ રીતે તમે તે વ્યક્તિને જાણવા દો કે તમને તેમનાં કામની કિંમત છે અને તમે તેમને વધુ સારું કરવા પ્રોત્સાહિત કરો છો.

જો તે વ્યક્તિ તેનાં સ્વમાન વિશે ખાસ સભાન નથી, પરંતુ તેને શિક્ષણ અને તાલીમની જરૂર છે, તો તે ક્યાં ખોટા પડ્યા તે તેને સમજાવો. તે તેની જવાબદારીઓમાં ક્યાં નિષ્ફળ ગયા તે દર્શાવો અને તે ફરી તે ભૂલ ન કરે તે ખાતરી કરવા માટે તેને સંભાળપૂર્વક તાલીમ આપો. આવી વ્યક્તિને તમારે એવું કહેવું જરૂરી છે કે, "અમે એક વખત તમારી ભૂલને નજર અંદાજ કરશું, કદાચ, બે વખત કરીએ પરંતુ ત્રીજી વખત નહીં કરીએ. આવી ભૂલ ફરી ભવિષ્યમાં ન કરતો." આમ તમારે દરેક વ્યક્તિગત કિસ્સામાં જોવું અને દરેક પ્રકારની વ્યક્તિને કેવી રીતે પ્રેરિત કરવી, જેથી તેઓ તેમનું શ્રેષ્ઠ યોગદાન આપી શકે તે જોવું જરૂરી છે.

અત્યાર સુધી હું વ્યક્તિઓ વિશે વાત કરું છું, પરંતુ આ ફીલોસોફી મોટા પાયા પર પણ લાગુ પાડી શકાય છે. તમારી જાતને એ પૂછો કે સૌથી પહેલાં તો આવી ઘટના બની કેવી રીતે, અને આ અનુભવ તેને ફરી બનતી અટકાવવામાં મદદ કરી શકે કે નહીં. એ તપાસો કે આવા જ પ્રકારની ભૂલ બીજાં ક્ષેત્રમાં થઈ શકે તેમ છે કે નહીં અથવા બીજા પણ આવી જ ભૂલ કરે તે શક્ય છે કે કેમ. આમ કરવાથી તમે એક તંત્ર તરીકે તમારી ક્ષતિરહિતતા અને તમારા કાર્યની ગુણવત્તા સુધારી શકશો.

વિકલ્પ તરીકે, તમે બધા જ કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા માટે તે ભૂલનો બળ તરીકે ઉપયોગ કરી શકો. તમે કહી શકો કે, "આ ભૂલે આપણા વિભાગની આબરુનો નાશ કર્યો છે. જોકે, કોઈ એક વ્યક્તિનો દોષ છે તેમ કહેવું યોગ્ય નથી, અને મુખ્ય વ્યક્તિ તરીકે, હું પોતે સંપૂર્ણ જવાબદારી લઉં છું. પરંતુ આ મુશ્કેલ સમયમાંથી બહાર આવવા માટે મારે તમારી મદદની જરૂર પડશે. જો તમે બીજા છ મહિના માટે તમારું શ્રેષ્ઠ કરવાનો પ્રયત્ન કરવાનું ચાલુ રાખશો, તો મને ખાતરી છે કે આપણે એટલી સિધ્ધિ મેળવી શકશું જાણે આ ઘટના ક્યારેય બની જ ન હોય." જ્યારે આ રીતે મદદ માંગવામાં આવે ત્યારે, કર્મચારીઓમાંના ઘણા વધુ કઠીન પરિશ્રમ કરવા માટે, નવા વિચારો ઉત્પાદિત કરવા માટે તથા કાર્યક્ષમતા વધારવા માટે પ્રોત્સાહિત થશે.

આથી એક ભૂલને સર્વસાધારણ કિંમત તરીકે ન લેવી તે મહત્ત્વનું છે. તેને બદલે, તેમાં પડેલાં તત્ત્વો તરફ જોવો, જે વધુ મોટી સફળતા તરફ દોરી જશે. દરેક ભૂલની અંદર સફળતાનાં બીજ પડેલાં છે તે સમજો. છેવટે, દરેક ભૂલમાંથી તમારો બોધપાઠ શીખો અને

તેમનો નિસરણીનાં બીજાં પગથીયાં પર પહોંચવા માટે ઉપયોગ કરો. જે લોકો છોડી નથી દેતા, જેઓ નિષ્ફળતાને માત્ર આઘાત તરીકે નથી વિચારતા, પરંતુ તેમનો સફળતાની સીડી ચડવા માટે ઉપયોગ કરે છે. તેઓ દુર્ભાગ્ય કે અપશુકનો વડે રુક્ષ નહીં બને. મને આશા છે કે તમે તમારી દૃષ્ટિ બદલવા માટે તથા વસ્તુઓને હકારાત્મક પ્રકાશમાં જોવા માટેનો માર્ગ શોધવા માટે પ્રયત્ન કરશો.

અનંત વિકાસનું ધ્યેય

હું આ પ્રકરણ અનંત વિકાસ વિશેની ચર્ચા સાથે પૂરું કરવા ઈચ્છીશ. જ્યારે આપણે એક તંત્ર અથવા એક વ્યાપાર વિશે વાત કરીએ છીએ ત્યારે, હંમેશાં એક સફળતાનો સમયગાળો આવે છે, જ્યારે તમે જે કાંઈ પણ પ્રયત્ન કરો તે સારા નિવડે છે. દુર્ભાગ્યે, કોઈપણ વ્યવસાય અથવા ઉદ્યોગ અનંતકાળ સુધી આવું અસામાન્ય સારું ભવિષ્ય માણી શકતું નથી. આવી જ રીતે, એક વ્યક્તિની કારકીર્દિમાં પણ ઉતાર ચડાવ હોય છે. આ કારણસર, જ્યારે તમે વિકાસના સમયગાળાને માણો છો ત્યારે તમારે કેટલાક મુદ્દાઓ મનમાં રાખવા જરૂરી છે.

પહેલું, વિકાસના સમયગાળાનો છેવટે અંત આવવાનો જ છે તેથી, તમારી પાસે તક છે ત્યારે તમે કરી શકો તેટલો વિકાસ કરી લેવાની જરૂર છે. સૌથી મહાન વિકાસનું લક્ષ રાખો. અનંત વિકાસનું લક્ષ્ય રાખવા માટે તમારે જરૂર પડશે તેવા ડહાપણનો આ પ્રથમ ટુકડો છે.

બીજું, જ્યારે તમે વિકાસનો સમયગાળો માણી રહ્યા છો, ત્યારે પ્રયત્ન કરો અને વૈવિધ્ય લાવો. વિકાસના સમય દરમ્યાન કોઈપણ કંપની પાસે એક મજબૂત ઉત્પાદન અથવા આવકનો એક મુખ્ય સ્ત્રોત હોવો સામાન્ય છે. તેનો બીજી શક્યતાઓ માટેનાં બળ અથવા પાયા તરીકે ઉપયોગ કરાવો જોઈએ. તમારા આ સમયગાળાનો ઉપયોગ એક સુરક્ષિત ભવિષ્યમાં રોકાણ માટે કરો. એક બે દશકામાં સારો પાક લણવા માટે તમને જરૂરી લાગતા હોય તેવાં બીજ વાવો. એવાં સાધનોમાં રોકાણ કરો જે તત્કાલ વળતર ન આપતાં હોય તો પણ થોડાં વર્ષોના સમયમાં નફો દેખાડે.

ડહાપણનો ત્રીજો ટુકડો એ છે કે એવી પધ્ધતિ સર્જે કે જો વર્તમાન પરિસ્થિતિ સાવેસાવ ઉલટી થઈ જાય તો તમને ટકી રહેવામાં મદદ કરે. એક સમૃધ્ધ સમયગાળા દરમ્યાન આ ધ્યાનમાં લેવું ઘણું અઘરું છે. માટે તમારી જાતને પૂછો કે જો મોટી કટોકટી સર્જાય તો તમારી કંપની કેટલાં વર્ષ ચાલું રહી શકશે. ટકી રહેવા માટે તમારે શું કરવું પડશે? મજબૂત પાયાઓ ચણવાનો પ્રયત્ન કરો.

મને એક ઉદાહરણ લેવા દો. આપણે એમ કહીએ કે તમારી કંપની વાહનોની નિકાસ કરીને સ્થિર નફો રળે છે. કોઈક દિવસ, ગ્રાહક રાષ્ટ્રો છૂટક દુકાનો પર મર્યાદા મૂકી શકે છે. જો આમ બને તો, તમારી કંપનીએ બીજા દેશમાં નવી માર્કેટ શોધવી પડશે અથવા સ્થાનિક ઉત્પાદનોને ધ્યાનમાં લેવા પડશે. તમારે એ પણ વિચારવું જરૂરી છે કે જો વાહનો વેંચવાનું સાવેસાવ અશક્ય થઈ જાય તો શું થશે. તમારે એ પણ ધ્યાનામાં લેવું જોઈએ કે જો

તમારા વર્તમાન વિકાસમાં મુખ્ય પાસું આ રીતે ઓચિંતુ નકામું થઈ જાય તો શું થશે. જ્યારે હું આ કહું છું ત્યારે મારા કહેવાનો અર્થ એવો નથી કે તમે એક ચોક્કસ દેશમાં વાહનો વેચવા અસમર્થ હતા, પરંતુ એવો છે કે આખી દુનિયામાં લોકોએ મોટરો ચલાવવાનું છોડી દીધું હતું અને આથી મોટરો નકામી થઈ ગઈ છે.

આ પ્રકારની સંભાવ્ય ઘટના માટે તૈયાર રહેવા માટે, વિચારવાની ઉલટી રીતે અપનાવવી જરૂરી છે. તમારે તમારી જાતને પૂછવું જોઈએ કે જો મોટરો માટેની માંગ અદેશ્ય થઈ જવાની હોય તો લોકોને શેની જરૂર પડશે. જો તમે તમારા મગજમાં આ છબી પકડી રાખશો તો તે દેખીતું બની જશે કે તમારે એવાં યંત્રો વિશે વિચારવાની જરૂર પડશે જે હવામાં ઉડતાં હોય અથવા જમીન પર, જમીનની નીચે અથવા પાણી પર વધારે પડતી ઝડપે મુસાફરી કરતાં હોય. એવાં ભવિષ્યને જોવો જ્યાં એરક્રાફ્ટ લોકપ્રિય હોય, જ્યાં ઝડપી હોડીઓ અથવા સુપરસોનિક વાહનો સર્વ સામાન્ય થઈ ગયાં હોય. તમારી કંપનીએ આમાં સંમિલિત થવું જોઈએ કે નહીં તે તમારી જાતને પૂછો.

સુપર કન્ડક્ટરનાં ક્ષેત્રમાં તાજેતરની શોધોએ એવાં વાહનોની શોધ ને ધ્યાનમાં લેવાનું શક્ય બનાવ્યું છે જે હવામાં અધ્ધર લટકીને મુસાફરી કરે. આ ક્ષેત્ર ભવિષ્યમાં પ્રગતિ જોશે. જો લોકોને જમીન પર દોડતી કાર હવે જોઈતી ન હોય, પરંતુ એવાં વાહનોની માંગણી કરતા હોય જે હવામાં મુસાફરી કરે, તો પછી, વાહનોના ઉત્પાદકો માત્ર મિતવ્યયી મોટરો બનાવીને ટકી શકે નહીં. કંપનીએ સુપર કન્ડક્ટરનાં અમલીકરણમાં વધુ સંશોધન કરવાં જરૂરી છે, અન્યથા તેમનું ભવિષ્ય ભયાવહ બની જશે. કદાચ, ભવિષ્ય ઉર્જાનો સંપૂર્ણ નવો સ્ત્રોત પૂરો પાડશે, અને એવું ઉત્પાદન વિકસાવવાનું જરૂરી બની શકે, જે આને અનુરૂપ થાય. જો કંપની માત્ર એવી મોટરો પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે આગળ વધવા માટે માત્ર પેટ્રોલ બાળતી હોય, તો તે ટકશે નહીં. કારણ કે આપણે હમણાં જ ઈંધણ કોષો વડે શક્તિ પૂરી પડતી મોટરોના પરિચયના સાક્ષી બની રહ્યા છીએ.

ટૂંકમાં, એક એવું આયોજન કરવું જરૂરી છે જેને જો તમારી વર્તમાન સફળતાના મુખ્ય સ્ત્રોત ઓચિંતા જવાબદારી બની જાય ત્યારે સક્રિય બતાવી શકાય. આ અનંત વિકાસના ધ્યેયના વિષય પરના મારા વિચારોનો ઉપસંહાર છે.

પ્રકરણ-૭

અંતિમ આત્મજ્ઞાન

૧ સફળતાના નિયમો

આત્મજ્ઞાનની વ્યાખ્યા

છેલ્લા થોડા દાયકાઓમાં આત્મજ્ઞાનના વિષય પરનો રસ વધ્યો છે અને હમણાં પુસ્તક ગૃહો આ વિષય પરની વિવિધ સામગ્રીઓ આપે છે. આમાંની કેટલીક બ્રહ્માંડના નિયમો સાથે મેળ ખાતી હોય છે. કેટલીક માનવ મગજના નિયમોને અનુસરે છે. તેવી જ રીતે, એવાં પુસ્તકો પણ છે જેઓ આવા બધા નિયમોને અવગણે છે. માટે આપણે માટે અહીં 'આત્મજ્ઞાન'ના ખ્યાલની ખોજ કરવી તે મહત્ત્વનું છે.

શરૂ કરતાં, આત્મજ્ઞાન ત્રણ તત્ત્વોનું બનેલું છે. પહેલું, તે માનવ ખૂશી પ્રાપ્ત કરવાનો માર્ગ છે. બીજું, તે સમાજને સ્વપ્નદૃષ્ટા બનાવવાનો માર્ગ છે. ત્રીજું, આત્મજ્ઞાન મહાન બ્રહ્માંડની ઉત્ક્રાંતિ તરફ દોરી જાય છે.

ચાલો આપણે વારાફરતી આ દરેક તત્ત્વને જોઈએ. પ્રથમ તો, એ વિચાર કે આત્મજ્ઞાન એ માણસની ખુશી વધારવાનો એક માર્ગ છે, એ આ માર્ગ પરના લોકો માટે આરંભબિંદુ છે. દેખીતી રીતે, આપણે એવાં આત્મજ્ઞાન માટેનું લક્ષ રાખવું તે પૂર્વ જરૂરીયાત છે.જોકે, જેઓ આ લક્ષ્ય સાથે શરૂ કરે છે, તેઓ તેમના માર્ગમાં ખોટો વળાંક લે છે. એટલા માટે જ બીજું તત્ત્વ જરૂરી છે. એક વ્યક્તિનાં આત્મજ્ઞાને એક સ્વપ્નદૃષ્ટા સમાજનાં સર્જનમાં ફાળો આપવો જોઈએ. આત્મજ્ઞાનનું કોઈપણ સ્વરૂપ જે આ તત્ત્વનો સમાવેશ નથી કરતું. તે કોઈક રીતે સાચું નથી. તમારી અંગત ખુશી પ્રાપ્ત કરવાની પ્રક્રિયામાં સમાજને કશુંક પાછું વાળવું તે મહત્ત્વનું છે. સમાજના આદર્શને સમજવામાં અને તેના સમગ્ર સુધારા માટે કામ કરવામાં તમારે ફાળો આપવો જરૂરી છે.

હેપ્પી સાયન્સમાં અમારું સૂત્ર છે, "અંગત ખુશીથી જાહેર ખુશી સુધી" આનો અર્થ એવો નથી કે તમારે તમારી પોતાની ખુશી છોડી દેવી અને જાહેર ખુશીની શોધ કરવી. તેને બદલે તમારી ખુશી એવી રીતે (અથવા એવાં વલણથી) શોધવી જે જાહેર ખુશી તરફ દોરી જાય.

ભલે કદાચ હું લોકોને પોતાની જાત તરફ દુર્લક્ષ કરવા માટે અને તેને બદલે વધુ મોટા સમાજ માટે કાર્ય કરવા માટે કહું, પરંતુ જ્યારે બૃહદ દૃષ્ટિથી જોવામાં આવે ત્યારે આ એક જ વસ્તુ હંમેશાં આત્માની પ્રગતિ તરફ નથી દોરી જતી. લોકો તેમનાં ચારિત્ર્યને સમજવા અને સુધારવા માટે તેમની જરૂરીયાતોને અવગણી ન શકે. આવા અનુભવ વગર, તેમનાં જીવન અર્થહીન થઈ જશે. અંગત સુધારમાં ખુશી માટેની શોધ એ ચોક્કસપણે સારી વસ્તુ છે. જોકે, આપણી શોધમાં એ ખાતરી કરવા માટે કે આપણે બીજા લોકોના આત્મજ્ઞાનમાં

હસ્તક્ષેપ ન કરીએ તે માટેનું કૌશલ્ય જરૂરી છે. આ કારણસર, એ જરૂરી છે કે આત્મજ્ઞાન સમાજની સુધારણામાં ફાળો આપે.

ત્રીજું તત્ત્વ એ છે કે આપણે બ્રહ્માંડના નિયમો અને ઉત્ક્રાંતિના નિયમોમાં એક નાનકડા ગ્રહ તરીકે જોઈએ છીએ અને માનવજાતે શું કરવું જોઈએ તે આપણી જાતને પૂછીએ છીએ. આપણે કયા પ્રકારની સંસ્કૃતિ સર્જવી જોઈએ? આપણું ધ્યેય શું છે અને આપણે આપણા વિશાળ આદર્શો કેવી રીતે સિધ્ધ કરીએ છીએ?

આને બ્રહ્માંડની ઈચ્છા અથવા ઈશ્વરની ઈચ્છા તરીકે વર્ણવી શકાય. આની સાથે મેળ ખાવા માટે આપણે આપણા પોતાના આદર્શો અપનાવવા જોઈએ. આના વિશે આપણે આત્મજ્ઞાનનાં વિસ્તરણ તરીકે વિચારવું જોઈએ. અંગત ખુશીને આગળ ધપાવવાથી શરૂ કરો, જાહેર ખુશી તરફ વિસ્તારો અને પછી આગળ શું પડ્યું છે તેના પર ધ્યાન આપો. જવાબ ચોક્કસપણે વૈશ્વિક અથવા ખગોળીય ખુશી હોવો જોઈએ. જેમનામાં શ્રધ્ધા છે, તેમના માટે આને "ઈશ્વર જે ઈચ્છે છે તે ખુશી" તરીકે વર્ણવી શકાય.

આત્મજ્ઞાન તરફ લઈ જતી પદ્ધતિઓ

આત્મજ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરાય છે તે હવે આપણે જોઈએ. અસંખ્ય જુદી જુદી રીતો છે, પરંતુ આપણે તેમને ત્રણ મૂળભુત પ્રકારોમાં વહેંચી શકીએ.

પ્રથમ પધ્ધતિમાં, તમારાં પોતાનાં સામર્થ્યનો મૂડી તરીકે ઉપયોગ કરીને તમારાં લક્ષ્યોને સમજવાની જરૂર છે. આ સામાન્ય રીતે ઉદ્યમશીલ લોકોમાં સામાન્ય છે, જેઓ તેમનાં લક્ષ્યો તેમના પોતાના બુધ્ધિભર્યા પ્રયાસો તથા ક્રિયાઓ દ્વારા સમજે છે. આ એ લોકોને લાગુ પડે છે જેઓ પરીક્ષા માટે અભ્યાસ કરતી વખતે, ઘરમાં પોતાની મેળે તેમ કરે છે. આ શ્રેણીમાં ઓફીસના કાર્યકરો તેમની કાર્યક્ષમતાનું સ્તર તેમના પોતાના વિચારો અને કઠોર પરિશ્રમ દ્વારા વધારે છે. ટૂંકમાં, તમારા પોતાના ચોકઠામાં રહીને તમારું શ્રેષ્ઠ કરવાની આ એક રીત છે.

બીજી પધ્ધતિમાં તમારે વસ્તુઓ કરવાની વધુ કાર્યક્ષમ અને પધ્ધતિસરની રીતોનો અભ્યાસ કરવો જરૂરી છે. આપણે પહેલાં લીધું છે તેવું જ દૃષ્ટાંત લઈએ. જો તમે પરીક્ષા માટે અભ્યાસ કરો છો. તો તમે પ્રગતિ કરવા માટે પધ્ધતિસરની અને તર્કશીલ રીતે શોધો છો. આમાં તમને મદદ કરવા માટે એક શિક્ષક રોકવાનો અથવા એક પત્રવ્યવહાર દ્વારા કરાતા અભ્યાસમાં ભાગ લેવા માટે વિશિષ્ટ શાળામાં હાજરી આપવાનો સમાવેશ થઈ શકે. એક કાર્યાલયના કર્મચારી તરીકે તમને કોમ્પ્યુટરોને સમજવામાં તકલીફ છે. ત્યારે તમે એક વિશેષજ્ઞની સહાય મેળવશો. તમે કદાચ કંપનીની બહાર કોઈક સાથે આ સમસ્યા વિશે વિશ્વાસ મૂકી શકો.

અનિવાર્ય રીતે, આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની બીજી રીત તર્કશીલ પધ્ધતિઓ અને અગ્રિમ ટેક્નિકો અપનાવવી છે. કોર્પોરેટ સ્તરે આ ન કરવું તે અતિશય મુશ્કેલ છે. એક અંગત વ્યાપાર અથવા નાની કંપનીમાં સૌથી ઉપરની વ્યક્તિ માટે મુક્તપણે કાર્ય કરવું પૂરતું હોઈ શકે. પરંતુ જ્યારે વ્યાપાર એક ચોક્કસ કદ કરતાં આગળ વધે છે, ત્યારે એક જ માણસની ક્ષમતા વડે કામ કરવાનું મુશ્કેલ બને છે. વિશેષજ્ઞો તરફથી સલાહ અને નિર્ણયો વધુને વધુ જરૂરી બની જાય છે અને જો એક કંપની આ તબક્કામાંથી પસાર ન થાય તો તે ક્યારેય એક મોટાં કોર્પોરેશનમાં વૃધ્ધિ પામી શકે નહીં.

આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ત્રીજી પધ્ધતિ ઓવા લોકોને શોધવાની છે જે તમને ટેકો આપશે અને મદદ કરશે. સમાન લક્ષ્યો અને મહત્ત્વાકાંક્ષા વાળા લોકોનું એક જુથ એકઠું કરો અને તેમને મદદ કરવાની અપીલ કરો. જ્યારે બીજી પધ્ધતિ ગુણવત્તા અને કાર્યક્ષમતા

સંબંધી સમસ્યાઓ ઉકેલવા સાથે સુસંગત છે, ત્યારે ત્રીજી પધ્ધતિ કેટલા લોકોનો સમાવેશ છે તેની સંખ્યા સાથે કામ કરે છે. ત્રીજી પધ્ધતિમાં તમારે એવા લોકોની સંખ્યા વધારવી જરૂરી છે જેઓ તમારું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે કામ કરવા ઈચ્છુક હોય. બીજાં સાથે કામ કરીને તમે આગળ પ્રગતિ કરી શકો છો. ઉદાહરણ તરીકે, એક કંપની એવાં ક્ષેત્રોમાં તેમની શાખા ખોલવાનું વિચારી શકે જ્યાં તેમની તાકાતને વિસ્તારવા અથવા વધારવા માટે લાક્ષણિક રીતે તેઓ નબળા છે. આ કિસ્સામાં એક બીજી કંપની સાથે ભાગીદારી કરવી જેની પાસે જરૂરી અનુભવ છે. અથવા સંબંધિત ક્ષેત્રમાંથી મોટી સંખ્યામાં વિશેષજ્ઞોને કામે રાખવા તે એક સારો વિચાર છે. તમારી સાથે કામ કરતા લોકોની સંખ્યા વધારીને, તમે તમારી કંપનીની શક્તિ વધારો છો.

આત્મજ્ઞાનને અસર કરતાં પરિબળો

આપણે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં ઉપયોગમાં લેવાતી જુદી જુદી પધ્ધતિઓની ચર્ચા કરી છે. વ્યવહારમાં, ચોક્કસ કારણો છે, જે આ લક્ષને સમજવામાં તમે કેટલા સફળ રહ્યા છો તે નક્કી કરશે. સહુથી શરૂઆતમાં છે મનોબળ. જો તમારી પાસે તમારું લક્ષ પૂરું કરવાની ઈચ્છા ન હોય તો તમે કશું જ સિધ્ધિ કરી ન શકો. આને પ્રેરણા, પ્રેરકબળ અથવા ધૈર્ય તરીકે પણ વર્ણવી શકાય.

બીજું કારણ છે તમારો આદર્શ. તમારામાં તમારા લક્ષ માટેની દૃષ્ટિ હોવી જરૂરી છે. પ્રેરણા પછી એક દૃષ્ટિ હોવી આવશ્યક છે, માટે તમારા મનમાં તેનું ચિત્ર બનાવવાનો પ્રયત્ન કરો.

ત્રીજું, તમારે તમારો આદર્શ સિધ્ધ કરવા માટે અપનાવવી જોઈએ તેવી પધ્ધતિ અથવા પગલાંઓ ધ્યાન પર લેવાં પડશે. તમે તમારા લક્ષ પર કેવી રીતે પહોંચવાનો ઈરાદો ધરાવો છો તે તમારી જાતને પૂછો. આ એ તબક્કો છો જ્યાં તમારે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટેની ત્રણ પધ્ધતિઓ પરની આપણી અગાઉની ચર્ચાઓને વ્યવહારમાં મૂકવી જરૂરી છે. દરેક પધ્ધતિમાં સમાવિષ્ટ જુદી જુદી વ્યૂહરચનાઓ અને યુક્તિઓનો અભ્યાસ કરો અને તમારા સામર્થ્ય પર આધારિત હોય તેવી એક પસંદ કરો.

અંતમાં, તમારી પાસે એક ભવિષ્યનું આયોજન હોવું જોઈએ. તમે તમારું લક્ષ સિધ્ધ કરી લો પછી તમે શું કરવાનો ઈરાદો ધરાવો છો? તમારું હવે પછીનું પગલું કયું હશે? જો તમારા હવે પછીનાં લક્ષમાં તમારું આત્મજ્ઞાન માટેનું આયોજન સામેલ છે તો તે તમને વધુ પ્રગતિ સિધ્ધમાં કરવામાં મદદ કરશે.

મોટા ભાગના લોકો જ્યારે તેઓ આત્મજ્ઞાન વિશે વિચારે છે ત્યારે તેમને પોતાને ખૂબ જ નાનાં લક્ષમાં મર્યાદિત કરી દે છે. તેઓ થોડાક વધારે મોટાં ઘરમાં જવાનું લક્ષ રાખે છે અથવા કદાચ પોતાના વ્યાપારમાં થોડુંક વધારે સારું કરવાનું. જોકે, તમારા હૃદયનાં ઉંડાણમાં કશીક ઘણી વધારે મોટી છબી રાખવી જરૂરી છે, કારણ કે આ પ્રયાસમાં તમારું વલણ જ મદદ આકર્ષિત કરશે. તે ઉપરાંત, લોકો સ્વાભાવિક રીતે જ એમની આસપાસ જ એકઠા થાય છે જે અતિ ઉંચા આદર્શો ધરાવતા હોય; તેઓ મામૂલી લક્ષ વાળાઓની આસપાસ એકઠા થતા નથી. નાના હેતુઓ, જેવા કે વાર્ષિક વેંચાણ માત્ર ૨૦ ટકા જેટલું વધારવું, એ બીજાઓને પ્રેરિત કરવામાં સફળ નહીં થાય. તમે તમારું વેંચાણ એક ચોક્કસ રકમ સુધી ઉંચુ લાવવામાં સફળ થયા પછી શું કરવાના છો તે વિશે વિચારવું પડશે.

ઉદાહરણ તરીકે, તમે એક નવો મોટો વ્યાપાર શરૂ કરવાનું અથવા એક સ્મારક બંધાવવાનું નક્કી કરી શકો. શબ્દોના સાચા આર્થમાં બીજા લોકોને પ્રેરિત કરવાની એક શક્તિશાળી દૃષ્ટિ તમારી પાસે હોવી જરૂરી છે. જોકે, તમે તમારાં લક્ષમાં અટલ હોવા જોઈએ.

ઉદાહરણ તરીકે, તમારાં ભવિષ્યનાં આયોજન ઘડવામાં, જેમણે તમને તમારું લક્ષ સિધ્ધ કરવામાં મદદ કરી છે તેમને કેવી રીતે વળતર ચૂકવી આપશો તે નક્કી કરવું જરૂરી છે. તમે તેમને માટે શું કરશો? તેમને એક બદલો આપવાની વાત કરવી તે પૂરતું નહીં હોય. તેને બદલે, તમે જે સિધ્ધ કર્યું છે તેને એક ધોરણ અને પગથીયું બનાવીને, તેમને આગળનું પગલું ભરવામાં મદદ કરો. આટલું આગળનું વિચારવું અગત્યનું છે. જેમની વિચારસરણી આ રીતે આટલી ઉંડી ઉતરી છે, તેઓ જોશે કે આત્મજ્ઞાન એ એટલું મુશ્કેલ નથી. અને તમને ફરી એક વાર યાદ કરાવવાનું ગમશે કે, લોકો તો જ તમારા વડે પ્રેરિત થશે, તમારી આસપાસ એકઠા થશે અને તમને મદદ કરશે, જો તમારા આદર્શો ઉંચા હશે અને દૃષ્ટિ વિશાળ હશે.

આત્મજ્ઞાન મેળવવાનાં જોખમો

જ્યારે તમે આત્મજ્ઞાનને આગળ વધારો છો ત્યારે તમે ઉત્તેજીત અને ખુશ હશો. તે જ વખતે, તમે તમારાં લક્ષ્ય સિધ્ધ કરવા માટે મથવામાં વધારે પડતા સામેલ થઈ જવાનાં જોખમમાં પણ હશો. તમે આમાં એટલા બધા ડૂબી જશો કે તમે તમારી પોતાની જાતને ભૂલી જશો અને તમારી આસપાસનાં વાતાવરણ તરફ આંધળા થઈ જશો.

ત્રણ મુખ્ય મુદ્દાઓ છે, જેનાથી સાવધાન રહેવું જોઈએ. પહેલું, તમારા શરૂઆતના હેતુથી ભટકી ન જવું. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રક્રિયામાં તમારાં લક્ષમાં વિવિધ તત્ત્વો ઉમેરાશે. નવી માહિતીઓ અને લોકો મળશે, જે ઘણીવાર તમારા માર્ગમાં નાના સુધારાઓ કરવાનું કારણ બનશે. આ રીતે માર્ગ બદલવામાં કશું જ ખોટું નથી, પરંતુ આ નવી ઘટનાથી અંજાઈને મૂળ હેતુને ભૂલી ન જાવ. તમારી જાતને તમારાં સાચાં લક્ષમાં ચોંટાડી રાખવા માટે મૂળ વાત પર વારંવાર પાછા ફરો. આ એ પ્રકારનું દૃષ્ટિબિંદુ છે, જેને તમારે વળગી રહેવું જોઈએ.

આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટેનું આવશ્યક કારણ તમારી ઈચ્છા છે. તમે શરૂઆતમાં જે ઈચ્છા વ્યક્ત કરો તે ખૂબ જ મહત્ત્વની હોય છે. બધું જ તમે તમારા ઈરાદાઓ કેવી રીતે સ્થિર રાખી શકો છો તેના પર આધાર રાખે છે. તેને ખૂબ સરળતાથી બદલ્યા ન કરો. જ્યારે તમે તેને બદલો ત્યારે તેમ કરવા માટેનું સારું કારણ હોવું જોઈએ. માર્ગમાં, તમે અસંખ્ય લાલચો અથવા શંકાઓનો સામનો કરશો જે તમને તમારા નિર્ણય જતાં કરવાનું કારણ આપે. આવા સમયે, તમે તમારા મૂળ ઈરાદાને વળગી રહો તે સારું છે. તમે તેને બદલો અથવા બદલવાનું વિચારો તે પહેલાં, તમારી જાતને મનાવવા માટે કે તમે સારાં કારણસર તેમ કરો છો, પૂરતી સામગ્રી એકઠી કરી લો.

તમારું આત્મજ્ઞાન પ્રાપ્ત કરતી વખતે જે બીજું જોખમ આવી શકે છે તે તમારા સાથીદારોને લગતું છે. અહીં મારી સલાહ છે કે, તમારા સાથીદારો સાવચેતી પૂર્વક પસંદ કરો. તેઓ પોતાને ખાતર અને માત્ર વેંચાણના આંકડાઓ પર એકાગ્ર થાય તેનાથી સાવધાન રહો. નહીંતર, તમારી જાણ બહાર વિકૃતિ અંદર ઘૂસી જશે અને કેન્સરની જેમ ફેલાઈ જશે. આ કારણસર, તમે તમારા સાથીદારો ખૂબ જ સાવધાનીપૂર્વક પસંદ કરો તે અતિ આવશ્યક છે.

અલબત્ત, હું એ હકીકતનો ઈન્કાર નથી કરતો કે માનવો પ્રભુનાં બાળકો હોવાને કારણે મૂળભુત રીતે સારા છે. જોકે, માનવજાતમાં ટકી રહેવાની કુદરતી આકાંક્ષા હોય છે અને

તમારે એવા લોકોથી સાવધ રહેવું જોઈએ જેઓ લોભ વડે પ્રેરિત થયેલા હોય. ખાસ કરીને એવા લોકો સામે સાવધાન રહો જેઓ અંગત લાલચને કારણે તમને મદદ કરવા તૈયાર હોય. આવું ખાસ કરીને ત્યારે બને, જ્યારે તમે એક નબળા બિંદુ સાથે વ્યવહાર કરવા માટે તમારી કંપનીને વિસ્તારવાનું નક્કી કરો, ત્યારે તમે બીજા વ્યપાર સાથે ભાગીદારીમાં પ્રવેશો. તમને ખ્યાલ આવે તે પહેલાં, તમારી કંપનીનો કબજો બીજા વડે લેવાઈ જતાં તે બંધ પડી જાય. આવા પ્રકારની વસ્તુઓ બને જ છે. માટે જ્યારે તમારા વ્યાપાર ભાગીદારો પસંદ કરો ત્યારે સાવધાન રહો.

તમારે જેની સામે રક્ષણ મેળવવું જરૂરી છે તે ત્રીજું જોખમ છે, તમારું સ્વાભિમાન, કારણ કે લોકોને તેમની પોતાની ક્ષમતાઓનો વધારે પડતી આંકવાની વૃત્તિ હોય છે. લોકો માટે નાની સફળતાઓ સાથે જોડાયેલા હોવાનું સરળ છે. ઘણા કિસ્સાઓમાં તમારી સૌથી સરળ સિધ્ધીઓ વિશે લોકોના મધમાં બોલાયેલા શબ્દો માની લેવાનું સરળ છે. તે આપણો અહમ્‌ને પંપાળે છે. જો તમે તમારી જાતને નાની સફળતાઓથી સંતુષ્ટ થવા દેશો તો તે તમને અધઃપતન તરફ દોરી જઈ શકે. માટે, આત્મજ્ઞાન મેળવતી વખતે સૌથી મોટું છટકું ગર્વ છે. વધારે પડતી સહેલાઈથી પરિતૃપ્ત ન થઈ જાવ.

તો પછી આ બધી ખાઈઓને અવગણવા માટે શું કરવું જોઈએ? આ મુદ્દા માટે આગળ શોધખોળ જરૂરી છે.

શરૂઆતમાં, વિનમ્ર વલણ અપનાવો અને હંમેશા વિનમ્રતાથી વાત કરો. વિનમ્રના પૂર્વક વર્તન કરો જેથી તમે તમારા પોતાના વિશે વધારે પડતો ઉંચા મત ન વિકસાવો.

બીજું, દેખાડો કરવાનો પ્રયત્ન ન કરો. જો તમે હંમેશા માટે લોકોનું તમારા તરફ ધ્યાન ખેંચવાનો અને છાપ પાડવાનો પ્રયત્ન કરતા હશો તો તમે દુશ્મનાવટને આકર્ષશો અને અણધારી જગ્યાઓએ દુશ્મનો પેદા કરશો. આ વિનમ્રતા સાથે જોડાયેલું છે: દેખાડો ન કરો, પરંતુ સ્થિરતાપૂર્વક આગળ વધતી વખતે, તમે જે કાંઈ પણ કરો છો તેમાં અતડા રહો.

તમારે જેનાથી ખૂબ જ સાવધ રહેવું જોઈએ તેવી એક વસ્તુ છે કે તમે ‘નીઓ રીચ’ વલણ ન વિકસાવો. તમારી શરૂઆતની નાની નાની સફળતાને શોકેસમાં પ્રદર્શનમાં મૂકી હોય તેવો દેખાડો ન કરો. જો તમે આમ કરો તો આગળ સફળતા મેળવવાની અપેક્ષા ન રાખો. જેમ જેમ તમે સીડી ચડતા જાવ, તમારે એ વાતની ખાતરી કરવી જોઈએ કે તમારી પકડ ધીમે ધીમે દૃઢ બનતી જાય.

ત્રીજું, દૈવીશક્તિ પ્રત્યેની તમારી ભક્તિ ક્યારેય ભૂલો નહીં. આને બીજી રીતે મૂકીએ તો, તમને જીવવા દે છે તે મદદ માટે આભાર માનો. ઘણા લોકો, જેઓ તેમની મહત્ત્વાકાંક્ષા સિધ્ધ કરે છે તેઓ સક્ષમ હોય છે, પરંતુ તેઓ તેમની પોતાની ક્ષમતાઓ માટે વધારે પડતા આત્મવિશ્વાસુ તથા અહંકારી પણ બની જતા હોય છે.

હંમેશા કૃતજ્ઞ હોવાનું યાદ રાખો. આમાં બીજાઓ તરફ તેમના સાથ સહકાર માટેની કૃતજ્ઞતા, તમારા પરિવાર તરફની કૃતજ્ઞતાનો પણ સમાવેશ થાય છે. તમે માત્ર પ્રાણીઓ અને વનસ્પતિના ઔદાર્ય દ્વારા જ જીવી શકો છો, માટે તેમનો પણ આભાર માનો. એ શક્તિનો પણ આભાર માનો જે તમને જીવવા દે છે.

તમે જ્યારે આત્મજ્ઞાનનું લક્ષ રાખતો હો ત્યારે તમારે સાવચેત રહેવા જરૂરી હોય તેવા અસંખ્ય મુદ્દાઓની મેં સૂચિ બનાવી છે, પરંતુ તેને મુખ્ય બે માર્ગદર્શિકાઓ સુધી ઘટાડી શકાય છે તે છે: વિનમ્રતા જાળવી રાખો અને તમને જે આપવામાં આવ્યું છે તેને માટે કૃતજ્ઞ રહો.

આત્મજ્ઞાનનો વિકાસ

આ વિભાગમાં, હું આત્મજ્ઞાનના વિકાસ વિશે ચર્ચા કરવાનું પસંદ કરીશ. આત્મજ્ઞાનના વિકાસ માટેની પરિસ્થિતિઓ બે શિર્ષકો હેઠળ આવરી શકાય: તમારું લક્ષ્ય નક્કી કરવું અને તમારું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટેની પધ્ધતિ અથવા રીત.

તમારું લક્ષ સ્થાપિત કરવા બાબતે, હું હંમેશાં ત્રણ તબક્કાની પધ્ધતિની ભલામણ કરું છું. હંમેશાં તમને સિધ્ધ કરવા ગમે તેવાં ત્રણ પ્રકારના લક્ષ્યો રાખો, નાનાં લક્ષ, મધ્યમ લક્ષ અને મહાન લક્ષ્ય. ઘણા લોકો માત્ર મહાન આદર્શ રાખે છે. પરંતુ સામાન્ય રીતે તે અવાસ્તવિક છે, જે ક્રમશ: તેમના પરથી તેમની નજર ખસી જવામાં પરિણમે છે.

એવા લોકો પણ છે, જેઓ નાના લક્ષ્ય પાછળ ભાગે છે અને આથી ક્યારેય મહાન સફળતા મેળવતા નથી. મોટેભાગે વિશેષજ્ઞો, ટેક્નિશીયનો અને કલાકારો આ શ્રેણી હેઠળ આવે છે. તેઓ તેમનાં ચોક્કસ ક્ષેત્રોમાં ખૂબ જ કુશળ હોય છે, પરંતુ ક્યારેય વાસ્તવિક સફળતા મેળવી શકતા નથી, કારણ કે તેમના હેતુઓ નાના રહે છે, આવા લોકો મહાન મહત્ત્વાકાંક્ષાઓ હોવાનું મહત્ત્વ ભૂલી ગયા હોય છે.

આ કારણસર, મનમાં ત્રણેય પ્રકારના હેતુઓ હોવા તે સૌથી સુરક્ષિત છે. ઓચિંતા એક મોટો હેતુ સિધ્ધ કરવો અશક્ય છે. તમારી આવડતને સુધારી શકશો અને તમારી ક્ષમતાઓમાં વિશ્વાસ ઉભો કરશો પછી તમે મધ્યમ-કદના હેતુઓ પર કામ શરૂ કરી શકશો, અને છેવટે તમારા મુખ્ય ધ્યેયને પહોંચી શકશો. તબક્કા વાર નિસરણી ચડવા માટે આ પધ્ધતિનો ઉપયોગ કરવો જરૂરી છે.

તમારાં ધ્યેયો સિધ્ધ કરવા માટે જરૂરી પધ્ધતિઓ અને ટેક્નિકો વિશે પણ વિચારો. જો તમે હંમેશા એક જ પધ્ધતિ પર આધાર રાખશો તો તમારું તંત્ર વાસ્તવિક વિકાસ સિધ્ધ નહીં કરે. તમે એક જ પધ્ધતિનો ઉપયોગ કરીને તમારાં પ્રારંભિક ધ્યેયો પ્રાપ્ત કરી શકતાં હશો, પરંતુ વધારે મોટાં લક્ષ્યો માટે તમારે વધુ વિવિધ અને અગ્રીમ ટેક્નિકોની જરૂર પડશે.

તમે જે પધ્ધતિઓ અને ટેક્નિકોનો ઉપયોગ કરતા હોવ તેમાં હંમેશાં નવા વિચારો શોધતા રહો. તમે જેમ આગળ વધતા જાવ તેમ તેમ નવી પધ્ધતિઓ વિકસાવવાનો પ્રયત્ન કરો. ઉદાહરણ તરીકે, જો તમે તમારો ધંધો પાયામાંથી ઉભો કરવા માટે એક હાથે કામ કર્યું હોય, તો તમે એવું ન ધારી શકો કે તમારું કામ આ રીતે જ પ્રગતિ કરશે: તમે જો વિસ્તરણ કરવા ઈચ્છતા હોવ તો તમારે તમારા કર્મચારીઓ અથવા સાથીદારોને કોઈક વ્યવસ્થાપનને સોંપવા જરૂરી છે.

જો તમે એક અંગત શાળા ચલાવતા હો તો પણ આ જ વસ્તુ કરવી પડે. તમે ભણાવવામાં ગમે તેટલા સારા હો, તેનાથી કોઈ ફરક પડતો નથી, તમે બધું જ તમારી મેળે સંભાળી ન શકો. જેમ જેમ શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય, તમારે શિક્ષકો અને વહીવટી કર્મચારીઓને કામે રાખવા જ પડશે. તમે કદાચ તેમ કરવા માટે અનિચ્છુક હોઈ શકો, પરંતુ તમારે લોકોને કામે રાખવા પડશે અને જ્યાં સુધી તેઓ તમારી ક્ષમતાનાં સ્તર સુધી પહોંચે ત્યાં સુધી તેમને તાલીમ પણ આપવી જરૂરી છે. જ્યારે જે લોકો તમારે માટે કામ કરવા આવે તે તમે ઈચ્છો છો તેવી લાયકાત વાળા ન હોય, તો તમે તેમને તેમનું કામ કરવા માટે જે રીતે શિક્ષિત કરો છો તે શાળા માટે ખૂબ જ મહત્ત્વશીલ હશે.

એ મહત્ત્વશીલ છે કે તમારી પધ્ધતિઓ અને ટેક્નિકો સતત વિકસતી રહે. કહેવાનો મતલબ એવો નથી કે તમારે તમારી પધ્ધતિને સરળ બનાવીને બદલવી જોઈએ. તમારે સાચું આત્મજ્ઞાન વિકસાવવા અને પ્રાપ્ત કરવા માટે હંમેશાં મનમાં વિશાળ દૃષ્ટિ રાખવી જોઈએ. તે માત્ર તમારા આત્મ-સંતોષને અટકાવવાની રીત નથી, પરંતુ સમાજના એક ખૂણામાં એક મક્કમ અને પ્રભાવી પગલું સ્થાપિત કરવાની અને તમારું નામ કરવાની એક વિશ્વાસ પાત્ર રીત છે.

અંતિમ આત્મજ્ઞાન

હું અતિમ આત્મજ્ઞાન પરની ચર્ચા સાથે સમાપન કરીશ. અંતિમ આત્મજ્ઞાનની પૂર્વ જરૂરીયાતોમાં મોટાં ધ્યેયોનો વિકાસ અને સિધ્ધીનો સમાવેશ છે. તમારું આત્મજ્ઞાન અંગત સંતોષ પુરતું સિમિત ન હોવું જોઈએ. તે મહાન આદર્શોને આવરી લેતું હોવું જોઈએ, જે તમારા ફાળાને સમાજના ધ્યાન પર લાવે. વહેલા કે મોડા, આપણાં પૃથ્વી પરનાં જીવનનો અંત આવવાનો જ છે. તમને મદદ કરી છે તે બધા લોકોની જેમજ, તમે પણ મૃત્યુ પામશો. આપણે આપણું ભૌતિક શરીર પાછળ છોડી જવું પડશે અને અસીમ, શાશ્વત જગત તરફ જવું પડશે. હું તમને ખાતરી આપું છું કે આ બીજી દુનિયા ખરેખર અસ્તિત્વ ધરાવે છે. તમે જ્યારે તે બીજી દુનિયામાં પાછા ફરશો ત્યારે તમારી કંપની અથવા મિલકતને સાથે લઈ જઈ શકશો નહીં. તમે જે સાથે લઈ જઈ શકશો, તે છે તમારા અનુભવો અને તમારી અંગત લાક્ષણિકતાઓ. આને આપણે વ્યક્તિનો આત્મા કહીએ છીએ અને હકીકતમાં, તમે જે છોડી ગયા હશો તે માત્ર તમારા અનુભવો અને તમારી લાક્ષણિકતાઓ જ હશે.

બીજા શબ્દોમાં, અંતિમ આત્મજ્ઞાન તમે તમારા આત્માને પ્રકાશ વડે ભરી દેવામાં કઈ કક્ષા સુધી સફળ થયા છો તેનો સંદર્ભ આપે છે. તે તમે તમારું ચારિત્ર્ય આત્મજ્ઞાનની આગળ વધતી પ્રક્રિયા દ્વારા કેટલું વિકસાવ્યું અને સુધાર્યું છે તેના વિશે પણ છે. બીજો મુદ્દો, તમે તમારા અનુભવોને કઈ કક્ષા સુધી દક્ષતામાં ફેરવી શક્યા છો અને તમે દક્ષતાને કેટલો મોટો જથ્થો ઘડી શક્યા છો તે પણ છે. જો આત્મજ્ઞાનને ચારિત્ર્યમાં સુધારો અને અનુભવના મોટા જથ્થાનો સાથ ન હોય તો તે તમારા આત્માનું કાઠું વધારી નહીં શકે અને આથી, તેને અંતિમ આત્મજ્ઞાન તરીકે વર્ણવી નહીં શકાય.

આ દૃષ્ટિબિંદુથી જોતાં, દુન્યવી આત્મજ્ઞાનનું બીજું પાસું પોતાને સ્પષ્ટ કરે છે. આ એક નિઃસ્વાર્થ વ્યક્તિની મહાન મહત્વાકાંક્ષા છે, જે બરાબર આત્મજ્ઞાનનો એવો પ્રકાર છે, જેને માટે તમારે મથવું જોઈએ. અંગત પ્રાપ્તિઓમાં રસ ન હોવો તે મહાન બ્રહ્માંડની ઈચ્છા મુજબ જીવતાં તમારી જાતને નમ્ર અને વળગણોથી મુક્ત કરવી તે છે. નિઃસ્વાર્થ થવું નો અર્થ આ છે.

તમને આશ્ચર્ય થશે કે મહાન મહત્ત્વાકાક્ષાઓ ધરાવતી વખતે રસહીન થવું એટલે શું? જવાબ એ છે કે એક મહાન આદર્શને સમજવા માટે તમારી પાસે મહત્ત્વાકાંક્ષા હોવી જોઈએ. એક વખત જ્યારે તમારી જાતને રસહીન કરો અને આ દુનિયાનાં વળગણો ખંખેરી નાખો, ત્યારે તમે ચારિત્ર્ય અને અનુભવ બન્ને રીતે, સાચા અર્થમાં અદ્‌ભુત પરિણામો પ્રાપ્ત કર્યાં છે.

મને આશા છે કે ઘણા લોકો આ અંતિમ આત્મજ્ઞાન વિશે જાણશે. આ મેળવવા માટે, માત્ર વ્યવસ્થાપન અને અર્થ શાસ્ત્રના પ્રશ્નો કેવી રીતે ઉકેલવાને શોધવું તેટલું જ માત્ર પૂરતું નથી, તમારાં મગજમાં પણ શોધખોળ કરવી જરૂરી છે. મનના બોધનો અભ્યાસ કરવો આવશ્યક છે. આર્થિક વિકાસ અને સમૃધ્ધિ જ્યારે મનના બોધપાઠોનાં સુમેળમાં હોય ત્યારે જ માત્ર તેમનું ખરું મહત્ત્વ છે.

પ્રકરણ-૮

સફળતાની આધુનિક વિચારધારા

૧ સફળતાના નિયમો

સફળતાના સિદ્ધાંતનું નવું સ્પષ્ટિકરણ

આ અંતિમ પ્રકરણમાં, હું સફળતાના સિધ્ધાંતો પર નવી દૃષ્ટિ વડે ચર્ચા કરવાનું પસંદ કરીશ. સફળતાના વિષય પર અગણિત પુસ્તકો લખાયાં છે, અને તેમાનાં ઘણાં મેં પોતે વાંચ્યાં છે. જોકે, મને લાગે છે કે તે બધાં જ એક અથવા બીજી રીતે અસંતોષજનક છે. આ કારણસર મેં આ પુસ્તક લખ્યું છે. હું એ વાત ધ્યાનમાં લીધા વગર રહી ન શક્યો કે સફળતાનાં પુસ્તકોના ઘણા લેખકોમાં માનવજાત અને દુનિયાના સાચા અર્કની સમજણનો અભાવ છે. તેઓ સફળતાનો હેતુ જ સમજ્યા નથી. કેટલાક લેખકો તો તેઓ જેના વિશે લખે છે તે સફળતાના સ્તર અથવા પ્રકારને પણ નથી સમજતા. તેઓ સફળતા તરફ સાચા "જીવનના તજજ્ઞ"ના દૃષ્ટિબિંદુથી કે ઈશ્વરથી કે ઈશ્વરની આંખ દ્વારા જોઈ શકતા નથી. આમ, તેઓ તેના પ્રમાણને સમજવા સક્ષમ નથી.

સફળતા શીખવવાના ખોટા દેખાવ હેઠળ આવાં પુસ્તકો વાચકોને વિનાશની ધાર પર ખેંચી જઈ શકે. ધર્મની દુનિયામાં પણ સારા સંપ્રદાયો અને ખરાબ સંપ્રદાયો હોય છે, જે બન્ને લોકો ઉપર જુદી જુદી રીતે પ્રભાવ પાડી શકે. આવું જ સફળતાના કોષ્ટકને માટે પણ કહી શકાય.

સફળતાના સિધ્ધાંતોમાં નવાં સ્પષ્ટીકરણ વિશે વિચારતી વખતે, મારે પાયાથી શરૂઆત કરવી જોઈએ: માત્ર પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરવાનાં છટકામાં પડશો નહીં. સફળતા વિશેની સૌથી મહત્ત્વની વસ્તુ તેને પ્રાપ્ત કરવાની પ્રક્રિયામાં લોકોની જીવવાની રીત છે. સાધનો પણ તેના અંત જેટલાં જ મહત્ત્વનાં છે.

મહાન ઐતિહાસિક વ્યક્તિઓમાં એ લોકો પણ છે, જેમણે કરુણ અંતનો સામનો કર્યો હોય. સફળતાની ઘણી ફીલોસોફીઓ મુજબ તેમને નિષ્ફળ ગણી શકાય, પરંતુ જો આપણે સમગ્ર પ્રક્રિયા તરફ જોઈએ તો તેમાંના ઘણાને દુર્ભાગ્યપૂર્ણ અંત છતાં, મહાન સફળ લોકો પણ કહી શકાય. જો એક વ્યક્તિ, કે જે પ્રકાશથી ભારપૂર હોય. તે અંતમાં મહાન સફળતા મેળવવા સક્ષમ હોય તો ખૂબ જ પ્રભાવ ધારણ કરે છે અને બીજા અસંખ્ય લોકોને પૂર્ણ જીવન જીવવામાં મદદ કરે છે, જે વધારે અદ્ભુત વાત છે. જોકે, ભલે અંત એટલો બધો દર્શનીય ન હોય તો પણ, એક વ્યક્તિનાં જીવનને જે તેજસ્વીતાની પ્રાપ્તિ થઈ છે, જે હજી પણ સફળતાની ગણનાએ મહત્ત્વની છે. આથી, મારો પ્રથમ મુદ્દો એ છે કે તમારે અંતિમ પરિણામ પર બહુ સ્થિર થઈ જવું ન જોઈએ. તેને બદલે પ્રક્રિયા પર એકાગ્ર થાવ.

મારો બીજો મુદ્દો એ છે કે, હંમેશાં એક પવિત્ર-શુધ્ધ મન જાળવાનું યાદ રાખો. સફળતાને એક વ્યક્તિને ભરમાવવાની છૂટ આપી શકાય નહીં. તેણે એવા લોકો ન બનાવવા જોઈએ જેઓને સફળતતાનું એટલું વ્યસન થઈ ગયું હોય કે તેઓ વધારે સફળતા મેળવવા માટે અવળા હાથની પધ્ધતિઓનો ઉપયોગ કરવા ઈચ્છે. આવી આડી અવળી પધ્ધતિઓ વડે તમે સફળતાનું હંગામી સ્વરૂપ પ્રાપ્ત કરી પણ શકો, પરંતુ વહેલા કે મોડા તમે તેને માટે અતિકષ્ટપૂર્વક બદલો ચૂકવશો. ઉદાહરણ તરીકે, તમે કોઈ છટકામાં સપડાઈ શકો અથવા એક સહકર્મી વડે વિશ્વાસઘાત થઈ શકે. તે ઉપરાંત, તમારો ચહેરો, ખરેખર તો તમારું આખું શરીર, દુષ્કૃત્યની ચાડી ખાશે. તમારો સમગ્ર દેખાવ એક ખરાબ છબી ધારણ કરશે.

માટે, સફળતાને એક વ્યક્તિના સ્વભાવને બગાડવાની છૂટ આપી ન શકાય. લોકોએ કપટયુક્ત, છેતરપીડીં અથવા પ્રપંચી માર્ગો દ્વારા સફળતા મેળવવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. તમે સફળતાનો માર્ગ શોધો છો તેથી તમારી પોતાની જાત સાથે સાચા રહો. જો પ્રમાણિક જીવન સફળતાને દૂર રાખે છે, તો આ કશુંક ન અવગણી શકાય તેવું છે તે સ્વીકારી લેવું વધુ સારું છે. પરિણામ પર ધ્યાન એકાગ્ર કરવાને બદલે, તમે પ્રક્રિયાના પોતાના દ્વારા જ જે મેળવશો તે સફળતા વિશે વિચારો. આ સફળતાનો અનુભવ કરવા માટે, તમે એવી જીંદગી જીવો જે તમારાં મુલ્યો અને ચેતના માટે સાચી હોય, તે વધારે મહત્ત્વનું છે. આપણે બધાંએ મનની શુધ્ધતા ગુમાવ્યા વગર સફળતા પ્રાપ્ત કરવાનું ધ્યેય રાખવું જોઈએ.

માનવ સ્વભાવનો વિકાસ

સફળતાના સિધ્ધાંતોમાં, માનવ સ્વભાવના વિકાસ પર વધુ ભાર મૂકવાની જરૂર છે. લોકોને પોતાની જાતને વ્યવસ્થાપન કુનેહ અથવા આર્થિક સમૃધ્ધિથી બહુ બાધ્ય થઈ જવા ન દેવી જોઈએ. જે લોકો અર્થ વ્યવસ્થા સ્થાપે છે. તેમણે ઝળહળતો સ્વભાવ અને ઉત્કૃષ્ટ આત્મા વિકસાવવો જોઈએ. જે લોકો સફળતા મેળવે છે તેઓ ખૂબ જ પ્રભાવ ધરાવે છે અને આથી, તેમણે માનવ પ્રકૃતિનાં ઉચ્ચ સ્વરૂપો વિકસાવવાં અને વ્યક્ત કરવાં જોઈએ.

સફળતાના સિધ્ધાંતોમાં, માનવ સ્વભાવના વિકાસ પર વધુ ભાર મૂકવાની જરૂરી છે. લોકોને પોતાની જાતને વ્યવસ્થાપન કુનેહ અથવા આર્થિક સમૃધ્ધિથી બહુ બાધ્ય થઈ જવા ન દેવી જોઈએ. જો લોકો અર્થ વ્યવસ્થા સ્થાપે છે તેમણે ઝળહળતો સ્વભાવ અને ઉત્કૃષ્ટ આત્મા વિકસાવવો જોઈએ. જે લોકો સફળતા મેળવે છે તેઓ ખૂબ જ પ્રભાવ ધરાવે છે અને આથી, તેમણે માનવ પ્રકૃતિનાં ઉચ્ચા સ્વરૂપો વિકસાવવાં અને વ્યક્ત કરવાં જોઈએ.

માણસે પોતાનો સ્વભાવ વિકસાવવા વિશે શું કરવું જોઈએ? આ પુસ્તકમાં મેં એક વ્યક્તિએ કેવી રીતે તેનાં કામમાં વ્યસ્ત રહેવું જોઈએ તે વારંવાર વર્ણવ્યું છે. સફળતાનો સિધ્ધાંત એ માત્ર તમારી કામની આવડત સુધારવા વિશે જ નથી. ક્ષમતાએ સફળતા પ્રાપ્ત કરવામાં માત્ર એક તત્ત્વ છે; તે માનવ સ્વભાવનો એક ભાગ છે પરંતુ તે જ બધું નથી.

ક્ષમતા એક વ્યક્તિની કાર્યક્ષમતા અથવા આવડતનો નિર્દેશ કરે છે. આમ, ક્ષમતાવાળા લોકોની કોઈક પ્રકારની સફળતા મેળવવાની ઉચ્ચ શક્યતા છે. ક્ષમતા પોતે જ પૂરતી નથી. તો બીજું શું જરૂરી છે? હું એ ધ્યાન પર લેવા ઈચ્છીશ.

જો લોકોનાં મનમાં માત્ર ક્ષમતા ઘર કરી જાય, તો એવી શક્યતા છે કે તેઓ નીચેની ત્રણ અવનતીઓ વિકસાવશે. પહેલું, તેઓ બીજા સાથે સારી રીતે કામ કરી શકશે નહીં. તેનો અર્થ એ કે વધુમાં વધુ સંખ્યામાં લોકો માટે ખૂશી ધ્યાનમાં લેવાની લાક્ષણિકતા ક્રમશઃ ઓછી થઈ જશે. તેમણે પોતે આગળ વધવું તે તેમની મુખ્ય ચિંતા બની જશે. તેમના પોતાનું આગળ વધવું તે તેમની મુખ્ય ચિંતા બની જશે. પરિણામ સ્વરૂપ, તેઓ તેમની સાથે સંબંધમાં છે તે બીજા લોકોને નીચા ગણશે અને તેમની પોતાની ખુશીને વધારે મહાન ગણશે. પરિણામ તરીકે આવું અસહકારભર્યું વલણ વિકસી શકે છે.

બીજી અવનતી એ છે કે વ્યક્તિની ક્ષમતા તેની સફળતાના માર્ગમાં આડી આવી શકે છે. આજે યુનાઈટેડ સ્ટેટ્સમાં, લોકોને બીઝનેસ સ્કુલ્સમાંથી નીકળેલા તાજા સ્નાતકોને વ્યવસ્થાપનનાં હોદ્દાઓ પર મૂકવાની મર્યાદાઓનો ખ્યાલ આવવા લાગ્યો છે. ઉદાહરણ તરીકે, હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી બહાર પડેલા યુવાન MBA ને એક કોર્પોરેશનમાં ઉપપ્રમુખના હોદ્દા પર જોવા તે યુનાઈટેડ સ્ટેટ્સમાં સર્વ સાધારણ થઈ પડ્યું હતું. અહીં તેઓ તેમની હાર્વર્ડના વ્યપાર સિધ્ધાંતોનો ઉપયોગ કે પ્રચાર કરતા. તેમની કારકીર્દીની શરૂઆતમાં જ વ્યવસ્થાપન હોદ્દો મળવો તે એક વખત શિખર પર પહોંચવાનો શ્રેષ્ઠ માર્ગ ગણાતો. પરંતુ તાજેતરમાં આ વિચારો બદલાઈ રહ્યા છે.

આવું એટલા માટે છે, કારણ કે એવું સાબિત થયું છે કે જ્યારે એક વ્યક્તિ જે હજી તેની વીસીની ઉંમરમાં જ છે અને જેનો અનુભવ તેને યુનિવર્સિટીમાં અપાયેલા કેસ સ્ટડીઝ (અભ્યાસો)માં જ પડેલો છે, તે પોતાના સિધ્ધાંતોને વાસ્તવિક જગતમાં અમલમાં મૂકવાનો પ્રયાસ કરે છે. આ વસ્તુ પરસ્પરના અંગત સંબંધોમાં ઘર્ષણ ઉભું કરે છે. આ લોકો તેમના શુષ્ક સિધ્ધાંતોને દરેક કોર્પોરેશનમાં ધંધાદારી રીતે અમલમાં મૂકે છે, અને ભલે ક્યારેક તેઓ સફળ થાય તો પણ, તેઓ એ જગજાહેર હકીકતને અવગણે છે કે કોર્પોરેશનનો એક સંપૂર્ણ સમાજનું પ્રતિનિધિત્વ કરે છે અને દરેક કંપની એક અલગ ગામ જેવી હોય છે.

તમારે માત્ર વ્યવસ્થાપનના સિધ્ધાંતો અથવા સફળતા કરતાં વધારેની જરૂર છે; તમારે લોકોનાં હ્રદયનાં ઉંડાણમાં જોવાની અને માનવ સ્વભાવ વિશે જાણવાની જરૂર છે.

માત્ર લોકોની ક્ષમતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની ત્રીજી અવનતી એ છે કે તે અહંકારી લોકો પેદા કરશે. ગર્વિષ્ઠ હોવું તે ખરાબ નથી, પરંતુ જ્યારે તમે ઘમંડી બની જાવ તો તે આધ્યાત્મિક રીતે જોખમી થઈ શકે. આધુનિક જગતમાં લોકોનાં ગુમાને દુષ્ટ તરંગોના વિસ્તરણમાં અને સમાજનાં અધ:પતનમાં ફાળો આપ્યો છે. દરેક વ્યક્તિ સ્વાભિમાન ધરાવે છે, પરંતુ જ્યારે તેને મુક્ત શાસન મળે છે, તે દરેક પ્રકારના વિખવાદ અને નુકશાન તરફ દોરી જાય છે. ઘમંડ લોકોને તેમના હ્રદયની શુધ્ધતા ગુમાવવા તરફ દોરી જાય છે. બીજા શબ્દોમાં તે એક વાહન પરના રંગ જેવું કાર્ય કરે છે: એટલે કે તે માત્ર બાહ્ય સાજસજ્જા તરીકે કામ કરે છે તે અર્થમાં.

આપણને એવા લોકોની જરૂર છે, જેઓ સક્ષમ હોય, સાથે સાથે જ તેમની પાસે ઉદારચિત્ત હ્રદય હોય; જેમનું હ્રદય બીજાને શાંત કરવા જેટલું વિશાળ છે અને તેમની ભૂખ તરસ સંતોષવા માટે જેનામાં રણદ્વિપની શક્તિ છે, તેવા લોકો. સફળતાની આધુનિક ફીલોસોફીનો હેતુ એ સાબિત કરવાનો હોવો જોઈએ કે આ પ્રકારના લોકોની વિશાળ સંખ્યા આર્થિક સફળતા પ્રાપ્ત કરે.

૩ સફળતાના નિયમો

વ્યવસ્થાપનની બૌધિક શક્તિ

મારા વાંચકોમાંના ઘણા કોર્પોરેટ કર્મચારીઓ છે તે પ્રસ્તાવના પર કામ કરતાં, મને એક કંપનીમાં જરૂરી નેતાગીરીની ગુણવત્તા વિશે વાત કરવાનું ગમશે. જ્યારે હું નેતાઓની વાત કરું છું ત્યારે હું તેમાં મુખ્ય કારકુનના હોદ્દાથી લઈને વિભાગીય વડાઓથી મેનેજરો, ડાયરેક્ટરો અને પ્રમુખ પોતાના સુધીનાનો સમાવેશ કરું છું. હું તેમને બધાને વ્યવસ્થાપકો તરીકે જોઉં છું.

વ્યવસ્થાપન હોદ્દા સુધી પહોંચવા માટે લોકોને નીચેની ત્રણ શરતો પાળવી પડે છે. પ્રથમ, તેઓ નિર્ણયો લઈ શકવા માટે સક્ષમ હોવો જોઈએ. તેમની પાસે ઉચ્ચ સ્તરના નિર્ણયો કરવાની અને યોગ્ય તારણ પર આવવાની ક્ષમતા હોવી જ જોઈએ. બીજું, તેઓ તેમના હાથ નીચે કામ કરનારાઓને તાલીમ તથા માર્ગદર્શન આપવા માટે સક્ષમ હોવા જોઈએ. ત્રીજું, તેઓ લોકોની આર્થિક ખૂશીઓ વધારી શકે તેવા હોવા જોઈએ. બીજા શબ્દોમાં, તેમનો હોદ્દો તેમને પગારો તથા બોનસો પરના કાબુ દ્વારા બીજા લોકોને સીધી અસર કરવાની સત્તા આપે છે.

આ ત્રણ શરતો વ્યવસ્થાપકોના હોદ્દા પર છે તેમની બૌધિક શક્તિને સૂચિત કરે છે. પ્રથમ, જો આપણે ઉચ્ચ સ્તરના નિર્ણયો લેવાની ક્ષમતાને ગણીએ તો, તેનો અર્થ છે કે પ્રશ્નાર્થ વાળી વ્યક્તિ નિપુણ હોવી જ જોઈએ. નિપુણ હોવા માટે, તેણે કામ માટેની જાણકારી ધરાવનાર અને કુનેહવાળાં હોવું જોઈએ.

અહીં કટોકટીભર્યું એ છે કે વ્યવસ્થાપન પાસે દીર્ઘદૃષ્ટિ હોય છે અને ભવિષ્ય પર તેમની નજર હોય છે. જેઓ એક તબક્કે તેમની કારકીર્દિમાં સક્ષમ દેખાતા હોય, તેમનું તેમણે કંપનીનાં ભવિષ્યમાં કેટલો ફાળો આપ્યો છે તે દૃષ્ટિબિંદુથી મુલ્યાંકન કરવું જોઈએ.

છ માસ અથવા એક વર્ષનાં સમયનાં ચોકઠામાં લોકો કેવાં પરિણામો આપે છે તે તપાસો. તેમાંના થોડાક એવા હશે જેઓ પોતાનો હોદ્દો જાળવી રાખવા પૂરતું કામ કરતા હશે. તેઓ પોતાના પછી આવનાર લોકો વિશે વિચારતા નથી. તેઓ માત્ર પોતાની મુદ્દતના સમયગાળા માટે પરિણામ મેળવવા ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરે છે. એ હકીકત છે કે લોકોનું તેમના દેખાવ મુજબ મુલ્યાંકન કરવામાં આવે છે, અને જ્યાં સુધી તેઓ હોદ્દા પર હોય અને પરિણામો મેળવી શક્યા હોય, તો તેઓ પગાર વધારો અને છેવટે બઢતી મેળવી શકશે. તમને એવું લાગી શકે કે આ પ્રકારની આકારણીમાં કશુંક ખોટું છે અને તમે સાચા હશો.

એવા લોકો હોય છે જેઓ પોતાની કાર્યપધ્ધતિને કારણે ભવિષ્યમાં કંપની માટે સમસ્યાનું કારણ બની શકે તે ધ્યાનમાં લેતા નથી. જ્યાં સુધી તેઓ હોદ્દા પર હોય તે મુદ્દત દરમ્યાન આમ ન બને તેનાથી તેઓ સંતુષ્ટ છે. આવા પ્રકારના લોકો તેમના ગ્રાહકોને, જ્યાં સુધી તેઓ નફો રળી શકવા માટે સક્ષમ હોય ત્યાં સુધી, ભવિષ્યમાં કોઈક પ્રકારના વળતરની ચૂકવણીનું વચન આપે છે. જો તે એક-બે વર્ષ માટે નફો દેખાડી શકે તેમ હોય તો તે ભવિષ્યને અવગણવામાં ખૂશ છે. એક વખત આવી વ્યક્તિ તેના પછીના હોદ્દા પર ચાલી જાય, પછી તેની જગ્યાએ આવનાર માટે તેણે તેની દીર્ઘદૃષ્ટિના અભાવે ઉભી કરેલ અસંખ્ય સમસ્યાઓ સાથે કામ પાર પાડવાનું આવે છે. લોકોની આવા પ્રકારની શ્રેણીમાં હોવાનું ટાળો. એવાં ક્ષેત્રોમાં અખંડિતતા ઘડવી મહત્ત્વની છે, જે તમારા અંગત દેખાવ સાથે સીધી રીતે જોડાયેલ ન હોય. જો તમે જે કામ કરો છો તેમાંથી ૬૦ થી ૭૦ ટકા તમારા દેખાવમાં સીધો ફાળો આપે છે, તો તે પૂરતું છે. બાકીના ભાગે તમારા પછી આવનારની મદદ માટે કામ કરવું જોઈએ અથવા કંપનીના વિકાસ માટે સેવા આપવી જોઈએ. આ વાત બધો વખત મગજમાં રાખો.

જે લોકો મેનેજરના હોદ્દાઓ પર છે તેમની નિપુણતાને ધ્યાનમાં લેવા માટે બીજો મુદ્દો છે તેમની બીજા લોકોને શીખવવાની ક્ષમતા. જ્યારે એક વ્યક્તિની વ્યવસ્થાપન વિશેની આવડતોનું મુલ્યાંકન કરાય છે ત્યારે તેની એક શિક્ષક તરીકેની સહજ ક્ષમતા ઘણીવાર અવગણાય છે. તે ઉપરાંત, પ્રતિભાવાન લોકો ઘણીવાર બીજાને એક તરફ ધકેલીને તેમની પોતાની કારકીર્દિને આગળ ધપાવવા પર એકાગ્ર થવાની વૃત્તિ ધરાવતા હોય છે. જ્યારે જે લોકોમાં બીજાને શીખવવાની બક્ષિસ પડેલી હોય છે તેઓ નોકરીમાં સ્થગિત થઈ જાય છે અને નિષ્ફળ લોકોની સૂચિમાં આવે છે. જો કોર્પોરેશનોનો ઉપયોગ ચારિત્ર્ય ઘડતર માટેનાં તાલીમ મેદાન તરીકે કરવામાં આવે તો વ્યવસ્થાપન ક્ષેત્રમાં "અધ્યાપક"નાં પાસાંને ઉજાગર કરવું જરૂરી છે.

ચાલો, મેનેજરના સ્તરે એક શિક્ષક માટે જરૂરી શરતો જોઈએ. સ્વાભાવિક રીતે, હાથ નીચેનાઓને શીખવવા માટે થોડી જાણકારી અને તજજ્ઞતાની સૌ પ્રથમ જરૂર હોય છે. બીજી શરત છે માનવ સ્વભાવની સારી સમજણ. આ જ્ઞાન વગર, તેઓ દરેક વ્યક્તિમાં રહેલું શ્રેષ્ઠ બહાર લાવવા અસક્ષમ હશે. આમ, જેઓ મેનેજર કક્ષાનો હોદ્દો લેવાનું ધ્યેય રાખતા હોય તેમણે માનવ સ્વભાવનો અભ્યાસ કરવો અને તેમના અનુભવો માટેની સંભાવના વિકસાવવાની જરૂર છે. આવનારા યુગમાં બીજા લોકોને શીખવી શકવાની કુનેહ માટેની માંગ વધવાની છે.

ત્રીજી જરૂરીયાત એ છે કે વ્યવસ્થાપકો તેમના હાથ નીચેના લોકોના દેખાવનું યોગ્ય રીતે મુલ્યાંકન કરનાર તરીકે સક્ષમ હોવા જોઈએ. આ આવશ્યક છે કારણ કે તે તેના હાથ નીચેના માણસોની આર્થિક ખૂશીની ચાવી ધરાવે છે. તેણે પોતાની જાતે સાચી રીતે અને ઈશ્વરના ઈરાદાઓ સાથે રહીને વર્તન કરવું જોઈએ અને બીજા લોકો સાથે પૂર્વગ્રહરહિત

થઈને વાતચિત કરવી જોઈએ. તેના અંગત ગમા અને અણગમાઓનો રંગ તેના નિર્ણયો-ચૂકાદાઓમાં ચડવો જોઈએ નહીં.

માત્ર શાળાનાં શિક્ષણ અને સામાજિક અનુભવો દ્વારા આ નિષ્પક્ષપાતપણાંની ભાવના વિકસાવવી અશક્ય છે. બીજા તરફ સાચા અર્થમાં ન્યાયી થવા માટે, તમારે સ્વર્ગનાં ઉચ્ચ પરિમાણોમાંથી આવે છે તે આધ્યાત્મિક બોધપાઠોના અભ્યાસ વડે "યોગ્ય મન" ઈચ્છવું જરૂરી છે. નમ્ર બનો, દૈવી શક્તિ તરફ માન અને ભક્તિ દર્શાવો. નિર્ણયો લેતી વખતે માત્ર તમારી કાલ્પનિક દૃષ્ટિ પર જ આધાર ન રાખો. જો તમે બીજા લોકોની ખૂશી પર પ્રભાવ પાડવાની સ્થિતિમાં હોવ તો તમારી ફરજ પવિત્ર કાર્ય ગણીને બજાવો.

સર્વોચ્ચ વ્યવસ્થાપક બનવા માટેની આવશ્યક શરતો

આગળના વિભાગમાં આપણે એક કોર્પોરેટ વાતાવરણમાં મેનેજર બનવા માટે શેની જરૂર છે તે ચર્ચા કરી. હવે હું કોર્પોરેટ વ્યવસ્થાપકો અને પોતાનો વ્યવસાય શરૂ કરે છે તેવા લોકો માટેની આવશ્યકતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીશ.

હું માનું છું કે જે એક કોર્પોરેટ વ્યવસ્થાપક બનવા માગે છે તેમને માટે ત્રણ શરતો છે. પ્રથમ એ છે કે તેમનામાં સમતોલનની સારી ભાવના હોવી જોઈએ. એટલે કે જ્યારે આવક અને જાવકની વાત આવે ત્યારે નાણાકીય બાબતોમાં સમતોલનની બુધ્ધિ તેમજ કર્મચારીઓને હોદ્દાઓ સોંપવામાં સમતોલન. આ યોગ્ય કાર્ય માટે યોગ્ય વ્યક્તિની નિમણૂંક કરવાની ક્ષમતા છે. જ્યારે યોગ્ય કાર્ય માટે યોગ્ય વ્યક્તિઓને લેવામાં આવે છે ત્યારે તેમની શક્તિઓને સંપૂર્ણ હદ સુધી વિકસાવી શકાય છે. પરંતુ જો તેમની પાસે એવું કંઈક કરાવવામાં આવે જેને માટે તેમને કોઈ અભિરુચી નથી. તો તેઓ પોતાની ક્ષમતાઓનો જરાપણ ઉપયોગ કરી શકશે નહીં. જો આખા કર્મચારી વર્ગને તેમને યોગ્ય હોય તેવું કામ સોંપવામાં આવે તો સમગ્ર તરીકે કંપનીનો દેખાવ સુધરશે. આ સમતોલનની સૂક્ષ્મ ભાવના પર આધારિત, એક સમગ્ર તરફ જોવાની રીત છે.

એક સર્વોચ્ચ વ્યવસ્થાપક બનવા માટેની બીજી મહત્ત્વની શરત એ છે કે તેનામાં ભવિષ્યને જોઈ શકવાની દૃષ્ટિ હોવી જોઈએ. તે આવતા એક, પાંચ કે દસ વર્ષોમાં શું થશે તે જોઈ શકવો જોઈએ. આ વ્યક્તિની પોતાની કંપનીનાં ભવિષ્ય વિશે વિચારવા માટેના માર્ગની બાબત છે, પરંતુ એક સમગ્ર તરીકે વ્યાપાર વાતાવરણ અને તેની અંદર રહીને કેવી રીતે સમૃધ્ધ થવું તે ધ્યાનમાં લેવું જરૂરી છે.

એક ઉચ્ચ વ્યવસ્થાપક ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનમાં જોઈ શકે તેવો હોવો જોઈએ. ભૂતકાળ પર એક નજર એટલે. તેનામાં કંપની સ્થપાઈ તે સમયનાં વર્ષો સુધી પાછળ જોઈ શકવાની દૃષ્ટિ છે. કેટલીક વખત તે દૃષ્ટિ દ્વારા વર્તમાનને ફરી મૂલવવો જરૂરી હોય છે; તમારી કંપનીની સ્થિતિ અને તમારા વ્યવસાયના ઘટકોની ફેરમુલવણી. તે જ સમયે, ભવિષ્યની દૃષ્ટિએ કંપની તરફ જોવાની અને તમારા વ્યાપારનું શું થશે તે પૂછવાનું પણ મહત્ત્વનું છે. તમારે કેટલા કર્મચારીઓને કામ પર લેવા પડશે, કેટલી મૂડી જોશે, અને એક કંપનીનો સમાવેશ કરવા માટે કેટલી જગ્યા જોઈએ તે પૂછો. બધાં જ પાસાંઓને ધ્યાનમાં લો.

એક ઉચ્ચ વ્યવસ્થાપક આ રીતે ભૂત, વર્તમાન અને ભવિષ્યને અતિક્રમી શકે તેવો હોવો જોઈએ. આ પોતાની જાતથી અલગ થઈને અને પોતાની જાતને તટસ્થપણે જોઈ શકવાથી મેળવી શકાય છે. આ એવી પ્રતિભા છે જે તમારે મેળવવી જરૂરી છે. આકાશમાંથી નીચે જોતા હો તેવી રીતે અથવા બીજા લોકોની આંખે જોતા હો તેવી રીતે, તમારી શારીરિક આંખોની દૃષ્ટિને પાર જોવું. જો તમે તમારા ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળની આ રીતે તટસ્થ દૃષ્ટિ મેળવી શકો તો તમે ઝડપથી ભૂત, વર્તમાન અને ભવિષ્યને અતિક્રમવાની આવડત વિકસાવશો. તમારી આત્મલક્ષી દૃષ્ટિ વડે ઉન્મત્ત ન બનો. તેને બદલે, તમારા પોતાના તરફ અને તમારાં વાતાવરણ તરફ તટસ્થપણે જોવો.

કોર્પોરેટ વ્યવસ્થાપક બનવા માટેની ત્રીજી શરત છે દુનિયાની સેવામાં હોવાની સતત ઉત્કંઠા ધરાવવી. જો તમે માત્ર કંપનીના નફા અથવા અંગત પ્રાપ્તિ પર ધ્યાન કેન્દ્રિત કરશો તો તમે માત્ર ટૂંકા-ગાળા પ્રકારની સફળતા મેળવશો. લાંબાગાળે આવી વ્યક્તિ છેવટે ઠોકરખાશે અને પડશે. તમે સમાજને કેવી રીતે કંઈક પાછું વાળી શકો તે ધ્યાનમાં લઈને આને ટાળો. માત્ર આ વલણ સાથે તમારે એક કંપનીના વ્યવસ્થાપક તરીકે અથવા કોઈપણ ટોચનો હોદ્દો લેવો જોઈએ. હંમેશાં સમાજના ફાયદાની દૃષ્ટિથી વસ્તુઓને જોવાનું યાદ રાખો.

જો એક કોર્પોરેટ વ્યવસ્થાપક બનવા માટેની બીજી શરત "જે સમયની આરપાર જોઈ શકે તેવી આંખો" ધરાવતી તેવો હોય તો, ત્રીજી શરત "અવકાશની આરપાર જોઈ શકે તેવી આંખો" હોવી તે છે. તમારી કંપની તરફ તમારા ચોક્કસ ઉદ્યોગ, સમાજ અથવા દેશ અથવા સમગ્ર તરીકે દુનિયાની અંદરના સંદર્ભની અંદર જોવો.

મેળવેલો પ્રેમ પાછો આપવો

જેઓ સમાજમાં ચોક્કસ જવાબદારી ધરાવે છે તેમણે વસ્તુઓ પર એ દૃષ્ટિએ ધ્યાન આપવાની જરૂર છે કે તેઓ સમાજને કેટલું પાછું આપી શકે છે. મૂળભુત રીતે આ પ્રેમ પાછો આપવાનું કાર્ય છે અને તે સમાજમાં પ્રેમને કેવી રીતે ફરતો રાખવો તે વિશેનો વિચાર છે.

મેં કહ્યું છે કે કૃતજ્ઞતા મહત્ત્વની છે. જ્યારે તમે દુનિયામાં બહાર નીકળો, ત્યારે તમે માત્ર તમારી ક્ષમતાઓ દ્વારા જ એક વ્યવસાય શરૂ કરી ન શકો અથવા ઉચ્ચ હોદ્દો મેળવી ન શકો. તમે અત્યારે જે છો તે વ્યક્તિ માત્ર અસંખ્ય લોકોના ટેકા અને સહયોગ દ્વારા જ બની શકો. જો તમે અસંખ્ય બીજા લોકો પાસેથી તમને સફળ થવામાં મદદરૂપ થવા માટે પ્રેમ મેળવ્યો હોય, તો ચોક્કસપણે તમારે તમે મેળવ્યો છે તે પ્રેમ પાછો આપવો જોઈએ. આ કારણસર, તમારો ક્રમ જેટલો ઉંચો અને હોદ્દો જેટલો વધારે મહત્ત્વનો, તેટલું વધારે નિઃશ્ચયાત્મક રીતે તમારે પૂષ્કળ પ્રેમ કેવી રીતે પાછો વાળવો તે વિચારવું જોઈએ. જે લોકો આ પ્રકારની વિચારસરણી ધરાવે છે તે એવા લોકો છે જે સફળતા પ્રાપ્ત કરે છે.

“પ્રેમનો અવતાર” બનો

મેં પ્રેમ પાછો આપવાનાં મહત્ત્વ વિશે કહ્યું છે. આને બીજી રીતે મૂકવા માટે, તમારે એ પ્રેમને વિકસાવવાની જરૂર છે, જે તમારી અંદર વસે છે. મારાં પુસ્તક “લોઝ ઓફ સન”માં મેં સમજાવ્યું છે કે પ્રેમનો વિકાસ ચાર તબક્કામાં થાય છે: પાયાનો પ્રેમ, આધ્યાત્મિક રીતે માવજત કરતો પ્રેમ, માફી આપતો પ્રેમ અને પ્રેમ અવતાર. મેં એ પણ કહ્યું છે કે આ ચાર પ્રકારના પ્રેમ વ્યક્તિનો આધ્યાત્મિક વિકાસ માપવાનાં બેરોમીટર તરીકે કાર્ય કરે છે.

મેં ઉલ્લેખ કર્યો છે તે પ્રથમ તબક્કો પાયાનો પ્રેમ, એ સહજ પ્રેમ કરતાં એક પગથીયું ઉંચો છે. સહજ પ્રેમને ઘણી વાર એવા પ્રેમ તરીકે વર્ણવાય છે, જે લે છે. પાયાનો પ્રેમ એ એવો પ્રેમ છે, જે આપે છે. આપવાની ઈચ્છાએ મનની વધુ વિકસિત અવસ્થા દર્શાવે છે. આ “જે આપે છે તે પ્રેમ” વધુ આગળ વધે છે ત્યારે તે આધ્યાત્મિક રીતે માવજત કરતા પ્રેમમાં વિકસે છે. આ નેતાઓનો પ્રેમ છે, જે શક્ય તેટલા વધુ લોકોની માવજત કરવાનું, તંત્રની અને સમગ્ર સમાજની માવજત કરવાનું ધ્યેય રાખે છે.

તે આગળ માફી આપતા પ્રેમમમાં તબદીલ થાય છે જે એક ધાર્મિક દૃષ્ટિ રચે છે. માફી આપતો પ્રેમ એ વૈશ્વિક પરમાર્થનું સ્વરૂપ છે. તે ભેદભાવ વગરનો પ્રેમ છે: એક એવી અવસ્થા, જે લોકોને પોતાની સાથે કરે તેવું જ વર્તન બીજા સાથે વર્તન કરવા તરફ દોરી જાય છે અને માને છે કે દરેક જણનું ઉદ્ગમ એક જ છે. તે આપણને દરેક જણને મિત્ર તરીકે વિચારવા દે છે. માફી આપતો પ્રેમ એ એવી અવસ્થા છે, જે લોકોને સારા અથવા દુષ્ટની ઉપસ્થિતિથી આગળ જવા દે છે અને લોકોને તેઓ ખરેખર જે છે તેવા જ જોવા દે છે.

માફી આપતા પ્રેમ કરતાં ઉપરનો તબક્કો છે પ્રેમનો અવતાર બનવું. આ એ વ્યક્તિનો પ્રેમ છે, જે યુગના આત્માનું પ્રતિનિધિત્વ કરે છે. તેમનું પૃથ્વી પરનું અસ્તિત્ત્વ જ તેમનો યુગ માટેનો પ્રેમ છે. આ એટલા માટે નથી કારણ કે તેમણે બીજા લોકો માટે કંઈક કર્યું છે અથવા કે તેમણે પ્રેમ આપ્યો છે; તેઓ એવી અવસ્થાએ પહોંચ્યા છે જેમાં માત્ર તેમના સમયમાં જીવતા રહેવું તેજ પ્રેમનું સ્વરૂપ બની જાય છે. તેઓ પ્રેમનું મૂર્તિમંત રૂપ બની ગયા છે.

નાનાપાયે, બધા માટે “પ્રેમ નો અવતાર” બનવાનું શક્ય છે. આપણે બધા જ એક નાનાં જુથમાં, એક સમાજમાં અથવા આપણા પોતાનાં ઘરની અંદર પ્રેમનો અવતાર બની શકીએ છીએ. જ્યારે લોકો તમને કહે કે, “તમે મારે માટે અહીં છો તેનાથી હું ખરેખર ખૂશ છું.”

“તમારા વગર મારું શું થાત?” “મને આનંદ છે કે હું તમને મળ્યો.” ઈશ્વરનો આભાર કે હું તમારી સાથે મારું જીવન જીવી શક્યો.” અથવા “તમારી સાથે કામ કરવા માટે હું નસીબદાર છું” ત્યારે તમે નાના પાયે પ્રેમનો અવતાર બની શક્યા છો. તમે ત્યાં સુધી તમારા પ્રેમને વિકસિત કરો જ્યાં સુધી તમે આ પ્રેમના અવતારને મૂર્તિમંત ન કરો, તેવું હું ઈચ્છીશ.

સફળતાની આધુનિક ફીલોસોફી ને પ્રેમના ક્રમિક વિકાસ વડે સાથ મળવો જોઈએ. સફળતાની આધુનિક ફીલોસોફીનું અંતિમ ધ્યેય પ્રેમનો અવતાર બનવાનું હોવું જોઈએ. જ્યાં સુધી તમે આ તબક્કાને ન પહોંચો, તમે સાચી સફળતા મેળવ્યાનો દાવો કરી ન શકો. આ કારણસર હું હવે એ લોકો માટે સફળતાના માર્ગનો ઉપદેશ આપી રહ્યો છું, જેમણે ઉંડો અને ગહન પ્રેમ વિકસાવ્યો છે.

હકીકતમાં, આ દુનિયામાં પ્રાપ્ત કરેલ કોઈપણ પદ કે માન, પ્રેમ વગર, નકામાં છે. એક સરસ ઉક્તિ છેઃ જે વ્યક્તિ કોઈને ચાહતી નથી તે ઈશ્વરને જાણતી નથી, કારણ કે ઈશ્વર જ પ્રેમ છે (જોહન૧૪:૮) આ સફળતા માટે પણ સાચું જ છે. પ્રેમ વગર દુનિયાના સાચા અર્થમાં કોઈ સફળતા નથી. સાચી રીતે સફળ થવા માટે, તમે જ્યાં સુધી પ્રેમનો અવતાર ન બની જાવ ત્યાં સુધી પ્રેમમાં વિકસવાનો પ્રયાસ કરો. સફળતાની આધુનિક ફીલોસોફી તમારો પ્રેમ વિકસાવવો અને પ્રેમના અવતારની અવસ્થાએ પહોંચવું તે છે.

સમાપન

ક્યારેય એવું પુસ્તક નથી આવ્યું જે આના જેટલો પ્રકાશ ફેલાવે. બીજું કોઈ પણ પુસ્તક ક્યારેય આટલી બધી હિંમત અથવા આશા ભરેલું નથી અથવા તો જેઓ નિષ્ફળતા, હતાશા અથવા લઘુતાગ્રંથીથી પીડાય છે તેમને આટલું પ્રોત્સાહન નથી આપતું.

આ પુસ્તક લોકોને માર્ગદર્શક પ્રકાશ આપે છે: એ બધાને જેઓ પરીક્ષાઓમાં નિષ્ફળ ગયા છે, જેમણે હૃદયભંગની પીડા વેઠી છે, જેમણે પોતાની નોકરી ગુમાવી છે, જેઓ ગંભીર બીમારીથી પીડાય છે, જેમણે પરિવારની અંદર વિચ્છેદનો અનુભવ કર્યો છે, જેઓ સંબંધોમાં નિષ્ફળ ગયા છે અને જેમને વૃધ્ધાવસ્થા વિશે ચિંતા છે.

આ પુસ્તકમાં વિશ્વાસ રાખો અને તમારી ભવિષ્ય માટેની આશા સાચી પડશે. યાતનાઓ તથા દુઃખના સમયે, જેવી રીતે નાવિકો દીવાદાંડી તરફ જોવે છે તેવી રીતે આ પુસ્તક તરફ જોવો. આ પુસ્તકના ચમત્કારને માનો. દરરોજ આ પુસ્તકને થોડું થોડું વાંચો અને તમે જીવન માટે જરૂરી હિંમત અને માવજત મેળવશો. તમારા પરિવારમાં કોઈ બીમાર હોય, અથવા તમે પોતે બીમાર હો અને હોસ્પીટલમાં પડ્યા હો, તો જ્યારે તમે આ પુસ્તકનાં પાનાં ફેરવશો ત્યારે બીમારી ઠીક થઈ જશે. આ પુસ્તક તમને આનંદ અને ખુશી લાવશે અને તમારાં ઘરને અજવાળશે.

રયુહો ઓકાવા

સ્થાપક અને CEO

હેપ્પી સાયન્સ ગ્રુપ.

લેખક વિશે

ગુરુ રયુહો ઓકાવા, હેપી સાયન્સના સ્થાપક અને દુનિયાના આધ્યાત્મિક નેતાએ તેમનું મોટાભાગનું જીવન સત્યની શોધમાં અને આખી દુનિયાના લોકો માટે સાચી ખૂશી લાવવાના માર્ગો શોધવામાં સમર્પિત કર્યું છે. તેમણે ૧૮૦૦ કરતાં વધુ વ્યાખ્યાનો આપ્યાં છે અને તેમનાં માર્ગદર્શન હેઠળ “હેપ્પી સાયન્સ” તેની ૧૯૮૬માં સ્થાપના થયા પછી, માનવજાતની ખુશી માટેની આધ્યાત્મિક ચળવળ વધારી રહી છે. ટોક્યો યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા પછી તેઓ એક ટોક્યો સ્થિત વેપારી પેઢીમાં જોડાયા. તેનાં ન્યૂયોર્કનાં મુખ્ય મથકમાં કામ કરતી વખતે તેમણે ન્યુયોર્કની સીટી યુનિવર્સિટીનાં સ્નાતક કેન્દ્રમાં નાણાશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ૧૯૮૬માં તેમણે “હેપ્પી સાયન્સ”ની સ્થાપના કરવા માટે તેમની વ્યાપાર કારકિર્દી જતી કરી, જેના હવે ૯૦ કરતાં વધારે દશોમાં ૧૨૦ લાખ સભ્યો છે. ગુરુ ઓકાવા ૧૦૦૦ કરતાં વધુ પુસ્તકોના લેખક છે. ૨૦૧૦માં તેમણે ૫૨ પુસ્તકો પ્રકાશિત કરીને “એક વર્ષમાં એક વ્યક્તિ વડે લખાયેલ સૌથી વધારે પુસ્તકો”નો ગીનેસનો વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યો છે. જાપાનમાં, ગુરુ ઓકાવાના દર વર્ષે બહાર પડતાં નવાં પુસ્તકોએ એકધારા ૨૧ વર્ષ સુધી શ્રેષ્ઠ વેંચાણની સૂચિમાં સ્થાન જાળવી રાખ્યું છે. તેમનાં પુસ્તકોનો ૨૫ ભાષાઓમાં અનુવાદ થયો છે.

હેપ્પી સાયન્સ વિશે

૧૯૮૬માં ગુરુ રયુહો ઓકાવાએ "હેપ્પી સાયન્સ"ની સ્થાપના કરી. તે એક આધ્યાત્મિક ચળવળ છે, જે વંશ, ધર્મ અને સંસ્કૃતિના અવરોધો પાર કરીને માનવજાત માટે વધુ મહાન ખૂશી લાવવા માટે સમર્પિત છે અને જે શાંતિ અને સંવાદિતાની આદર્શ સંગઠિત દુનિયા તરફ કાર્ય કરે છે. તેમના અનુયાયીઓ, જેઓ ગુરુ ઓકાવાના સુશિક્ષિત દક્ષતાના શબ્દો વડે જીવે છે, તેમના ટેકા વડે, હેપ્પી સાયન્સ તેની જાપાનમાં થયેલી શરૂઆત પછી ઝડપથી વૃધ્ધિ પામી છે અને હવે આખી દુનિયામાં વિસ્તરી છે. આજે, ન્યુયોર્ક, નોસ એન્જલસ, સાન ફ્રાન્સીસ્કો, ટોક્યો, લંડન, સીડની, સાઓ પાઉલો અને સીઓલ સહિતનાં મોટાં શહેરોમાંના શ્રધ્ધા કેન્દ્રો સાથે, તેના આખા વિશ્વામાં ૧૦૦ લાખ કરતાં વધારે સભ્યો છે.

ગુરુ ઓકાવા હેપ્પી સાયન્સ કેન્દ્રોમાં અઠવાડીક વાર્તાલાપ આપે છે અને જાહેર વ્યાખ્યાનો આપતા આખી દુનિયામાં પ્રવાસ કરે છે. હેપ્પી સાયન્સ જરૂરીયાતવાળા લોકો અને સ્થાનિક સમુદાયોને ટેકો આપવા માટે વિવિધ કાર્યક્રમો અને સેવાઓ પૂરાં પાડે છે. તેમાં બાળમંદિરો, યુવાનો માટે શાળા પછીના શૈક્ષણિક કાર્યક્રમો અને વરિષ્ઠ નાગરિકો તેમજ અપંગો માટે સેવાઓનો સમાવેશ થાય છે. સભ્યો સામાજિક અને દાનની પ્રવૃત્તિઓમાં પણ ભાગ લે છે, જેમાં ભૂતકાળમાં ચીલી અને ચીનમાં ભૂકંપનો ભોગ બનેલાઓ માટે રાહત પૂરી પાડવી, ભારતમાં દાન શાળાઓ માટે ભંડોળ ઉભું કરવું અને યુગાન્ડામાં હોસ્પીટલોમાં મચ્છરદાનીઓ દાન કરવાનો સમાવેશ થાય છે.

કાર્યક્રમો અને પ્રસંગો

હેપ્પી સાયન્સ શ્રધ્ધા કેન્દ્રો નિયમિત પ્રસંગો, કાર્યક્રમો અને સેમીનારો કરે છે. અમારી ચિંતન બેઠકો, દશ્ય વ્યાખ્યાનો, અભ્યાસ જૂથો, સેમીનારો અને પુસ્તકના પ્રસંગોમાં જોડાવ. અમારા કાર્યક્રમો તમને આ રીતે મદદ કરશે:

- જીવનના અર્થો તથા હેતુઓ વિશેની સમજણ વધુ ઉંડી બનાવશે.
- બીનશરતી પ્રેમ કેવી રીતે કરશો તે તમે શીખશો તેથી તમારા સંબંધો સુધારશે.
- તણાવભર્યા દિવસોમાં પણ તમારાં મનને કેવી રીતે સ્વસ્થ બનાવવું તે ચિંતન અને ધ્યાન મગ્ન સ્થિતિના અભ્યાસ દ્વારા શીખો.

- જીવનના પડકારોને કેવી રીતે જીતવા... અને બીજું ઘણું વધારે... શીખો.

આંતર રાષ્ટ્રીય ચર્ચાસભા..

દર વર્ષે, જાપાનમાંના અમારાં શ્રદ્ધા કેન્દ્રમાં થતી અમારી આંતરરાષ્ટ્રીય ચર્ચા સભાઓમાં આખી દુનિયામાંથી મિત્રો જોડાય છે. દર વર્ષે વિવિધ કાર્યક્રમો અપાય છે અને સંબંધો, સુધારવા અષ્ટગુણ માર્ગનો અભ્યાસ અને તમારી જાતને પ્રેમ કરવો, જેવા સહિતના વિશાળ વિવિધતા ધરાવતા મુદ્દાઓ આવરી લેવાયછે.

હેપ્પી સાયન્સ માસિક

હેપ્પી સાયન્સ માસિક નામની અમારી માસિક પુસ્તિકામાં ગુરુ ઓકાવાનાં છેલ્લામાં છેલ્લા વ્યાખ્યાનો વાંચો. તમને સભ્યોના જીવન બદલી નાખતાં અનુભવોની વાતો; આખી દુનિયાના હેપ્પી સાયન્સના સભ્યો તરફથી સમાચારો; અને હેપ્પી સાયન્સ પીક્ચરો, પુસ્તક સમીક્ષા અને બીજું ઘણું બધું જોવા મળશે.

આ માસિક અંગ્રેજી, પોર્ટુગીઝ, સ્પેનીશ, ફ્રેન્ચ, જર્મન, ચાઈનીઝ, કોરીયન અને બીજી ભાષાઓમાં પ્રાપ્ય છે. પાછલી નકલો પણ વિનંતી કરવાથી પ્રાપ્ય છે. તમારી નજીકના હેપ્પી સાયન્સ સ્થળે સંપર્ક કરીને લવાજમ ભરો.

સંપર્ક માટે માહિતી

હેપ્પી સાયન્સ એ એક આખી દુનિયામાં ફેલાયેલી સંસ્થા છે. જેનાં આખા વિશ્વમાં શ્રધ્ધા કેન્દ્રો છે. કેન્દ્રોની વિસ્તૃત સૂચિ માટે www.happy.science.org/en/contact-us ની મુલાકાત લો.

હેપ્પી સાયન્સનાં ઘણા સ્થળોમાંથી થોડાં નીચે મુજબ છે:

આંતરરાષ્ટ્રીય વડું મથક:
ટોક્યો

૧-૬-૭ તોગોશી, શીનાગાવા, ટોક્યો ૧૪૨-૦૦૪૧, જાપાન
ટેલી નં. ૮૧-૩-૬૩૮૪-૫૭૭૦ ફેક્સ: ૮૧-૩-૬૩૮૪-૫૭૭૬
ઈમેઈલ: tokyo@happy-science.org
વેબસાઈટ: www.happy-science.org

ભારત:
દિલ્હી

ઈમેઈલ: newdilhi@happy.science.org

મુંબઈ

ઈમેઈલ: mumbai@happy.science.org

ઔરંગાબાદ

ઈમેઈલ: aurangabad@happy.science.org

તામીલનાડુ

ઈમેઈલ: tamilnadu@happy.science.org

કોલકત્તા

ઈમેઈલ: kolkata@happy.science.org

બોધ ગયા

ઈમેઈલ: bodhgaya@happy.science.org

શ્રીલંકા
કોલંબો

૧૪૯, “ફ્રેઈટ હાઉસ”, યુનિયન પ્લેસ, કોલંબો-૨.
ટેલી.-૦૪-૧૧૨-૩૦૦૪૬૪ અથવા ૯૪-૭૧-૧૫૪૪૫૩૬
ઈમેઈલ: srilanka@happy.science.org

નેપાળઃ
કાઠમંડુ

કાઠમંડુ મેટ્રોપોલીટન સીટી, વોર્ડ નં.૯, બત્તીસ્પુતાલી, ગૌશાળા, સૂર્ય વિક્રમ જીનવાલી માર્ગ, ઘર નં.૧૯૪૧.
કાઠમંડુ, નેપાળ
ટેલી./ફેક્સ: ૯૭-૭૦-૧૪૪૭-૧૫૦૬
ઈમેઈલ: nepal@happy.science.org

સફળતાના નિયમો

હેપ્પી સાયન્સમાં જોડાવ

જે કોઈ પણ ગુરુ ઓકાવાના ઉપદેશોનો અભ્યાસ કરવા માંગતા હોય તથા તેને અનુસરવા માંગતા હોય તેઓ એક સભ્ય તરીકે હેપ્પી સાયન્સમાં જોડાઈ શકે છે. હેતુ સાચા અર્થમાં ખૂશ થવાનો ખૂશ થવાનો અને તે ખૂશીને બીજાઓ સાથે વહેંચવાનો છે.

એક સભ્ય થવા પર, તમે એક પ્રાર્થના પુસ્તિકા અને ઈ-ન્યુઝ, લેટર્સનાં સામયિકો મેળવશો, જેમાં ગુરુ ઓકાવાના છેલ્લામાં છેલ્લા ઉપદેશોનો સમાવેશ હોય છે.

પ્રાર્થના પુસ્તિકામાં ત્રણ શક્તિશાળી પ્રાર્થનાઓ ધરાવે છે. દરરોજ આ પ્રાર્થનાઓ બોલવાથી તમે તમારા દિવ્ય સ્વભાવને કેળવી શકો, પ્રેરણા મેળવી શકો અને આધ્યાત્મિક રીતે સુરક્ષિત થઈ શકો છો.

તમારું નામ, સરનામું, ઈ-મેઈલ, ટેલીફોન નંબર સહિતની બધીજ માહિતીઓ ઈ-મેઈલ, ફોન અથવા તમારી વેબસાઈટની મુલાકાત દ્વારા મોકલી આપો. તમે જરૂરી માહિતી અને અરજી પત્રક મેળવશો.

વેબસાઈટ: http://www.happyscience-india.org
ઈમેઈલ: indiamember@happy-science.org
ફોન નં. ૦૨૨-૩૦૫૦૦૩૧૪